


શ્રી લોઢણ પાર્શ્વનાથ જિનાલય—ડભોઈ [વડોદરા]

# કલ્યાણ

—: સંપાદક :—

સોમચંદ ડી. શાહ.

વર્ષ ૧૩ :: અંક ૨ :: ચૈત્ર :: ૨૦૧૨ :: એપ્રીલ :: ૧૯૫૬

# વિષય દર્શન


| લેખ | નામ | પેજ |
|---|---|---|
| સંકુચિતતાને ત્યજી ઉદાર બનો ! | શ્રી | ૭૧ |
| સંસાર પાર પામવાનો માર્ગ | પૂ. આ. શ્રી વિજય-ભુવનતિલકસૂરિજી મ. | ૭૩ |
| આધુનિક યુવકને ! | શ્રી ધીરજલાલ એ. શાહ | ૭૬ |
| પ્રભુપૂજા પ્રશ્નોત્તરી | પૂ. પં. શ્રી ચરણવિજયજી ગણિવર | ૭૮ |
| શંકા અને સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિ-સૂરિજી મહારાજ | ૮૧ |
| મધપૂડો | જુદા જુદા લેખકો | ૮૫ |
| સાધનાપંથ | શ્રી ભવાનભાઈ પી. સંઘવી | ૯૦ |
| ઈર્ષ્યાનું પરિણામ | શ્રી હિંમતલાલ દોશી | ૯૩ |
| દ્રવ્યાનુયોગની મહત્તા | પૂ૦ પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર | ૯૪ |
| કુલવધૂ | શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી | ૧૦૦ |
| પરકાજે પ્રાણાર્પણ | શ્રી બલવંતરાય પી. મહેતા | ૧૦૬ |
| એ ધન્ય યુવાન ! | શ્રી પ્રવીણ એમ. શાહ | ૧૦૮ |
| સાનમાં શિખામણ | શ્રી કલ્યાણમિત્ર | ૧૦૯ |
| વિશ્વનાં વહેતાં વહેણો | શ્રી પ્રવાસી | ૧૧૧ |
| શાશ્વત સુખ | શ્રી એન. એમ. શાહ | ૧૧૬ |
| ભગવાન મહાવીરની પરંપરા | શ્રી અમરચંદ માવજી શાહ | ૧૧૭ |
| યોગબિન્દુ | શ્રી વિદૂર | ૧૨૦ |


## જ રૂ રી

પોષ્ટ ખાતાએ રજીસ્ટર્ડ વી. પી. ના ચાર્જમાં એપ્રીલની ૧ લી તારીખથી બે આનાનો વધારો કર્યો છે, એટલે સાત આનાને બદલે નવ આના થયા છે. નવ આના વી. પી ચાર્જ સાથે પાંચ રૂપીઆ નવ આનાનું વી. પી. છોડાવો ત્યારે ત્રણ આના મનીઓર્ડરચાર્જ આપવો પડે છે. એટલે વી. પી. છોડાવતી વખતે ૫-૧૨-૦ ભરવા પડે છે. મનીઓર્ડર કરો તો બે આનામાંજ પતી જાય. તો હવે દરેક ગ્રાહકબંધુઓએ લવાજમના રૂા. પાંચ મનીઓર્ડરથીજ મોકલી આપવા એમાંજ ફાયદો છે.

❀

જ્યારે લવાજમ પૂરું થાય છે ત્યારે દરેક ગ્રાહકબંધુઓને એક મહિના પહેલાં ખબર આપવામાં આવે છે, એમાં ઘણા ગ્રાહકબંધુઓ મનીઓર્ડર કરતા નથી. તેમજ અંક નહિ મોકલવાની સૂચના પણ કરતા નથી. જ્યારે અહીંથી વી. પી થાય છે ત્યારે પાછું ધકેલે છે, તો આથી કાર્યાલયને સવા નવ આનાનો ખોટો ખર્ચ લાગે છે, અને સમય બગડે છે.

❀

'કલ્યાણ'ના ટાઈટલ ઉપર છાપવા માટે ફોટાઓ કે બ્લોકો મોકલાવો તે સારા અને આકર્ષક હોવા જોઈએ.

શ્રી વર્ધમાન તપ માહાત્મ્ય વિશેષાંક તરીકે એપ્રીલ મહિનાનો અંક બહાર પાડવાનો હતો પણ અમુક કારણોસર જુન મહિનાનો અંક વિશેષાંકરૂપે બહાર પડશે.

રૂપીઆ પાંચના લવાજમમાં વર્ષે ૮૦૦ પાના ઉપરાંત આપીએ છીએ તો દરેક શુભેચ્છક બંધુ નવા પાંચ ગ્રાહકો બનાવી આપશે.

[ અનુસંધાન પેજ ૭૨ નું ચાલુ ]

**આ**પણાં સાધુ-સંતો, ઋષિ-મુનિઓ તથા ત્યાગી શ્રમણો ફરી ફરીને એક જ વસ્તુ બોલી રહ્યા છે; 'માનવો ! સંસારના વિશાલ મુસાફરખાનામાં તમે ઘડીક આરામ લેવા ઉભા છો, તમારે દૂર-સુદૂર અનંતના આરે પહોંચવાનું છે. માટે પ્રવાસની વચ્ચે માર્ગમાં મળતાં પ્રલોભનોમાં મમતાભાવ કે આસક્તિ ન રાખતાં નિર્મોહભાવે આગળ વધતા રહેજો ! અહિં કયાંયે તમારે ઠરી ઠામ બેસીને આસન લગાવવાનું નથી, કે કોઈ વસ્તુ પ્રત્યે મમતા રાખવાની નથી, મમતાના અંધાપાને ટાળી; સદ્વિવેકના પ્રકાશ પાછળ પાછળ પગલાં પાડજો !'

જીવનમાં ડગલે ને પગલે મોહ, મમતા તથા માયાના નશામાં પાગલ બની ભાન ભૂલી જતી આજની ભારતની પ્રજાએ આ હકીકત ભૂલવી જોઈતી નથી.

# :: વિશેષાંક જૂન મહિનામાં પ્રસિદ્ધ થશે ! ::

*

**જૈન**

સમાજમાં

સાહિત્ય, શ્રદ્ધા,

સમભાવ અને સંસ્કારના

પ્રચાર કાજે સતત, પ્રયત્નશીલ

રહેતું 'કલ્યાણ' જે કાંઈ પ્રગતિ કરી

રહ્યું છે. તે માટે અમે સર્વ કોઈ શુભે-

ચ્છકોની મમતાના આભારી છીએ !

**તારીખ** ૧૫-૬-૫૬ ના દિવસે

'કલ્યાણ' પોતાનો **'વર્ધમાન**

**તપમાહાત્મ્યવિશેષાંક'**

પ્રસિધ્ધ કરવાની યોજ-

નામાં છે. તે માટે

અમે આજથી

તૈયારીઓ

કરી રહ્યા

છીએ.

**આ** વિશેષાંકને દરેક રીતે સમૃધ્ધ કરવા અમારૂં સર્વ કોઇ શુભેચ્છકોને સાદર આમંત્રણ છે. જૈન સમાજ સમસ્તનું એક માત્ર સમૃધ્ધ સામયિક 'કલ્યાણ' આજે આપના દરેક પ્રકારના સહકારની અપેક્ષા રાખે છે. તો આશા છે કે, સર્વ કોઈ ધર્મશીલ શુભેચ્છકો 'કલ્યાણ' ના વિકાસમાં પોતાનો ફાળો નોંધાવશો !

વિશેષાંક માટે લખાણો સારા પ્રમાણમાં આવી રહ્યા છે, એટલે તે બધાં-યને પ્રસિધ્ધ કરવાની અમારી ઇચ્છા છે. આ કારણે **વિશેષાંક**-ની મુદ્દત લંબાઈ છે. **વર્ધમાન તપ માહાત્મ્ય વિશે-ષાંક** બાદ અમે **રામાયણ વિશેષાંક** તથા **મહાભારત વિશેષાંક** સેંકડો પાનાઓનો સચિત્ર અને સંગીન લેખ-સામગ્રીથી સમૃધ્ધ પ્રસિધ્ધ કરવાની યોજના કરી રહ્યા છીએ.

**શાસનદેવ** પ્રત્યે પ્રાર્થના છે કે, 'કલ્યાણ' ની પ્રગતિમાં અમને પૂરતું બલ, સામર્થ્ય અને પ્રેરણા આપો! જૂન મહિનામાં પ્રસિધ્ધ થનાર વિશેષાંક માટે તમારી કૃતિ મોકલાવી આપો.

**—: સંપાદક :—**

# વિશેષાંકના લેખકોને નમ્ર નિવેદન !

જેમાં વર્ધમાન તપની અનેક ઐતિહાસિક હકીકતો તેમજ શાસ્ત્રીય દૃષ્ટિએ વર્ધમાન તપનો મહિમા તથા તેનું સ્વરૂપ, વિધિ વિધાન, અને તેના આરાધક આત્માઓનાં પ્રભાવશાળી જીવનપ્રસંગો તથા પ્રાસંગિક ચિત્રો 'કલ્યાણ'ના વર્ધમાન તપમહિમા વિશેષાંકમાં પ્રસિધ્ધ થનાર છે. આને અંગે પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરોને તથા ધર્મશીલ બંધુઓને નમ્ર નિવેદન છે કે, 'વર્ધમાન તપના માહાત્મ્યને અંગે નીચેના વિષયોમાંથી કોઇપણ વિષય ઉપર આપશ્રી આપનો લેખ તૈયાર કરીને અમને તા. ૧૫-૫-૫૬ સુધીમાં અવશ્ય મોકલાવી આપો.'

**વિશેષાંકના વિષયો :**

(૧) શાસ્ત્રીય દૃષ્ટિએ તથા વ્યવહારૂ દૃષ્ટિએ વર્ધમાન તપની વિશિષ્ટતા.

(૨) તપની આરાધનાદ્વારા લૌકિક-લોકોત્તર લાભો.

(૩) ભૂતકાલીન તથા વર્તમાનકાલીન વર્ધમાન તપના આરાધક આત્માઓની નામાવલી, ટુંક પરિચય, પ્રેરક જીવન-પ્રસંગો.

(૪) તપની મહત્તા તથા વર્તમાનકાલે તેની વિશેષ ઉપયોગિતા.

(૫) તપની આરાધનાદ્વારા શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક લાભો. અને તપથી વિમુખ જીવનના અનર્થો.

(૬) અભ્યાસથી દુષ્કર તપ પણ શક્ય બને છે, તે વિષયનું યુક્તિ પુરસ્સર સમર્થન.

(૭) તપની મહત્તા, મંગલમયતાનું નિદર્શન કરનારા સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી પદ્યો, ભાષાંતર સાથે.

(૮) તપથી થતી શારીરિક તથા માનસિક શુદ્ધિ.

(૯) તપની આરાધનામાં પ્રેરક કથાપ્રસંગો.

(૧૦) તપની ઉપયોગિતા માટે, રસના ઇંદ્રિયના નિગ્રહ માટે, જૈનેતર ગ્રંથોનાં પ્રમાણો.

(૧૧) તપના અનેક ભેદોની જીવનમાં આવશ્યકતા માટે આયુર્વેદના ગ્રંથોનું પ્રમાણ.

(૧૨) તપના બાહ્ય તથા આભ્યંતર બાર પ્રકારોનું ટુંકમાં સરલ, મુદ્દાસરનું વર્ણન.

આ બારેય વિષયોમાંથી કોઈ પણ એક વિષયને સ્પર્શીને તૈયાર કરેલો લેખ 'કલ્યાણ'-ના વિશેષાંકમાં પ્રસિદ્ધ કરવા માટે સર્વકોઇ લેખકોને, શુભેચ્છકોને તેમજ તે તે વિષયના અભ્યાસી રસિક સજ્જનોને અમારૂં સપ્રેમ આમંત્રણ છે.

—૦=*=૦—

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

વર્ષ ૧૩
અંક ૨

એપ્રીલ
૧૯૫૬

ચૈત્ર
૨૦૧૨

# સંકુચિતતાને ત્યજી ઉદાર બનો ! શ્રી૦

ઇતર સર્વ પ્રાણીઓ કરતાં માનવને જે બુદ્ધિનો અસામાન્ય વૈભવ મલ્યો છે, તે જ હકીકત માનવની શ્રેષ્ઠતા સિધ્ધ કરવા માટે પૂરતી છે. પણ બુધ્ધિમાન ગણાતા માનવની બુધ્ધિનો સદુપયોગ અને હૃદયની વિશાલતા જેમ તેને મહાન બનાવે છે. સ્વાર્થત્યાગ કરવા પૂર્વક અન્યની ખાતર પોતાની જાતનું સમર્પણ કરવાની તેની દૂરંદેશિતા તેને જેમ શ્રેષ્ઠ સિધ્ધ કરે છે; તેમ માનવનાં હૃદયની ક્ષુદ્રતા, દૃષ્ટિની સંકુચિતતા, અને વૃત્તિની તુચ્છતા તેને વામન બનાવે છે.

આજના સંસારમાં એ સ્પષ્ટરૂપે જોઈ શકાય છે કે, માનવમનની તુચ્છતાયે દેશે-દેશમાં, પ્રાંતે-પ્રાંતે, અને અનેક સમાજ તથા કુટુંબોમાં છિન્ન-ભિન્નતા કરાવી, પરસ્પર વૈર-ઝેરની આગ પેટાવી છે. સંસારના પ્રત્યેક પદાર્થો નાશવંત છે. તુચ્છ તથા અસાર છે. કેળના થંભની જેમ દેખાવમાં સુંદર હોવા છતાં પરિણામે નિઃસત્ત્વ છે. જીવન, યૌવન, સંપત્તિ, સત્તા કે શરીર સઘળુંયે પાણીના પરપોટાની જેમ ક્ષણ પછી લય પામનાર છે; આ સ્થિતિ જાણવા છતાં માનવપ્રાણી પોતાની વિવેકશક્તિને ગૂમાવી દઈ નિર્જીવ પ્રશ્નોમાં આવેશને આધીન બની ભયંકર અનર્થોને જન્મ આપી, સ્વયં અધઃપતનની ઉંડી ખીણમાં અટવાઈ મરે છે.

છેલ્લા ત્રણ મહિનાથી દેશભરમાં ચાલતાં આંદોલનો શું બતાવી આપે છે? સમજી શકાય તેવી વાત છે કે, ભારતના કોઈપણ ખૂણે રહેતો ભારતીય પ્રજાજન પોતાને ભારતનો નાગરિક માનીને રાજ્યપુનર્રચના પંચના અહેવાલને કે તેને સ્પર્શતા પ્રત્યેક પ્રશ્નને વિચારે તો આ બધી ધમાલ, આટ-આટલો ઉગ્ર આવેશ, અને ઉદ્દંડ તોફાનો સંભવે ખરા ? પોતે કયાં છે ? કયા દેશની પ્રજા છે ? તેમજ પ્રાંતવાદ કે ભાષાવાદનાં આ ઉગ્ર આંદોલનનું પરિણામ શું ? એ હકીકત શાંત ચિત્તે સ્હમજણ-પૂર્વક હૃદય ખોલીને જો પ્રત્યેક શાણો પ્રજાજન વિચારે તો આજનાં તોફાનોના મૂલને ડામી દેતાં વાર નહિ લાગે !

માનવને એજ વિચાર આવવો જોઇએ કે, દેશ કે પ્રદેશ પ્રત્યેનો આટ-આટલો મમતાનો અંધાપો શા માટે ? કોના માટે ? માનવ જ્યારે જગતમાં જન્મ લે છે, ત્યારે તેને પોતાનાં શરીરને ઢાંકવા પૂરતું વસ્ત્ર પણ સાથે નથી હોતું. વર્ષોના વર્ષો સુધી તેને દુનિયાની કોઇ વસ્તુનું ભાન પણ હોતું નથી. જેમ જેમ સમજણ આવે છે, તેમ તેમ તેનામાં બુદ્ધિના વિકાસ સાથે દૃષ્ટિની, મનની સંકુચિતતા જન્મ લે છે. મારૂં ઘર, મારૂં કુટુંબ, મારો સમાજ એ રીતે મારાપણાનો નાદ તેના મનમાં જાગતા, છેવટે મારો પ્રાંત તથા મારો દેશ એ જાતની મમતા બંધાઈ જાય છે.

મમતાનાં બંધન બહુ જ કારમા છે, મમતામાં આંધળો થયેલો માનવ કેવલ રેતીના મહેલો ચણી, સ્વપ્નોના ભંગારમાં આનંદ માનતો કાલ્પનિક દુનિયામાં રાચતો હોય છે. શૂન્યમાં સર્વસ્વની કલ્પના કરતાં તેને કદિ વિચાર નથી આવતો કે, આ બધું શું સ્થાયી, સત્ય અને વાસ્તવિક છે કે ક્ષણવિનાશી, કાલ્પનિક તથા ઝાંઝવાનાં નીર સમું વ્યર્થ છે. દેશ, પ્રાંત, તથા કોમવાદની મમતાનો અંધાપો કેટ-કેટલા તોફાનો સર્જી રહ્યો છે, તે હકીકત આજનો ઇતિહાસ કહે છે.

હિટલરે જગત ઉપર જે યાદવાસ્થલી ઉભી કરી, તે રાષ્ટ્રવાદનું ઝનૂન જ હતું ને ? રશીયાના સરમુખત્યાર સ્ટાલીને જે પોતાની જ પ્રજા પર ત્રાસ વર્તાવ્યો તેમાં પોતાનો માનેલો રાષ્ટ્રવાદ જ હતો ને ? સામ્રાજ્યશાહીના પ્રચારકો નેપોલીયન, ઝાર, અમેરિકા, કે બ્રિટનના માંધાતાઓએ જે ક્રૂરતાભર્યાં કાર્યો કર્યાં છે, તેમાં મમતાનો, હૃદયની સંકુચિતતાનો કે ક્ષુલ્લકવૃત્તિનો જ કારમો અંધાપો હતો કે બીજું કાંઇ ?

ઇતિહાસના પાનાઓ ફરે છે, પ્રસંગો બદલાય છે, પણ ઇતિહાસ તો એનો એ જ રહે છે. ગઈ કાલ સુધી ઝીણાના કોમવાદને કે સાવરકરનાં હિંદુવાદને વખોડનારા આજે પ્રાંતવાદના પાગલ નશામાં કે રાજ્યધારાસભા કે ભારતની પાર્લામેન્ટ જેવા સાર્વજનિક સ્થાને ઉભા રહીને કેવા વાગ્યુદ્ધો ખેલી રહ્યા છે, એ સાંભળતાં દિલ ધ્રૂજી ઉઠે છે, કાયા કંપી જાય છે. દેશના હિતની કે પ્રજાકલ્યાણની લાંબી-લાંબી યોજનાઓ ઘડનારા કોંગ્રેસ-પક્ષના પીઢ, જૂના તથા કસાયેલા કાર્યકરોના હૈયામાં રહેલો આ પ્રાંતવાદનો ઉગ્ર અંધાપો દેશને ક્યાં લઈ જશે ! એ કલ્પવું કઠીન છે. હૃદયની તુચ્છતા, સ્વનાં જ કેવલ કાલ્પનિક સ્વાર્થનો અંધાપો, વૃત્તિની ક્ષુદ્રતા માનવહૃદયને કેટકેટલું હીણું, વામન તથા બાલિશ બનાવી રહ્યું છે !

શું રાષ્ટ્રવાદ કે પ્રાંતવાદ, કોમવાદ કે કુટુંબવાદ આ બધાંયે અજ્ઞાનતા, મમતા, તેમજ સ્વાર્થાંધવૃત્તિના ઉઘાડાં પ્રતીકો છે ! જ્યારે સંસાર સમસ્તના પ્રત્યેક પદાર્થો આંખો મીંચાયા પછી અદ્રશ્ય થનાર છે. જીંદગી એ પણ એક પાણીના પતાસાંની જેમ ઓગળી જનાર તુચ્છ વસ્તુ છે, તો પછી આત્માનાં અમરત્વનો સંદેશો જીવનમાં પચાવી જાણનાર ભારતની પ્રજા, પ્રાંતવાદ જેવા ઝાંઝવાના નીર પાછળ શા માટે દોટ મારતી હશે ?

[ અનુસંધાન ટાઇટલ પેઈજ ૨ જું ]

# સંસારના પારને પામવાનો માર્ગ

પૂ૦ આચાર્ય શ્રી વિજયભુવનતિલકસૂરિજી મહારાજ.

[ ગતાંકથી ચાલુ ]

વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ કેવલજ્ઞાન દ્વારા અખિલ ચરાચર વિશ્વને પ્રત્યક્ષ હાથની રેખાની જેમ જોયું અને જણાવ્યું કે, અનાદિના ચાલતા સંસારસાગરના પ્રવાહને રૂંધવો હોય કે તરવો હોય તો બે પ્રકારનાં મોટાં પ્રવહણો છે, તેનો આશ્રય લો! પ્રમાદને છોડીને આ જ વીતરાગકથિત પંથને અનુસરો! આશ્રય લો! મિથ્યાભાવની નાની નાની નાવડીઓ તો થોડા ભાડામાં લાંબી મુસાફરીની વાતો કરે છે, અને બેસારૂને બેસાડી પણ દે છે, પણ સુકાની અંધ છે, અને માર્ગજ્ઞાતા નથી જેથી એ નાવડીઓ વિશ્વાસ રાખવા જેવી નથી ગણાતી.

પ્રભુએ સંસારસાગર તરવાની બે મોટી સ્ટીમરો દર્શાવી છે. એક શ્રમણધર્મ અને બીજી ગૃહસ્થધર્મ એટલે શ્રાવકધર્મ. શ્રમણધર્મ એટલે પરિપૂર્ણ સંયમીજીવન. શ્રાવકધર્મ એટલે દેશથી—અંશથી સંયમીજીવન. આ બે સિવાય ત્રીજો માર્ગ ભવપાર કરવાનો નથી. સંયમમાર્ગ ફ્રન્ટીયરમેલ છે. ઝડપથી ઓછા સ્ટેશનો કરતી ટ્રેઇન ધ્યેયસ્થળે પહોંચી જાય છે. જ્યારે લોકલ અને ફાસ્ટ અનેક સ્ટેશનો કરે છે. અને ધીમે ધીમે ધ્યેયસ્થળે પહોંચાડે છે. સીધ્ધા ધ્યેયસ્થળે પહોંચનારે તો સંયમમાર્ગનો જ સ્વીકાર કર્યે છૂટકો છે. પૂર્ણસંયમી, દેશસંયમી અને સમ્યક્ત્વી આમ ત્રણ પ્રકારની કેડીયો મોક્ષમાર્ગ તરીકે પ્રચલિત છે, સર્વજ્ઞદર્શિત છે. સાધુજીવન, દેશવિરતિજીવન અને સમ્યક્ત્વીજીવન. એમાં સૌથી પ્રથમ સંયમીજીવનની વિચારણા કરીએ. જ્યાં પૂર્ણ વિરક્તિ છે. વ્યાપારી ઝવેરી હોય તો પહેલાં કિંમતી માલ ખપવાની કામના રાખે છે. કિંમતી માલ વજન–પ્રમાણમાં હલકો અને કિંમતમાં વધુ જેથી કમાણી પણ અસામાન્ય થઈ જાય છે.

સંસારને અસાર માનીને, સંસારનાં તમામ સુખોને ક્ષણિક દુઃખજનક માનીને, આસક્તિભાવને ભડકે બળતી આગ સમજીને, કોઈ વ્યક્તિ વિરક્તિની કામના સેવે છે, ત્યાગની પૂરી સૌરભ મહકાવવા, સ્વાત્મગુણ બલીયો હર્યોભર્યો બનાવવા મુક્તિમાર્ગના દ્વારરૂપ સંયમને સ્વીકારે છે. સંસારવિરક્ત, ભવભીરૂ અને પાપભીરૂ આત્માઓ જ આ સંયમના દુષ્કરપંથે સંચરે છે. જૈનશાસનનો શણગાર, જૈનશાસનનો સ્થંભ, જૈનશાસનની વજ્રભૂમિ જ સંયમ છે. સંસાર ત્યાગીને અણગાર બનનાર મુનિવરો–સંયમધરો દુર્ગમપંથના વિહારી છે. છ ખંડનું રાજ્ય તરછોડીને, ચક્રવર્તીઓને ય પણ દુર્ગતિથી બચવાનો એક આ જ સંયમમાર્ગ અમોઘ ઉપાય છે. મુનિ થતાં પહેલાં મુનિભાવુકની અંતઃકરણની પૂર્ણ શુધ્ધિ હોય છે. સ્વપ્નમાંય સંસારાવાસ તે પૂજ્યો ઈચ્છતા નથી. સર્પ જેમ કાંચળી છોડીને ચાલ્યો જાય છે. પુનઃ પાછું જોતો નથી. કારણ કે એ શરીરનો મેલ માને છે. ઉખેડતાં ચિંતા શું કે તેની સંભાળ શું! ત્યાગી બનનાર વ્યક્તિઓ વિરક્તિની વસમી વાટે વળતાં સંસારને છોડે છે ત્યારે અનાદિના ગંદા મેલનો અંચલો ઉતારીને ત્યાગનો પવિત્રતમ અંચલો ઓઢી લે છે.

આત્માના સાચા સુખનું અસાધારણ અને અદ્દભૂત સાધન હોય તો ધર્મ જ છે. અને ધર્મનું પીનાંગ હોય તો સંયમ છે. એ સંયમ-

ગ્રાહક મુમુક્ષુ આત્મા દુન્યવી સમસ્ત સુખોને ભયંકર દુઃખ જ માને છે. જેમ આગના સ્પર્શથી લોકો ડરે છે. તેથીયે અધિક ડર સંસારાસક્તિથી પર ત્યાગી પુરૂષોને હોય છે. જે ઘરને ભયંકર ભૂજંગનું દર જાણીને ત્યાગી દે છે. સંસાર-વિષયોને કાલ-કુટ વિષ જેવા માનીને ત્યજી દે છે. માત-પિતા, ભાઇ-ભગિની, પરિવારને સ્વાર્થના સુંવાળા અણીદાર ભાલાઓ સમાન લેખીને તરછોડી દે છે. અઢળક ઋદ્ધિ અને સિદ્ધિના સાગર જેટલા ઉભરાતા ભંડારોને જાદુગરના જાદુઇ-બંધની જેમ સમજીને ફગાવી દે છે. તે મહાત્યાગી શ્રમણ-પુરૂષો ઉચ્ચ અને પવિત્ર, આદર્શ અને અનુકરણીય જીવનને જીવે છે. સાચું જીવવાનું પણ એ પવિત્રાત્માઓનું જ ગણી શકાય, પશુ-પંખીઓ પણ જીવે છે તેમજ અન્ય જીવો પણ જીવે છે. પણ એ જીવન અનંત દુઃખપરંપરાનું નિમિત્ત બને છે. જ્યારે ત્યાગ-પ્રધાન શ્રમણ-ધર્મમય જીવન એ અનંત દુઃખના અંતનું નિમિત્ત બને છે. વીતરાગદેવે કહેલ શ્રમણ-ધર્મ એજ આધ્યાત્મિક અને આત્મિક વિકાસનું સાચું રહસ્ય છે. મોક્ષ કોને જોઇએ છે, એ પડકાર સમવસરણમાં થતો અને એ પડકારને ઝીલવા કેઇ ભવ્યાત્માઓ તૈયાર થતા.

પ્રભુએ સંસારના તમામ દુઃખોને દૂર કરવા પ્રાણી માત્રને મોક્ષનો અખંડ અને અનંત આનંદ અર્પવા સંયમ-માર્ગ દર્શાવ્યો અને સાથે સાથે એ માર્ગની આરાધના, આચરણા અને ઉચ્ચ-વિચારણા પણ દર્શાવી અને વ્રત લેવાની જેવી ઉત્સુકતા હોય છે, તેથીય અધિક ઉત્તરોત્તર પાલન કરવાની ધીરતા, ભાવના, દ્રઢતા રાખવા પણ સૂચવ્યું. સંયમના પવિત્ર બોધપાઠનો ધર્મ-ઘોષ વહાવ્યો ! અનેક આત્માઓએ તે ઝીલ્યો, ખીલવ્યો, પાળ્યો, પ્રચાર્યો અને વધાર્યો. સંયમ લેવાના અધિકારી મુખ્યતયા ભવ્યો જ હોય છે, અને તેનું સંયમ જ મોક્ષ પ્રાપ્તિ કરાવે છે. બાહ્ય-સુખોને વિસારી દેવાનાં છે. શરીરનીય પણ સંયમપાલન સિવાય રક્ષણ કરવાની જ્યાં ચિવટ નથી હોતી. માત્ર આત્મવિકાસની જ સાધનાની એક ધારા જ્યાં હોય છે.

આ સંયમ-માર્ગ તેઓએ વહ્યો છે અને તેઓએ સ્વીકાર્યો છે કે, શમભાવ જેઓની રમણ-ભૂમિ હોય છે. વૈરાગ્ય જ જેઓની વેષભૂષા હોય છે. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ સાથે જેઓના આંતરિકોપયોગનો પૂર્ણ સંબંધ હોય છે. બાર ભાવનાઓનો પુનઃ પુનઃ સંગમ જેઓનો પ્રિય-મેલાપ છે. જ્ઞાન-દર્શન અને ચારિત્ર આ ત્રણેય જેઓનું સર્વસ્વ છે. દશ પ્રકારે યતિધર્મ જેઓનો પ્યારો પરિવાર છે. સુસંકલ્પો અને શુભાધ્યવસાય જેઓનો સુસ્વાદુ આહાર છે. આવા એકાન્તવાસી મુનિઓનું ધ્યેય મુક્તિ પ્રાપ્તિ હોય છે. શરીરનો નાશ થાય ત્યાં સુધીની આકરી તપશ્ચર્યાઓ જપ-ક્રિયાઓ અને પરિષહો-ઉપસર્ગો સહન કરવાની જેઓની ભાવના અને શક્તિ હોય છે. પંચાચાર-પાલન એ જેઓનો રોજીંદો વ્યાપાર છે. અનતિચારપણાથી જીવવું એ જેઓનું સ્વાસ્થ્ય છે. આત્મ-ધ્યાનની તન્મયતા એ જેઓની ચેષ્ટા છે. પંચ મહાવ્રતોનું પાલન એજ જેઓના શ્વાસ છે. ક્ષણે ક્ષણે ઉજાગર-દશા એજ આત્મ-ગુણ રક્ષણની પૂર્ણ ચિંતા છે.

આ શ્રમણ-ધર્મ ગ્રહણ કરવો અશક્ય લાગે તેઓને ધીમે ધીમે મોક્ષ-માર્ગ પ્રતિ પ્રયાણ માટે દેશવિરતિ ધર્મનું ફરમાન છે. સંયમ એક દિવસનુંય પણ શુધ્ધમના થઈને પાલન કરાય તો અવશ્ય મુક્તિ-રમાનો સંબંધ કરી આપે.

એમ ન થાય તો સંયમપાલક વૈમાનિક દેવ તો થાય જ છે. દેશવિરતિ ધર્મ પણ સંયમનો જ બીજો કલાસ છે. કોઇ બિમાર ઘેબર, લાડુના બોજલ ભોજન પચાવી શકતો ન હોય, તે હલકા દાળ–ચોખાનો ખોરાક ખાય. તેવી રીતે દુષ્કર સંયમ ન પાલી શકે તેઓને માટે દેશ-વિરતિ ધર્મ પ્રભુએ ઉપદેશ્યો છે.

શ્રાવક–ધર્મ એજ દેશવિરતિ ધર્મ છે. સમ્યક્ત્વધારી ચોથા ગુણસ્થાને હોય છે. અને દેશવિરતિધર પાંચમા ગુણસ્થાનને સ્પર્શે છે. પાંચમા સ્થાનવર્તી શ્રાવકો પણ અલ્પવિષયી, અલ્પ પાપારંભી, વિવિધ પ્રકારના અભિગ્રહોના પાલક હોય છે, વેષથી સંસારી હોય છે, પણ મનો–ભાવનાથી સંયમની જ ઝંખનાવાળા હોય છે. સંસારમાં રહેવા છતાંય સંસારને કેદ માને છે, વિલાસોના વસવાટવાળા હોવા છતાંય વિલાસથી ઉદાસીન હોય છે. શ્રાવકાચારોના પાલ–નમાં તત્પર હોય છે. નીતિમાન, ન્યાય-પ્રિય, સંતોષી અને પરમાર્થી તેમજ દયાલુ જીવનને જીવતા હોય છે. સંસારનાં પાપો ન કરવાં પડે તો સારૂં એવી કામના સેવતા હોય. પાપો થઇ જાય તેનો પશ્ચાતાપ પણ તેઓને ખૂબજ હોય છે. પ્રાયશ્ચિત આદિ લઈને શુધ્ધ થતા હોય છે. દેવ–પૂજા, ગુરુ–ઉપાસના, વિવિધ શાસ્ત્રોનો સ્વાધ્યાય, મન અને પાંચેય ઇંદ્રિયોના વિષયોનું સંયમન અને તપશ્ચર્યાઓ કરવામાં શ્રાવકો તન્મય હોય છે.

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન સેવન અને પરિગ્રહ આદિ પાપોથીય સ્થુલથી વિરમણ–વિરામ પામતા હોય છે. કમલની જેમ ભોગથી ન્યારા થવાનો પુરૂષાર્થ ખેડતા હોય છે. સતતોદ્યમી હોય છે. અઢાર પાપસ્થાનોની પર્યાલોચના કરતા હોય છે. ચોરાશી લાખ જીવયોનિના જીવોને ખમાવતા હોય છે. પ્રાણીઓ સાથે મૈત્રીભાવ, ગુણાનુરાગ, વિપરિત પ્રવૃત્તિઓ જોતાં માધ્યસ્થભાવ, દુઃખી જીવોને જોઈ દયાભાવ, આ ચાર ભાવનાઓ તો જેઓની સહચરી જ હોય છે. મુનિવરોની જેમ શ્રાવકો પણ અંતઃકરણથી વૈરાગ્યભીના હોય છે. આત્મધર્મના રંગથી રંગાયેલા હોય છે. પરિષહો આવે ત્યારે ધર્મની કસોટી પર પણ ચઢે છે. અને વિજય મેળવે છે. પોતે કર્મની વિશિષ્ટતાના કારણે સંસારમોચન કરી શકતા નથી.

## —: પુરિસ સિહાણં વિષે. :—

**શ્રી** તીર્થંકર પરમાત્મા પુરૂષને વિષે સિંહ સમાન છે, સિંહની ઉપમા એક અપેક્ષાએ એમ પણ છે કે, સિંહ વનરાજ કહેવાય છે વનમાં સિંહનું રાજ્ય છે, એટલે સિંહ પાસે અન્ય કોઇ પ્રાણી આવવાની હિંમત કરતું નથી. એટલુંજ નહિં પણ સિંહના કલેવર પાસે પણ હરણ, શિયાળ, સસલા આદિ પ્રાણીઓ આવી શકતા નથી પણ તેના દેહમાંજ કીડા ઉત્પન્ન થઈ કલેવરને ખાઈ જાય છે. આટલું લખાણ એટલા માટે લીધું છે કે, દુનિઆમાં ઘણાં ધર્મો છે તે ધર્મ કહેવાય છે પણ જૈન ધર્મ તે જૈન શાસન કહેવાય છે. બોલીયે છે કે 'પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્' એટલે કે બધા ધર્મમાં મુખ્ય પ્રધાન, જૈન શાસન છે. જેમ એક સલ્તનતમાં બધા રાજ્યો સમાઇ જાય છે, તેમજ જૈન શાસનમાં બધા ધર્મો સમાઈ જાય છે. **શ્રીયુત નેમીદાસ અભેચંદ – કોટ મુંબઈ**

# આધુનિક યુવકને !

શ્રી ધીરજલાલ એ. શાહ. B. S. C. ભાંડુપ.

આધુનિક યુવાન એટલે મોટેભાગે અંગ્રેજી શિક્ષણ પામેલ અને તે પદ્ધતિ મુજબ રહેનાર ને વર્તનાર, ધર્મને ધતીંગની દૃષ્ટિએ જોનાર, ધર્મ-ગુરુની ટીકા કરનાર, શાસ્ત્રોના નિયમોથી વિરુદ્ધ વર્તનાર, અંતમાં ધર્મ અને સાધુ-સાધ્વીને કટાક્ષપૂર્વક જોનાર. આજથી એક વર્ષ પહેલા મારો પણ ઉપલા જ વર્ગમાં સમાવેશ થતો હતો અને તે મુજબ મેં પણ ધર્મ ને ગુરુની નિંદા કરવામાં કચાશ રાખી ન હતી કારણ તો ખબર નથી! શું આજકાલનું શિક્ષણ એમ શીખવે છે કે પછી વાતાવરણની અસર! મને તો કંઈ સમજણ પડતી નથી.

છેલ્લા એક વર્ષથી કોણ જાણે કેમ શા કારણે મને ધર્મ પર શ્રદ્ધા વધવા માંડી અને ત્યારબાદ હું તેમાં રસ લેતો થયો અને ત્યારે આજે મને તે બાબતમાં થોડી શ્રધ્ધા ઉત્પન્ન થઈ છે. જો તમે ધર્મ અને ગુરુ પર ભાવના-પૂર્વક શ્રદ્ધા રાખી તેમના વચનોને માન્ય રાખતા રહેશો તે તેનું પરિણામ શ્રદ્ધામાં જ પરિણમશે તેમાં શંકા નથી. મારો તેવો અનુભવ છે, માટે મારી આજે મારા જેવા શિક્ષિત ભાઈ-બ્હેનોને વિનંતિ છે કે, તેઓ પણ ધર્મ પરશ્રદ્ધા રાખી થોડો સમય તેમાં વિતાવશે તો તેમને પણ જ્ઞાન થશે અને તેઓ તેમનું જીવન સાર્થક કરી જાણશે. આ ભવને માટે તેઓ મહેનત કરી કરી રહ્યા છે, આ ભવમાં ભોગવાતાં સુખો કે દુઃખો પૂર્વભવના કર્મના પ્રતાપે જ ભોગવી રહ્યા છે, તો શું આવતા ભવ માટે તેમને કંઈ પણ કરવાની ઇચ્છા થતી નથી? તો શું આમ જ સામાન્ય મનુષ્યની માફક જીવન પૂરૂં કરવું છે? શું સંયમ, ત્યાગ કે ભાવના નથી કેળવવી? જેવી રીતે તમે મોજશોખની વસ્તુનો આનંદ માણી રહ્યા છો તેવી જ રીતે ધર્મ, ત્યાગ, સંયમ, અને શ્રદ્ધાનો આનંદ માણતા શિખો! આ રીતે મળતો આનંદ કોઇક અનેરો જ હશે અને તે કાયમ રહેશે. તે દિશામાં આગળ વધવાની ઉમેદ રહેશે અને તે રીતે તમે તમારૂં તેમજ સાથેની વ્યક્તિનું પણ જીવન સુધારશો. એક વખત આ આનંદ કે સુખ મેળવશો તો મૃત્યુ સુધી છોડવાનું મન નહી થાય. આજ કાલ જે વધારે પડતા દુઃખી કે દુઃખથી ગભરાયલા અને તેને લઇને અવળે માર્ગે ચડી ગયેલા છે, તેમને ઘણો જ લાભ થશે.

દરેક જૈનસિદ્ધાંતની પાછળ ઉંડું રહસ્ય છુપાયલું છે, પણ તે આપણે સમજી શકતા નથી એટલે તે સિધ્ધાંતો ખોટા છે તે કહેવું શું વ્યાજબી છે? જો તમે દરેક સિધ્ધાંતને સમજવાનો પ્રયત્ન કરશો તો તમને તેની અગત્યતા જણાશે. જો તેને ફક્ત ખોટા કે અતિશયોક્તિ ભરેલા માનશો તો તેમાં કોની ભૂલ? ધર્મની કે તમારી? જૈનસિધ્ધાંતની પાછળ આત્માનો ઉદ્ધાર રહેલો છે અને તેનું જો પ્રેમપૂર્વક પાલન કરવામાં આવે તો તમારા જેવો કોઈ સુખી નહિ હોય! આ બાબતનો સ્વાદ પણ ચાખવા જેવો છે. એક વખત ચાખ્યા બાદ તેને છોડવાનું મન નહી થાય. તેમાં ઉંડા ઉતરવાનું મન થશે અને તે એક વખત પચાવી લીધા બાદ તમને જીવન જીવવાની ચાવી મળી જશે. દુઃખ જેવી વસ્તુ તમારી "ડીક્ષનરી" માં નહિ હોય. તો શું તમને તે વસ્તુ મેળવવાનો વિચાર નથી થતો! તમારે સુખી નથી થવું?

જૈન સિધ્ધાંતની પાછળ રહેલું રહસ્ય કેટલું

ઉંડુ છે તેનો એક જ દાખલો બસ છે. દા.ત. કંદમૂળ ખાવું એ પાપ છે. તમને થશે કે દુનીયાની નેવું ટકા વસ્તી ખાય છે તો શું તેમને પાપ લાગશે શું ? આપણે જ મોક્ષ મેળવવા ઈચ્છીએ છીએ કે શું ? ત્યાં તમને સંકુચિતતા ને શંકાઓ લાગશે પણ તેની પાછળ રહેલી આત્મકલ્યાણની ભાવના સમજશો તો તમે કોઈના ઉપદેશ કે કે આગ્રહ વગર જ છોડી દેવાનું મન થશે. કંદમૂળમાં બીજાં શાકભાજીઓ કરતાં વધારે જીવાત હોય છે તે આપણા શાસ્ત્રોએ જ્યારે સૂક્ષ્મદર્શક યંત્રની શોધ ન્હોતી થઇ ત્યારે કહેલું અને તે આજે સત્ય જણાયું. હવે તમે જ કહો કે જૈન સિદ્ધાંત કેટલો આગળ વધેલો ને ગૂઢ રહસ્યવાળો છે. બીજું જો તમારે સંયમ પાળવો હોય તો કંદમૂળ ન જ ખાવા જોઇએ, કારણ કે કંદમૂળથી આપણામાં વિકાર પેદા થાય છે અને તેથી આપણે સંયમ ગુમાવી બેસીએ છીએ અને તેની અસર હેઠળ સામાન્ય બુદ્ધિનો નાશ થાય છે અને તે રીતે આપણે ખરા-ખોટાનું ભાન ભૂલીને અયોગ્ય પગલું ભરીએ છીએ, અને એટલે સદ્‌ગુણની વાત કરનારા આપણે તરત જ દુર્ગુણના રસ્તે ચડી જઇએ છીએ. આ એક જ સિદ્ધાંત પાળવાથી આટલો ફાયદો થાય છે તો બધા જ સિદ્ધાંત પાળો તો ? શું તમારે સુખ શોધવા જવું પડે કે પછી તે સુખ તમને શોધતું તમારી પાસે આવે ! દરેક જૈનસિદ્ધાંતનું પાલન કરે અને તે મુજબ વર્તે તો આજે જે દુઃખી છે તે જરૂર સુખી થશે. સાચું શું ને ખોટું શું તે સમજી શકશે.

મોક્ષની સીડી આપણી પાસે જ છે પણ તેનો ઉપયોગ કરવો નથી પછી કોઈનો વાંક કાઢવાનો અર્થ શું ! માટે આજથી જ દરેક સિદ્ધાંતનો અમલ કરવા માંડો તો તમારો ઉદ્ધાર થશે, તમારૂં જીવન સાર્થક થશે, સાથોસાથ તમે બીજાનું જીવન સુધારશો.

યુવાનો ! ખ્યાલ રાખજો કે આ પણ જીવન જીવવાની ચાવી છે, એક વખત હાથમાં આવી જશે તો જીંદગીભર છોડવાનું મન નહિ થાય, માટે તન ને મનથી તેની પાછળ તમારૂં ધ્યાન દોરશો અને તે અનેરો ને શાશ્વત આનંદ મેળવીને સુખી બનજો, શાસનદેવ તમને તે માર્ગમાં આગળ વધવા બળ આપે.

મા — પેલા તોફાની કિશોરે તને ઢેખાળા માર્યા ત્યારે સામો પત્થર મારવાને બદલે મને આવી કેમ ન કહી ગયો ?

સુરેશ — તને કહેવાથી શો ફાયદો થાત ? તારાથી પત્થર એટલે દૂર સુધી પહોંચત જ નહિ.

*

ઇશ્વરનું કે સત્યનું કિરણ પામવા માટે સર્વ માણસોએ એકજ ધર્મ પાળવાની જરૂર નથી.
" સોમનાથ પ્રતિષ્ઠા મહોત્સવ " રાજેન્દ્રપ્રસાદ—જયહિંદ ૧૨-૫-૫૧

*

મોટી હાજરી એ કાંઈ જનમતને માપવાનું સાધન ગણી શકાય નહિં – મોરારજીભાઇ
વંદે માતરમ્ : તારીખ ૧૦-૫-૫૧
સમાજવાદીઓએ યોજેલ ગુજરાત ખેડૂત પરિષદની ૨૫ હજારની હાજરીથી અકળાઇ ઉદ્દેલા દેશાઈ.

# પ્રભુ-પૂજા પ્રશ્નોત્તરી

પૂ૦ પંન્યાસજી ચરણવિજયજી ગણિવર.

[ ફેબ્રુઆરી ૧૯૫૬ ના અંકથી ચાલુ ]

**પ્ર૦** પૂજા કરવાના ટાઈમ સિવાય કે પૂજા ન કરવી હોય ત્યારે પણ પ્રભુજીને અડનારે મુખકોષ બાંધ્યા સિવાય અડી શકાય ખરૂં કે બાંધવો જ જોઇએ?

**ઉ૦** પ્રભુજીના શરીરે અડવું હોય કે કામકાજ કરતાં અડાઇ જવાય તેમ હોય તો પણ મુખકોષ આઠપડો કરીને બાંધવો જ જોઇએ.

**પ્ર૦** નાના બાળકો કે સ્ત્રીવર્ગને મુખકોષ બાંધવો પડે ખરો?

**ઉ૦** નાના કે મોટાં સ્ત્રી કે પુરૂષથી મુખકોષ બાંધ્યા સિવાય જિનમૂર્તિને શરીરે સ્પર્શ થાય જ નહિ.

**પ્ર૦** પૂજા કરવાનાં લુગડાં પોતાનાં ઘરનાં જ રાખવાં પણ સાર્વજનિક ન વાપરવાં તેનું કારણ શું?

**ઉ૦** કારણ ચોખ્ખું સમજાય તેવું છે કે, પૂજા કરનારે કે જિનમંદિરમાં જનારે એકદમ સ્વચ્છ-પવિત્ર થઇને, પવિત્ર વસ્ત્રો પરિધાન કરીને જવું જોઇએ. જ્યારે એક વસ્ત્ર બીજાએ પહેર્યું એટલે તેના શરીરનો પસીનો લાગ્યો હોય, ખેસનો કરેલ મુખકોષ બીજાના મુખે બંધાવાથી વખતે તેના મુખમાંથી થુંક વગેરેના છાંટા ઉડ્યા હોય, કોઈની નાશિકામાંથી પણ શ્લેષ્માદિકની અપવિત્રતા થઇ જાય. આવા કારણે ઘણા જણને પહેરવાથી અને ઘણા દિવસો થતાં પૂજાનાં લુગડાં ઘણાં ગંદાં-મલીન થઇ જાય છે. અને ચોમાસાના કાળમાં પવન કે તડકો ન મળવાથી દુર્ગંધ મારે છે. બીજાએ પહેરેલ વસ્ત્રો પહેરવાથી કોઈ માંદા ક્ષય કે સંગ્રહણી વગેરે ચેપી રોગના દરદીના રોગનો ચેપ પણ લાગી જવા સંભવ ખરો, અને તેથી બીજાનાં પહેરેલાં લુગડાં પૂજા કરનારે ન પહેરવાં, એ જ વધુ ઇષ્ટ છે.

**પ્ર૦** પૂજારી માટે કેમ?

**ઉ૦** ઘણા ખરા પૂજારી ગંદા હોય છે. અને કાર્યવાહકો બેદરકાર હોય છે. તેથી તેઓ પોતાનાં લુગડાં મેલાં-ગંદાં થવા છતાં અને અંગલુહણાં પણ મેલાં થવા છતાં સ્વચ્છ કરવાની કાળજી રાખતા નથી, એ ઇચ્છવા જોગ નથી.

**પ્ર૦** પૂજાનાં વસ્ત્રો કે અંગલુહણાં બીલકુલ મલીન રખાય જ નહિ?

**ઉ૦** બની શકે તો (મહારાજા કુમારપાળ પૂજા માટે દરરોજ નવું વસ્ત્રયુગ્મ કાઢીને પહેરતા હતા, ગઇ કાલનું વાપરેલું વાપરતા નહિ) રોજ નવું વાપરવું જોઇએ, આ કાળમાં ધનપતિઓ પણ ઉદારતાના અભાવે તેમ ન કરી શકે, તો પણ દરરોજ ધોએલાં વસ્ત્રો પહેરવાં જોઇએ, અને તેમ પણ ન બને તો પોતાનાં પહેરેલાં વસ્ત્રોને તડકો અને પવન લાગે તેમ થોડીવાર પહોળાં કરી દોરી ઉપર સૂકવવાં પણ જોઇએ; જેથી પસીનો સૂકાઈ જવાથી જીવોત્પત્તિ કે દુર્ગંધ અને મલીનતા થતાં અટકે છે, અને જમીન ઉપર પડવા દેવાં ન જોઇએ.

**પ્ર૦** કેટલાક ભાઈઓ પૂજાનાં વસ્ત્રો બદલ્યા વિના વ્યાખ્યાનમાં બેસે છે, અને વગર

નાએલા કે સામા મળતાં ગમે તે મનુષ્યોને અડકે તો વાંધો ખરો ?

ઉ૦ પૂજાના પહેરેલાં વસ્ત્રો સહિત (પૂજાના વસ્ત્ર વિનાના) કોઈ પણ પુરૂષ કે સ્ત્રીને અડાય જ નહિ, અને પૂજાનાં પહેરેલાં વસ્ત્રે વ્યાખ્યાનમાં બેસાય નહિ, અને તે લુગડે સામાયિક પણ થાય નહિ. આ વાત ઉપરના પ્રશ્નોમાં લખાઈ ગઈ છે.

પ્ર૦ પ્રભુજી માટે અંગલુહણાં કેવાં રાખવાં જોઇએ ?

ઉ૦ તદ્દન સુંવાળાં રાખવાં. મલમલ વગેરે સારામાં સારાં લુગડાનાં તેમજ પ્રમાણમાં તદ્દન ટુંકાં પણ ન રાખવાં જોઇએ, અને તે લુહણાં દરરોજ પવિત્ર શુધ્ધ પણ થવાં જોઇએ.

પ્ર૦ પ્રભુજીના પ્રક્ષાલનું જલ લુવાઇ જવાનું પ્રયોજન છે, તો પછી સુંવાળા કે ઉચ્ચ લુગડાંથી લુહવાં એમજ શા માટે ? ગમે તેવું કેમ ન ચાલે ?

ઉ૦ શ્રી જિનેશ્વરદેવો દેવતાઓના પણ પૂજ્ય છે, વીતરાગ છે. તેમના શરીરને દેવોએ અને વિદ્યાધરોએ મહામૂલ્યવાન વસ્ત્રોથી લૂછેલ છે. આજે પણ એ મહાપુરૂષોની દેવો સેવા કરે છે, તેમનાં શરીર નબળાં વસ્ત્રોએ શા માટે લુંછવાં જોઇએ.

પ્ર૦ અંગલુહણાં એક સાલમાં કેટલાં જોઇએ ?

ઉ૦ પ્રભુજીની પ્રતિમાજીની સંખ્યાના પ્રમાણમાં જોઇએ તેટલાં રાખવાં અને જરા પણ ઘસાયેલાં જણાય એટલે કાઢી નાંખીને નવીન રાખવાં જોઇએ.

પ્ર૦ દહેરાસરમાં અંગલુહણાં દરેક પ્રતિમાજીને કામ લાગે ખરાં ને ?

ઉ૦ પ્રભુજીના શરીરને લુહવાનાં અંગલુંછણાં દેવદેવી (માણીભદ્રાદિ)ને તથા અષ્ટમંગલને અને આ કાળના મુનિવરોની મૂર્તિઓ કે પગલાંને વાપરવાં ઉચિત લાગતાં નથી.

પ્ર૦ દેવદેવીને કે આ કાળના મુનિવરોની મૂર્તિ-પગલાંને પ્રભુ માટેનાં અંગલુહણાં વાપરવામાં વાંધો શો ?

ઉ૦ પ્રભુજી દેવોના દેવો ઈન્દ્રો તેમના પણ સ્વામી છે, અને દહેરાસરનાં યક્ષ-યક્ષિણીઓ તો પ્રભુજીના શાસનના રક્ષપાલ પ્રભુજીના સેવક દેવો છે જેમ નોકર-ચાકરના પહેરેલાં લુગડાં શેઠીઆઓ કે રાજાઓને પહેરાવાય નહિ તેમ યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ ઉપર ફેરવેલાં લુહણાં પ્રભુમૂર્તિને લગાવાય નહિ વળી આ કાળના મુનિરાજો આપણા માટે ભલે પૂજ્ય હોય તો પણ તેઓનું અને પ્રભુજીનું સ્થાન વિચારવાથી અંતર સમજાઈ જશે. જેમ શેઠના શરીર લુહવાના ટુવાલને નોકરો-મુનિમો સ્નાન કરીને પોતાના શરીર લુહવામાં વાપરે તો શેઠનું અપમાન કર્યા બરાબર લેખાય છે, તેમ પ્રભુજીનાં અંગલુહણાં દેવ-દેવી માટે વપરાય નહિ તે જ વ્યાજબી છે.

પ્ર૦ શેઠ-નોકરનો દાખલો પ્રભુમૂર્તિ અને દેવપ્રતિમામાં શી રીતે લાગુ થાય ?

ઉ૦ શેઠ નોકરનો દાખલો તો વખતે પલ્ટાઇ પણ જવા સંભવ છે. કોઇક માણસો શેઠાઇ ભોગવી નોકરી પણ કરનારા થાય છે. અને કોઇક માણસો નોકર પણ શેઠાઇ પામે છે. જ્યારે શ્રી જિનેશ્વરદેવ તો હવે સાદિ અનંત

ભાગે મોક્ષ પામી કૃતકૃત્ય થએલા હોવાથી તેમનું પતન થવાનું જ નથી અને આ દેવો તો સાધારણ દેવો છે, તેમનાથી તેમના ઉપરી દેવો ઘણા છે. તેમના પણ ઉપરી ઇન્દ્રો છે. ભગવાન જિનેશ્વરદેવો તો ઇન્દ્રોના પણ પૂજ્ય છે. માટે પ્રભુજીના અંગલુહણાં દેવદેવી માટે વપરાય નહિ.

પ્ર૦ દેવદેવીની પૂજા થાય કે નહિ ?

ઉ૦ દેવ-દેવીની પૂજા કરવાની નથી. પરંતુ દેવ-દેવી આપણા સાધર્મિક છે. એટલે તેમની મૂર્તિને સ્નાન કરાવી અંગલુંછણાં કરી કપાળે ચાલ્લો કરવાનો હોય છે. બાકીના શરીરે કરાય નહિ. અને શાસનરક્ષક કે સંઘરક્ષક તરિકે તેમને વિચારવાના છે, તેમને ખમાસમણ દેવાય નહિ, પરંતુ આપણા સાધર્મિક સમજીને હાથ જોડવા જોઇએ.

પ્ર૦ દેવ-દેવી કોને કહેવાય છે ?

ઉ૦ શ્રી જિનેશ્વરદેવોના તીર્થની સ્થાપનાના દિવસે તે પ્રભુજીના શાસનરક્ષક તરીકે દેવ-દેવી નિર્ણીત થાય છે. તેઓ પ્રભુના શાસનની અને શ્રી સંઘની રક્ષા (રક્ષણ) કરે છે. એવા ૨૪ જિનેશ્વરદેવોના શાસનરક્ષક દેવો ૨૪ યક્ષ ૨૪ યક્ષિણીઓ માનેલાં છે. તેઓ 'जक्खा गोमुह महजक्ख' અને 'देवीओ चक्केसरी' ઇત્યાદિ ગાથાઓથી સમજી શકાય છે. તેથી તેમને જિનપ્રતિમા, જિનમંદિર અને શ્રી સંઘના રક્ષણની ખાતર જિનાલય કે તીર્થોમાં પધરાવાય છે. તે મહાભાગ્યશાળી દેવ-દેવીઓ અતિ શ્રધ્ધાળુ હોવાથી આશાતનાઓને પણ અટકાવે છે.

## દુધ, મધ, અને ઇંડાનું મિશ્રણ

મુંબઇ-સમાચારના તા. ૧૯-૨-૫૬ના અઠવાડિક અંકમાં ડૉ. હરકીસનદાસ ડી. ગાંધીએ ઉપરોક્ત ત્રણ ચીજોના મિશ્રણને શિયાળાના સર્વશ્રેષ્ઠ પાક તરીકે ગણાવ્યો છે, મુંબઇસમાચાર એ ગુજરાતી પ્રજાનું માનીતું પત્ર છે અને ગુજરાતી પ્રજાનો બહુ મોટો ભાગ બીનમાંસાહારી હોવાથી આ પત્ર મારફત ઇંડા ખાવાનો પ્રચાર થાય એથી મનદુઃખ થાય એ સ્વાભાવિક છે. દાદીમાની દવા તથા એકાદ નિર્દોષ વસ્તુના ગુણદોષ ઉપર નિબંધ આપીને આ પત્ર મારફત આયુર્વેદની અનેરી સેવા બજાવી શકાય છે. પાશ્ચિમાત્ય દેશોની સમજુ પ્રજા હવે માછલી તથા ઇંડા સુધાં માંસાહારનો ત્યાગ કરવા પ્રયત્નો કરે છે અને પ્રચાર પણ કરે છે, જ્યારે અનાયાસે ગુજરાતી પ્રજામાં વારસાથી મળેલ સંસ્કારોનો ઉચ્છેદ કરવા મુંબઇ-સમાચાર દ્વારા ડોકટર સાહેબ પ્રયત્ન કરે એ ગળે ઉતરે તેવી બીના છે. આજના કોલેજીયન યુવાનોમાં છુપી રીતે ઇંડા ખાવાનો પ્રચાર વધી રહ્યો છે અને આવા નિબંધ દ્વારા એઓને ખાસ ઉત્તેજન મળે છે. ડોકટર સાહેબ લખે છે કે, " શાકાહારીનો મોટો ભાગ ઇંડાને માંસાહાર તરીકે ગણતો નથી અને ઇંડું એક ફળ જેટલું જ નિર્દોષ છે એમાં કોઇપણ જાતનો જીવ ન હોવાથી હિંસાનો સવાલ ઉભો થતો નથી." પરંતુ કોઇપણ ચીજમાં જીવ હોય તોજ એ વસ્તુ સ્વાભાવિક મોટી થાય, ઇંડાનું પક્ષી પેદા થાય છે; એટલે ઇંડાનો આહાર કરવો અને એક પક્ષીનો સંહાર કરવો એ બંને સરખા છે. વળી ઘણા બીનમાંસાહારી લોકો માછલીનો આહાર કરે છે. તો એમની દલીલ પણ શું ખરી માનવી ?

( અનુસંધાન પાને ૮૫ )

# શંકા અને સમાધાન

**સમાધાનકર :– પૂ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

[ પ્રશ્નકાર :– **નાનાલાલ મેઘાણી બીલાસપુર** ( મ પ્રાં ) ]

**શં૦** ઉપવાસમાં દાતણ નથી કરતા અને મોઢું વાસ મારે છે. બીજાના પડખે બેસીએ તો મોઢાની ખરાબ ગંધ આવે, તો શું જૈનધર્મમાં દાતણ કરીને ઉપવાસ ન કરી શકાય ?

**સ૦** જૈનધર્મમાં દાતણ કરીને ઉપવાસ કરવાનું હોતું નથી. ઉપવાસમાં ત્રણ ઉકાળાવાળા અચિત્તજલ સિવાય કોઇ આહારક ચીજ મુખમાં નાંખવાથી ઉપવાસનો ભંગ થાય. ઘણા કરતાં કર્મ બંધાય અને ત્યાગ કરવાથી છૂટે છે. કર્મબંધ તૂટે તેવો ધંધો કરવાનું જૈનશાસનમાં ફરમાન છે પણ કર્મ બંધાય તેવો ધંધો કરવો નહી. કોઇ અનભિજ્ઞ વ્યક્તિ આવા ઉત્તમોત્તમ ધર્મની નિંદા કરે તો તેને ખરૂં તત્ત્વ સમજાવવાની કોશીષ કરવી.

**શં૦** જૈનોના ઉપવાસ બહુજ કષ્ટકારક છે. ૨૪ કલાક સુધી કેવલ જલ ઉપર નિર્વાહ કરવો પડે છે. શું આ પ્રથાનો આ નવા જમાનામાં ફેરફાર ન કરી શકાય ?

**સ૦** જમાનો ફરે તેમ ધર્મ ફરતો નથી. ત્રિકાલવેત્તા શ્રી જિનેશ્વર ભગવંતે ફરમાવેલો જૈનધર્મ ત્રિકાલાબાધિત છે.

[ પ્રશ્નકાર :– **શ્રી નગીન** ]

**શં૦** રાત્રિભોજન ન કરતી હોય તે વ્યક્તિ સૂર્યોદય પહેલાં દાતણ કરી શકે ખરો ? સંસ્થામાં અમારે વહેલા દાતણ કરવું પડે છે. તો શું કરવું ?

**સ૦** રાત્રિભોજનના ત્યાગીને સૂર્યોદય પહેલાં દાતણ ન કરી શકાય. કારણ કે સૂર્યોદય પહેલાનો સમય રાત્રી મણાય છે. જૈન સંસ્થાઓએ આવી પ્રવૃત્તિ રાખી હોય તો ટ્રસ્ટીઓએ સુધારો કરવો જોઇએ. જૈનેતર સંસ્થામાં આવી વ્યક્તિઓ હોય તો પોતે પોતાની ટેક સાચવવી એજ હિતાવહ છે.

**શં૦** લીલોતરીમાં જમરૂખ, લીંબુ, લીલું દાતણ અને કાચાકેળાં ગણી શકાય કે નહી ?

**સ૦** જમરૂખ, લીંબુ, લીલાંદાતણ અને કાચાકેળાં લીલોતરીમાં ગણાય છે.

**શં૦** પાલીતાણામાં શ્રી શત્રુંજય ઉપર રાયણ છે તો તે આદીશ્વરભગવાનના સમયથી છે ?

**સ૦** વર્તમાનમાં શ્રી સિદ્ધાચલજી ઉપર જે રાયણનું ઝાડ છે તે; તે સમયનું નથી કારણ કે વનસ્પતિનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦ હજાર વર્ષથી અધિક નથી પણ તે સ્થાનમાં અન્ય અન્ય રાયણના ઝાડ પેદા થઈ શકે છે, એટલે તેવા કારણે તે સ્થાન હોઇ શકે છે.

[ પ્રશ્નકારઃ–**રવીન્દ્રકુમાર આર. શાહ–અમદાવાદ** ]

**શં૦** અઢાર અભિષેક કરાવેલી શ્રી વીતરાગ દેવાદિની છબી સન્મુખ ખોરાક-પાણી વાપરી શકાય ખરા ?

**સ૦** વાપરી શકાય નહિ.

[ પ્રશ્નકારઃ—**કિરણકુમાર આર. શાહ–મુંબઈ** ]

**શં૦** પ્રતિક્રમણાદિ ક્રિયા કરતાં સ્થાપનાચાર્યજી શરીરથી કેટલા ઉંચા રાખી શકાય ?

**સ૦** પ્રતિક્રમણાદિ ક્રિયામાં બેઠા હોઇએ તે વખતે નાભિથી ઉપર અને મસ્તકથી નીચે સ્થાપનાચાર્ય હોવા જોઈએ.

**શં૦** શ્રી જિનેશ્વર ભગવંતનું તીર્થંકર નામકર્મ ભોગવાઈ ગયું છે, અને હજી એઓશ્રીનું શાસન કેમ ચાલે છે ?

સ૦ એક વ્યક્તિ આયુષ્ય પૂર્ણ થવાથી ગુજરી જાય તો પછી એની સંતતિ પણ ગુજરી જતી હશે? નહિં જ. તેમ શાસન, એ એઓશ્રીજીના ચતુર્વિધ સંઘ સુપુત્ર-સુપુત્રીઓ છે એ કાયમ રહે એમાં આશ્ચર્ય શું લાગ્યું? શું કારણ નાશ થાય તો કાર્ય નાશ થતું હશે? દંડ બળી જાય છે પણ તેનાથી ઉત્પન્ન થયેલો ઘટ કાયમ રહે છે. આથી સ્પષ્ટ સમજી લેશો કે શ્રી તીર્થંકર નામકર્મ ભોગવ્યા પછી પણ એઓશ્રીજીનું શાસન ચાલુ રહી શકે છે.

શં૦ યાવત્કથિત સ્થાપનાચાર્ય સન્મુખ કાઉસ્સગ્ગ કરતાં હોઇએ અને તે સ્થાપનાચાર્યજી હાલે તો શું કાઉસ્સગ્ગ ફરી કરવો પડે ખરો?

સ૦ યાવત્કથિત સ્થાપનાચાર્યજી સન્મુખ કાઉસ્સગ્ગ કરતાં તે હાલી જાય તો કાઉસ્સગ્ગ ભંગ થતો નથી પણ પુસ્તકાદિની સ્થાપનારૂપ સ્થાપનાચાર્યજી હાલે તો ફરી સ્થાપના કરી કાઉસ્સગ્ગ ફરીથી કરવો જોઇએ.

[ પ્રશ્નકાર—**એક સાધ્વીજી મહારાજ-સુરત** ]

શં૦ શ્રી તીર્થંકર ભગવાનના કુલમાં અભવ્યનો જીવ ઉત્પન્ન થાય?

સ૦ શ્રી તીર્થંકર ભગવાનની હયાતીમાં, તેઓશ્રીજીના ભાઈ-ભાંડુ આદિ નિકટના સંબંધીઓમાં, અભવ્ય જીવ ઉત્પન્ન ન થાય, પરંતુ પરંપરાએ પણ ન થાય એવો સંભવ નથી.

શં૦ સંગમદેવ ત્રાયસ્ત્રિંશક દેવ હતો?

સ૦ સંગમદેવ ઇંદ્રનો સામાનિક દેવ હતો.

શં૦ અભવ્ય ત્રાયસ્ત્રિંશક દેવ હોઈ શકે?

સ૦ ત્રાયસ્ત્રિંશકદેવ ભવ્યજ હોય છે.

શં૦ બકરીઈદની અસજ્ઝાય ગણાય?

સ૦ બકરીઈદની અસજ્ઝાય ગણાય.

[ પ્રશ્નકારઃ—**માસ્તર દલસુખલાલ કકલદાસ જુનાડીસા** ]

શં૦ કોઇએ આજે ઉપવાસ કર્યો છે, અને પારણાના દિવસે શરીર તદ્દન અશક્ત હોય તો નવકારશીનું પચ્ચક્ખાણ કર્યા વગર દાતણ કરી શકે કે નહીં?

સ૦ મૂલવિધિ તો ઉપવાસના બીજે દિવસે નવકારશીનું પચ્ચક્ખાણ ઓછામાં ઓછું હોવું જોઇએ, પણ તથાપ્રકારની વ્યક્તિ વિશેષ અસમાધિના કારણે સૂર્યોદય પહેલાં તો વાપરી શકે નહી.

[ પ્રશ્નકાર :—**સતીશચંદ્ર આર. શાહ-મુંબઈ** ]

શં૦ શ્રી વીતરાગદેવ અને નિર્ગ્રંથ પંચમહાવ્રતધારી આચાર્ય ભગવંત આદિના ફોટાઓને ૧૮ અભિષેક કરાવ્યા વિના ચૈત્યવંદન, દ્વાદશાવર્તવંદન, થોભવંદન થઈ શકે ખરાં?

સ૦ ન થઈ શકે.

શં૦ ચોમાસામાં શ્રાવકોએ મહારંભ છોડવાના હોય છે. જ્યારે શ્રાવકો પ્રભાવનામાં પતાસા વેચે છે, અને તે ચોમાસા પહેલાનાં બનેલા હોતા નથી. વળી પતાસાની પ્રભાવના કરવાથી કીડી, મંકોડા આદિની હિંસા ઘણી જોવામાં આવે છે, તો તેને બદલે હિંસાથી રહિત એવી બદામ આદિની પ્રભાવનાઓ થાય એ શું ઇષ્ટ નથી?

સ૦ પ્રભાવનાનો નિયમ જળવાઇ રહેતો હોય તો વાંધો નથી. વિવેકની જરૂરીયાત સર્વત્ર છે એ ભૂલાવું જોઇએ નહીં. બાકી આવી પ્રભાવના તો અનેક આત્માઓ માટે બોધિબીજની પ્રાપ્તિનું કારણ બને છે.

[ પ્રશ્નકાર :- **માસ્તર દલસુખલાલ કકલદાસ — જુનાડીસા** ]

શં૦ શ્રી તીર્થંકર ભગવાન પાસે દેરાસરમાં પૂજા ભણાતી હોય તે વખતે મુનિ મહારાજ સાહેબ કે આચાર્ય મહારાજ સાહેબ આવે તો ઉભું થવું એ અયોગ્ય નથી લાગતું? કારણ કે ઉભા થવાથી જે રસ હોય તેમાં ભાંગો પડે છે.

સ૦ આચાર્યાદિ મુનિરાજ પૂજામાં આવે ત્યારે શ્રાવકાદિ ઉભા થાય એમાં ચારિત્રનું બહુમાન છે. પૂજાના રંગથી સંયમ મેળવવાનું છે અને ચારિત્રના બહુમાનથી પણ સંયમ મેળવવાનું છે. ચારિત્રના બહુમાનની ઉપેક્ષા કરી પૂજાના રંગથી કલ્યાણ થઇ શકતું નથી,

શં૦ પ્રભુપૂજા કરવા માટે સાબુથી સ્નાન કરાય તો અયોગ્ય ખરૂં કે નહી?

સ૦ શ્રી જિનેશ્વરભગવંતોની પૂજા કરવા માટે શરીર-શુદ્ધિ પરિમિત જલથી કરવાની આજ્ઞા હોવાથી સાબુ આદિનો ઉપયોગ કરી વિશેષ અપ્કાયના જીવોનો નાશ કરવો પૂજા કરવા માટે વ્યાજબી નથી.

શં૦ જિનપૂજા કરતી વખતે પોતાના કપાળે કેટલાં તિલક કરવાનો કાયદો છે? અને કપાળમાંનું તિલક વડીનીતિ (જાજરૂ) કરવા જતી વખતે લુંછી નાખવું જોઈએ કે નહી?

સ૦ જિનેશ્વરભગવંતોની પૂજા કરતાં પહેલાં તેઓશ્રીની આજ્ઞાને પોતાને શિરોધાર્ય કરવા રૂપ કપાલે બદામી આકારે એક તિલક કરવાનું હોય છે. ફક્ત રાતના સુતી વખતે કાઢી નાંખવાનું હોય છે.

શં૦ પૌષધમાં આયંબિલ—એકાસણું હોય તો ખાખરા, પાપડ કે બટુકા બોલે એવી કોઈ વસ્તુ વાપરી શકાય કે નહીં?

સ૦ ઉપધાન સિવાય પૌષધમાં ઉપરોક્ત વસ્તુ વાપરવાનો નિષેધ નથી, બાકી સ્વાદ છોડવા માટે જેટલો સાદો આહાર લેવાય તેટલું ઉત્તમ છે.

શં૦ કોઈને આવતી કાલે ઉપવાસ કરવો છે અને આગલે દિવસે રાત્રે ભૂખ લાગવાથી ભોજન કર્યું છે છે તો સવારે ઉપવાસ કરી શકે કે નહી?

સ૦ રાત્રિના ૧૨ વાગ્યા પહેલાં પહેલાં આહાર પાણીનો ત્યાગ કર્યો હોય તેનાથી બીજે દિવસે ખુશીથી ઉપવાસ કરી શકાય છે. જેને ઉપવાસ જેથી તપશ્ચર્યા કરવી હોય તે રાત્રિભોજન કરે એ ઈચ્છનીય નથી

[ પ્રશ્નકાર :—દેવાનુપ્રિય મલાડ (મુંબઈ) ]

શં૦ આર્દ્રાનક્ષત્ર પછી દિલ્હી વગેરે બાજુમાં નવી કેરીઓ થાય છે તો તે સાધુ-શ્રાવકાદિને કલ્પી શકે કે નહીં?

સ૦ આર્દ્રાનક્ષત્ર પછી કોઈપણ પ્રાંતમાં કેરીનો નવો ફાલ આવે તો તે સાધુ-શ્રાવકાદિને કલ્પી શકે નહિ કારણ કે અવિચ્છિન્ન ગમન અને અવિરત વૃષ્ટિ આદિના કારણે આમ્રના મિષ્ટરસમાં તદ્વર્ણીય જીવોત્પત્તિનો ઉલ્લેખ શ્રી અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં છે, તેમાં ચોમાસા પહેલાં કે, ચોમાસામાં પાકેલી કેરીનો તેમજ દેશવિશેષનો ભેદ પાડયો નથી માટે ભવભીરૂ વિવેકી આત્માઓએ આર્દ્રાનક્ષત્ર પછી કેરી વાપરવી વ્યાજબી નથી.

[ પ્રશ્નકાર :— મુનિ શ્રી હિરણ્યપ્રભવિજયજી — આગલોડ ]

શં૦ દેવો પોતાની શક્તિ વડે અષ્ટાપદ પર્વત ઉપર જાય તો તેજ ભવે મોક્ષમાં જવાવાળા કે કે મનુષ્યાવતાર પામી મોક્ષમાં જવાવાળા?

સ૦ મનુષ્ય પોતાની લબ્ધિથી શ્રી અષ્ટાપદ પર્વત ઉપર શ્રી જિનબિંબોના દર્શન વંદન કરવા જાય તો તેજ ભવે મુક્તિગમનવાલા સમજવા. દેવ, દાનવ કે દેવાદિની સહાયથી જનારા માનવો, વિદ્યાધરો, શ્રી અષ્ટાપદપર્વત ઉપર જાય તો તેનું મોક્ષગમન તે ભવમાં થાય એવો નિયમ નથી. દેવ મરીને સીધો મોક્ષગમનનો અધિકારી છે જ નહિ.

શં૦ શ્રાવક લોકો દીવાલીનું ખાવાનું બનાવે છે તો સમકિતમાં બાધ આવે ખરો અને તે ખાવાનું આપણાથી વહોરાય કે નહિ?

સ૦ દીવાલીપર્વ અંગે ખાવાનું બનાવનાર અને વહોરી લાવી ખાવામાં સમકિતને બાધ આવતો નથી.

શં૦ પરમાધામી મરીને કયાં પેદા થાય?

સ૦ પરમાધામી મરીને અંડકોશીયા મચ્છ તરીકે પેદા થાય છે.

શં૦ નારકીના જીવોને પરમાધામી જે દુઃખ આપે છે તો તેમને પણ દુઃખ ભોગવવું પડતું હશે ખરૂં?

સ૦ અંડકોશીયા મચ્છ મરીને નરકમાં જાય અને ત્યાં તેવું અથવા તેથી અધિક દુઃખ ભોગવવું પડે છે.

શં૦ પરમાધામી કોણ થાય અને તેઓ મિથ્યાદૃષ્ટિ કે સમકિતદૃષ્ટિ?

સ૦ પાપી આત્મા મરીને પરમાધામી બને, પરમાધામી મિથ્યાદૃષ્ટિ હોય છે.

# મધપૂડો

## જાણો અને સમજો.

❀ માણસ શિખવા ધારે તો તેની નિષ્ફળતાઓ જ તેને વધુ શીખવી શકે છે.

❀ ચારિત્ર એ એક એવો અરીસો છે કે જેમાં દરેકના જીવનનું સાચું પ્રતિબિંબ પડી શકે છે.

❀ જીંદગી એટલે સુધારી ન શકાય તેવી ભૂલોની પરંપરા.

❀ જો ( આપણે ) માનસિક શાંતિ જોઇતી હોય તો પોતાની જ ભૂલોને સુધારવા દરેક વ્યક્તિએ પ્રયત્ન કરવો જોઇએ.

❀ નિષ્ફળતાની બાબતમાં નિર્ભયતા સેવનાર જ સફળતા મેળવી શકે છે.

❀ બુદ્ધિથી લક્ષ્મી પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ લક્ષ્મીથી બુદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી.

❀ દસ વર્ષ સુધી પુસ્તકો વાંચવા કરતાં કોઇ એક બુદ્ધિશાળી પુરૂષનો એક કલાકનો સંગ વધુ લાભદાયી નીવડે છે.

❀ બીજાનું ભલું કરનાર અને ભલું ઇચ્છનાર માણસ ગુણી છે.

**સં. ભદ્રિક એ. ચોકસી**

❀

---

[ અનુસંધાન પાને ૮૦ નું ચાલુ ]

આશા છે કે આપ શ્રી ગુજરાતી પ્રજાની લાગણીને માન આપીને આવી જાતના લેખોને ભવિષ્યમાં સ્થાન નહિ આપશો અને ડોકટર સાહેબ નિર્દોષ વસ્તુઓનો દવા તરીકે પ્રચાર કરતા લેખ આપતા રહેશે જેથી એલોપેથીક જેવી ખર્ચાળ, પરદેશી અને અશુદ્ધ દવાઓને ઉત્તેજન ન મળે !

**શ્રી દેવજી દામજી બોના—મુંબઇ**

## અભયદાનની મહત્તા

દયા કરવામાં સાવધાન એવો જે પુરૂષ સર્વ સંસારની ઉપાધિઓથી ઉપાધિવાળા એવા પ્રાણીઓને અભયદાન આપી નિર્ભયપણાને પ્રાપ્ત કરાવે છે, તે પુરૂષને આ ભવમાં તો ભય નથી; પરંતુ આ દેહનો ત્યાગ કરીને પરભવમાં જાય, ત્યાં પણ તેને કોઈપણ જાતનો ભય રહેતો નથી.

આ પ્રસંગને અંગે અભયદાન દેવામાં જ જેનું ચિત્ત ઉત્સુક થઈ રહેલ છે, એવા અભયકુમાર મંત્રીનું એક ઉદાહરણ છે.

મગધદેશના સ્વામી શ્રેણિકરાજા હતા. તેઓના મંત્રી અભયકુમાર નામના હતા. એક અવસરે રાજા સભા ભરીને બિરાજમાન થયેલ છે, તે વખતે રાજાએ સભામાં પ્રશ્ન કર્યો કે, 'આજકાલ આપણાં રાજ્યમાં અલ્પ મૂલ્યથી કઈ વસ્તુ પ્રાપ્ત થઇ શકે છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં સભાસદોએ જણાવ્યું કે, 'અલ્પમાં અલ્પ કિંમતથી માંસ મળી શકે છે.' આ વાત સાંભળી અભયકુમાર મંત્રી તો ચકિત જ બની ગયા અને વિચાર કર્યો કે, એવો ઉપાય કરવો કે જેથી હિંસાનો પ્રચાર થાય નહિ. એક વખત રાત્રીના સમયમાં અભયકુમાર પોતે ફરવા નીકળ્યા. સાથે એક હજાર સોનામ્હોરો લીધી અને દરેકને ઘેર જઇને કહેવા લાગ્યા કે, 'આજે રાજાજી ઘણા બીમાર છે, અને તેઓની દવાના ઉપયોગમાં લેવાની ખાતર મનુષ્યનું કાળજું કાપીને તેમાંથી એક ટાંકભાર માંસ જોઇએ છે. તેની કિંમતમાં ૧ હજાર સોનામ્હોર હું આપું છું.' આમ સ્થળે સ્થળે કહેવા છતાં અને એક હજાર સોનામ્હોરો આપવા છતાં પણ એક ટાંકભાર મનુષ્યના કાળજાનું માંસ મળી શકયું નહિ. હવે બીજે દિવસે જ્યારે સભા ભરાઇને બેઠી, ત્યારે મંત્રીરાજે પૂછયું કે, 'બોલો ભાઈ, આજકાલ અલ્પ કિંમતથી કઈ વસ્તુ મળી શકે છે ?' ત્યારે કોઇએ પણ ઉત્તર ન ન આપવાથી મંત્રીરાજ પોતે જ બોલ્યા કે, 'ભાઇ

આજે કેમ બોલતા નથી, તે દિવસે તો માંસ સસ્તું મળી શકે છે, એમ બોલતા હતાં આ વાત સભાસદો સાંભળીને અધોમુખ થઇ ગયા, ત્યારે રાજાજીએ પૂછયું કે, મંત્રીરાજ ! આ વાત શું છે ? કે જેથી સભા કાંઇપણ બોલતી નથી અને શ્યામમુખવાળી ઝાંખી થયેલ જણાય છે. ' ત્યારે મંત્રીશ્વરે પોતે કરેલ સર્વ વાત જણાવી. ને સભાને સમજાવવા ખાતર જણાવ્યું કે:-

' હે સભાસદો, વિષ્ટાની અંદર રહેલ કીડાને અને સુરાલયમાં વાસ કરવાવાળા ઇંદ્રને પણ જીવવાની આશા એક સરખી જ હોય છે અને બંનેને મૃત્યુનો ભય પણ સરખો જ છે. માટે જીવોને અભયદાન આપવું એજ સર્વોતમ છે.

**મુનિરાજ શ્રી તત્ત્વવિજયજી મહારાજ**

❀

## મોજશોખમાં થતું આંધણ

૧ દુનીયામાં હર મીનીટે સીત્તેર લાખ રૂપીઆ ધૂમ્રપાનમાં વપરાય છે.

૨ દુનીયામાં દરરોજ પાંત્રીસ કરોડ રૂપીઆ ફીલ્મ ક્ષેત્રને જનતા આપે છે.

૩ દુનીયામાં દરરોજ પાંસઠ કરોડ રૂપીઆની ચા-કોફી-કોકો અને માદક પીણાઓ પીવાય છે.

૪ દુનીયામાં દરરોજ નેવું કરોડ રૂપીઆ તો દવાઓ અને તેનાં સાધનોમાં જ વપરાય છે.

૫ દુનીયામાં દરમીનીટે પાંચ લાખ રૂપીઆનાં પાન ખવાય છે.

૬ દુનીયામાં દરમીનીટે દસ લાખ રૂપીઆનાં માચીસો વપરાય છે.

૭ દુનીયામાં દરરોજ પચાસ હજાર રૂપીઆની કીંમતનું અશ્લીલ સાહિત્ય વંચાય છે.

૮ દુનીયામાં દરરોજ સાઠ કરોડ રૂપીઆનાં સુગંધી પદાર્થો વપરાય છે. ( જેવાંકે :- અત્તર તેલ, સાબુ, છીંકણી, પાવડરો, સ્નો, વેસેલીન, વગેરે, વગેરે.

૯ દુનિયામાં દરમીનીટે પચાસ હજાર રૂપીઆ કટલેરી ફેશન, ચીજોમાં જ વપરાય છે.

( જેવાંકે :- રીબન, સેઈફ્ટીપીન, રૂમાલ, પીપરમીન્ટ બીસ્કીટ, આંઝણુ રમકડાં, ચોકલેટ વગેરે, વગેરે.)

સં૦. **વીરસેન વીઠુભાઈ શાહ-માંડવી.**

❀

## સુખની શોધમાં

સુખ અંતરમાં છે, બહાર નથી.
સુખ સમતામાં છે, મમતામાં નથી.
સુખ નિસ્પૃહતામાં છે, સ્પૃહામાં નથી.
સુખ સંતોષમાં છે, તૃષ્ણામાં નથી.
સુખ વિરાગમાં છે, રાગમાં નથી.
સુખ સત્યમાં છે, અસત્યમાં નથી.
સુખ શાંતિમાં છે, ધમાધમમાં નથી.
સુખ સરલતામાં છે, વક્રતામાં નથી.
સુખ લઘુતામાં છે, પ્રભુતામાં નથી.
સુખ ઇચ્છારોધમાં છે, ઇચ્છાવધારવામાં નથી.
સુખ આત્મભાવમાં છે, જડભાવમાં નથી.
સુખ નિવૃત્તિમાં છે, પ્રવૃત્તિમાં નથી.
સુખ સ્વભાવમાં છે, પરભાવમાં નથી.

**બાલમુનિરાજ શ્રી મૃગેન્દ્રમુનિ.**

❀

## વિચારવાં જેવાં વચનો

✤ મનુષ્ય પોતાનાં જ કર્મોવડે નીચે અને ઊંચે ચડે છે. જેમ કૂવો ખોદનાર નીચે અને મહેલ બનાવનાર ઊંચે જાય છે.

✤ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ આ ચાર પુરૂષાર્થમાંનો એક પણ જેણે સાધ્યો નથી તેનું જીવન બકરીના ગળાના આંચળની માફક નકામું છે.

✤ જેમ ઘાસના બળતા કાકડાને લીધે સમુદ્રનું પાણી ગરમ કરી શકાતું નથી તેમ ગુસ્સો કરવામાં આવે તો પણ સજ્જનનું મન ગરમ થતું નથી.

✤ વિશિખ (બાણ) અને વ્યાલ (સાપ) ના છેલ્લા અક્ષરો લેવાથી બનેલો 'ખલ' (શઠ) માણસ

બીજાને મારી નાખે તે નવાઈ જેવું નથી.

✤ ઘણી શંકાઓનો નાશ કરનાર, દૃષ્ટિની બહારની વસ્તુને બતાવનાર એવી શાસ્ત્રરૂપી આંખ નથી તે આંધળો છે.

✤ જુવાની, સત્તા, અવિવેક અને પૈસા, આ ચારમાંનું એક પણ સારૂં નથી.

✤ જેમ ઘણી મહેનતે પર્વત ઉપર મોટો પથરો મુકાય છે. પણ ક્ષણમાં જ નીચે પાડી શકાય છે. તેવી જ રીતે મનુષ્ય પોતાની જાતને ગુણ અને દોષમાં મુકી શકે છે.

✤ નિદ્રા, સુસ્તી, બીક, ગુસ્સો, આળસ અને વિલંબ કરવાની ટેવ આ છ દોષોને અભ્યુદય ઇચ્છતા માણસે તજી દેવા જોઈએ.

✤ જો લોભ છે તો બીજા દુર્ગુણનું શું કામ? જો બીજાની નિંદા કરવાની વૃત્તિ છે તો બીજા પાપનું શું કામ? જો સારી કીર્તિ છે તો ઘડેલાં ઘરેણાંનું શું કામ? જો સારી વિદ્યા છે તો ધનનું શું કામ?

✤ દુઃખથી જેના મનમાં ખેદ થતો નથી. સુખમાં જેને આસકિત નથી. અને પ્રીતિ. ભય, અને ગુસ્સો એ બધા જેઓએ તજી દીધા છે, તે સ્થિતપ્રજ્ઞ છે.

**શ્રી ભૂપત મહેતા-મોરબી**

❋

## ભયને ફગાવી દીધો

એકવાર એક ગુરુ અને શિષ્ય એક સ્થળેથી જતા હતા. રસ્તામાં સુંદર તળાવ આવ્યું. ગુરુ કહે 'બેટા, આ ઝોળી બરાબર સંભાળીને આ ઝાડ તળે તું બેસ, હું હમણાં નાહીને આવું છું.

ગુરુ ઝોળી સોંપીને ગયા પણ ઝોળીમાં કશું ભારે ભારે લાગવાથી શિષ્યે ઝોળી ઉઘાડી જોયું તો અંદર સોનાની ઈંટ ! એ જોઇને શિષ્યને ભારે આશ્ચર્ય થયું. તે મનમાં વિચારવા લાગ્યો, 'અરે, ગુરુજીને કાંચનની આસક્તિ ક્યાંથી લાગી? કાંચન-ધન એ તો માણસને માણસાઈ વગરનો કરી મૂકે છે, માણસની જંજાળ વધારે છે; અને જેમ જેમ એ મળતું જાય તેમ તેમ વધારે ને વધારે વધારે મેળવવાનો લોભ વધતો જાય છે. ધન શું કે સુવર્ણ શું? એ બધું અનર્થનું મૂળ છે. તો પછી ગુરુજી આવી કાંચનની માયામાં ક્યાંથી ફસાઈ પડયા?' એમ વિચાર કરીને શિષ્યે તે ઇંટ તળાવમાં નાંખી દીધી.

થોડીવાર પછી ગુરુ આવ્યા, તેમણે શિષ્યને પૂછયું 'બેટા, આપણે નિર્જન રસ્તે થઇને જવાનું છે. રસ્તામાં કશો ભય તો નથી ને?'

શિષ્ય બોલ્યો 'ગુરુજી, ભય તો મેં ક્યારનો ફગાવી દીધો છે આપ સુખેથી આગળ ચાલો.'

ગુરુ પોતાના શિષ્યની ઉક્તિનો મર્મ સમજી ગયા. તેમણે જાણી જોઇને કસોટી કરવા સોનાની ઇંટ ઝોળીમાં મુકી હતી. શિષ્યની કાંચન-મુક્તિની દૃઢતા જોઈ તે મનમાં આનંદ પામતા આગળ ચાલ્યા.

**શ્રી છબીલદાસ શાહ (દાદર)**

❋

## પ્રાચીન-અર્વાચીન નગરો

| | |
|---|---|
| આણંદપુર | વડનગર |
| પ્રતિષ્ઠાનપુર | પૈઠણ (દક્ષિણ) |
| અવન્તિશાલા | ઉજ્જૈન |
| ચિત્રકૂટ | ચિત્તોડ |
| સ્થંભનતીર્થ | ખંભાત (ત્રંબાવટી) |
| સૂર્યપુર | સુરત |
| વામનસ્થલી | વંથલી |
| કાન્યકુબ્જ | કનોજ |
| સાંભર અથવા શાકંભરી | અજમેર |
| બહલીદેશ | અફઘાનીસ્તાન |
| મેદપાટ | મેવાડ |
| વેળાકુલપત્તન | વેરાવળ પાટણ |
| કોશલ દેશ | અયોધ્યાની આજુબાજુનો દેશ. |
| લાટ દેશ | ભરૂચની આજુબાજુનો દેશ. |
| વિનીતાનગરી | અયોધ્યા |
| તક્ષશિલા | ગીજની |

| | |
|---|---|
| પાદલિપ્તપુર | પાલીતાણા. |
| વલ્લભીપુર | વળા |
| ભૃગુપુર | ભરૂચ |
| વીશલનગર | વીશનગર |
| વટપદ્ર | વડોદરા |
| વાણારસી | કાશી |
| પ્રહ્લાદનપુર | પાલણપુર |

શ્રી દીપચંદભાઈ ટી. શાહ.

❋

## સવાલ—જવાબ

કોણ માન પામતું નથી ?
ગરીબ. - અજ્ઞાની.

પરમાર્થના લોભી કોણ ?
મહાત્માઓ.

મૃત્યુથી વધુ દુઃખદાયક શું ?
અપમાન.

મોટો મૂર્ખો કોણ ?
અવિવેકી.

સોનાથી કિંમતી શું ?
સંતોષ.

દુઃખીમાં દુઃખી કોણ ?
લાલચુ.

દુધથી ઉજળો કોણ ?
સપૂત.

કાજળથી કાળો કોણ ?
કપૂત.

દ્રવ્યના લોભી કોણ ?
અસંતોષી

સં. ભદ્રિક એ. ચોકસી

❋

## વચન-ટંકાર

આ જીવ અશુચિ અને બિભત્સ એવા ગર્ભાવાસમાં શુભાશુભ કર્મના પ્રભાવે અનંતીવાર રહેલો છે.

લોકમાં વાલાગ્ર માત્ર તેવું સ્થાન નથી કે જ્યાં જીવો અનેકવાર સુખ-દુઃખની પરંપરા પામ્યા ન હોય.

આત્માનું હિતાહિત અન્ય કોઇ કરતું નથી, પોતેજ પોતાના કર્મથી ઉત્પન્ન થયેલા સુખ-દુઃખને ભોગવે છે.

લક્ષ્મી હાથીનાં કાન સમાન અસ્થિર છે, તથા વિષયસુખ ઇન્દ્રધનુષ્યની જેમ ક્ષણવિનાશી છે, તેથી તેનો વિશ્વાસ રાખવો તે અયોગ્ય છે.

સંધ્યાના રંગ, પાણીના પરપોટા અને નદીના વેગ સમાન યૌવન અને જીવિતને અસ્થિર અને વિનશ્વર જાણવા છતાં સંસારી જીવો કેમ પ્રતિબોધ પામતા નથી ?

ચીકણાં કર્મોથી બંધાયેલા આત્માને હિતોપદેશ પણ મહાદોષને કરનારો થાય છે.

ભવરૂપી ગહન વનમાં ભટકતા જીવોને જેના આશ્રયે મોક્ષસુખની પ્રાપ્તિ રહેલી છે, તે કલ્પતરૂના કાનન તુલ્ય શ્રી જિનશાસન સદાકાળ જયવંત વર્તે છે.

ઘણો પૈસો એકઠો કરવો, મોટા પાયા પર સંસારિક પ્રવૃત્તિઓ કરવી, તથા માલમિલ્કતનો પરિગ્રહ કરવો અથવા ન હોય તો તેની ઇચ્છા કરવી તે મનુષ્યને અવશ્ય દુર્ગતિમાં લઈ જાય છે.

શ્રી રસીકલાલ આનંદરાવ

❋

## નવકારમંત્રની ધૂન

સેવો મંત્ર સદા નવકાર, એ છે ભવજળ તારણહાર;
એનો મહિમા અપરંપાર, એ છે અક્ષય સુખનું દ્વાર.

અંતરો

જે કોઇ ધ્યાવે તે સુખ પાવે, કરે કર્મ સંહાર;
પદ એનાં જે પાંચ છે તેમાં, સકળ શાસ્ત્રનો સાર. સેવો.
પહેલા પાપરિપુ હણનાર, વંદું તેને વારંવાર;
બીજા અક્ષયસુખ ભંડાર, વંદું તેને વારંવાર.
ત્રીજા છત્રીસગુણ ભંડાર. વંદું તેને વારંવાર;
ચોથા સમજાવે સુત્ત-સાર, વંદું તેને વારંવાર,

પંચમ શાસનના શણગાર. વંદું તેને વારંવાર.
પાંચ પદો જે સ્મરશે તેના સરશે સઘળા કાજ;
ભવસાગરને તરવા માટે, આ છે તરણજહાજ.
અસુર હશે જે તે સુર થાશે, સમજશે સારાસાર.
સઘળા પાપો પરિહરીને, પહોંચશે મુક્તિદ્વાર.
માટે સઘળાં નર ને નાર, સેવો એકચિત્તે નવકાર;
સેવો મંત્ર સદા નવકાર, એ છે ભવજળ તારણહાર.

**શ્રી ધીરેન્દ્ર પ્રાણજીવનદાસ શાહ**

❋

## રે માનવ ! તૈયારી કરજે.

જગતમાંથી તારે જલ્દી નીકળવાનું છે. માટે પરલોકમાં તારૂં શું થશે તેનો વિચાર કર !

માનવ ! આજ છે અને કાલે નથી. માટે તારે દરેક કાર્ય અને વિચારમાં પોતાની એવી રચના કરવી જોઇએ કે તું આજે જ મૃત્યુને શરણ થવાનો હોય !

જો તારૂં અંતઃકરણ સાફ હોત તો તને લેશમાત્ર પણ મૃત્યુની બીક ન હોત. મૃત્યુથી નાસવા પાપત્યાગ કરવો વધારે ઉત્તમ છે. જો તું આજે તૈયાર નથી તો કાલે કેમ કરીને થશે ? કાલની શી ખાતરી ! અને તું કાલ દેખશે એ શી રીતે જાણે છે ? જો આપણે આપણો જીવનક્રમ થોડો સુધારીયે તો વધારે જીવવામાં શો લાભ ? અહા ! દીર્ઘ જીવન આપણને સુધારતું નથી, પણ આપણા પાપકર્મનો વધારો કરે છે. ઘણા સુકૃત્યો કર્યાના વરસોની ગણતરી કરે છે. પણ વારંવાર સુકૃત્યોનું ફળ તેમને થોડું જ મળેલું હોય છે. જો મરવું ભયદર્શક હોય તો લાંબો વખત જીવવું કદાચિત્ વધારે જોખમ ભરેલું થશે. જે મનુષ્ય સદા મોતની ઘડી પોતાની આંખ આગળ રાખે છે, અને રોજ મરવા તૈયાર રહે છે તેને ધન્ય છે. જો તું કોઇ માણસને મરતો જુએ તો વિચાર કર કે તારે પણ એક દિવસે એજ રસ્તે જવું પડશે. સવાર હોય તો તું એવું ધાર કે તું સાંજ સુધી જીવીશ નહી અને સાંજ પડે ત્યારે આવતી કાલનો ભરોસો રાખીશ નહી. માટે હમેશા તૈયાર રહે. અને એવી રીતે જીંદગી કાઢ કે મોત કદી તને તૈયારી વગર ના જુવે. પ્રભુપ્રેમને લીધે દરેક જાતનું દુઃખ સ્હેવાની ધીરજ. સહન કરવાની તાકાત આવા સદ્‌ગુણોને અપનાવી હર્ષભેર મરવાની સંગીન તૈયારી કરજે !

**કુ. કોકિલા સુમતિલાલ શાહ**

❋

## મહાન કેમ બનાય ?

સ્વામી રામતીર્થ જ્યારે કોલેજમાં પ્રોફેસર હતા ત્યારે એક દિવસ કલાસમાં કાળા પાટીયા ઉપર એમણે એક લીટી તાણી, પછી બધાં વિદ્યાર્થીઓને કહ્યું કે, " આ લીટીને નાની બનાવી દો. "

એક વિદ્યાર્થી ઉઠયો અને કાળા પાટીયા પાસે જઇને પેલી લીટીને થોડી ભૂંસી નાખવા તેણે હાથ લંબાવ્યો, સ્વામીજીએ તેને રોકતાં કહ્યું. " મેં આ લીટીને નાની કરવા કહ્યું છે. મિટાવવા નહિં. "

બધા વિદ્યાર્થીઓ વિચારમાં પડી ગયા. કોઇને સમજાતું ન હતું કે, આ લીટીને, ભૂંસી નાખ્યા વિના નાની કેમ બનાવવી ? પછી એક વિદ્યાર્થી ઉઠયો કાળા પાટીયા પાસે પહોંચીને તેણે ચોક હાથમાં લીધો અને સ્વામીજીએ, દોરેલી લીટી ઉપર એક લાંબી લીટી ખેંચી કાઢી.

સ્વામીજી પ્રસન્ન થઇ ગયા. એ વિદ્યાર્થીની તીવ્ર બુદ્ધિની પ્રશંસા કરતાં એમણે અન્ય વિદ્યાર્થીઓને બોધપાઠ આપતાં કહ્યું કે, " તમે જોયું ? આ લીટીઓ બતાવે છે કે જીવનમાં મહાન બનવા માટે કોઇ વ્યક્તિની મહત્તાને મિટાવવાની જરૂર નથી પડતી, એને માટે તો તમારે પોતાનેજ મહાન કાર્યો કરવાં પડશે. "

સં. **એન. બી. શાહ.**

❋

## આવેશનાં અનિષ્ટો.

આવેશ બહુ ભૂંડી ચીજ છે, જેથી ઘણાં ઘણાં અનિષ્ટો જન્મે છે. તેના ફંદામાં આવી પડેલા વ્યક્તિઓનું નીચે રેખાચિત્ર આપ્યું છે.

(૧) **ક્રોધના આવેશમાં :-** શ્રેણિક ચેલણાને અસતી જાણી એના મહેલને બાળી નાખવાનું અભયકુમારને કહે છે. પછી પ્રભુ પાસેથી એને મહાસતી જાણ્યાથી ભારે પસ્તાવો અને દોડાદોડ કરવી પડી, એ એને જ આભારીને !

(૨) **માનના આવેશથી :-** કોણિકે પિતા શ્રેણિકને

# સાધના પંથ

**શ્રી ભવાનભાઈ પી. સંઘવી**

**ઓ** આત્મસાધનાપંથના પથિક ! તું જાણુતો હશે જ કે તારે જે સાધનોવડે ક્રિયા કરવાની છે કે જેટલાં વિશુદ્ધ હશે તેટલું જ કામ પાકા પાયાનું થશે. જગતમાં જે જે મહાનપુરૂષો થઈ ગયા છે, તે દરેક એવાં શુદ્ધ સાધનોવડે જ થયા છે.

મનુષ્યજીવનમાં જેટલી તૈયારી કરીએ તેટલા અંશે જ તે સફળ થાય છે. એ દૃષ્ટિએ જોતાં આપણે જે આદર્શો મન સમક્ષ રાખીએ તેને પાર પાડવા માટે મન, બુદ્ધિ અને આત્મા વિકાસ પામી શકે એવો પ્રયત્ન તેમાં હોવો જોઇએ, પરંતુ જે મનુષ્ય પોતાની મન, બુદ્ધિ અને દિલ બગાડી મૂકે છે, તે તો પોતાના આત્માનો ઘાત જ કરી રહ્યો છે એમ સમજવું. એ ઉપર જ્ઞાની કહે છે કેઃ—

વિષયોનું ધરે ધ્યાન, તેમાં આસક્તિ ઉપજે,
જન્મે આસક્તિથી 'કામ', કામથી ક્રોધ નિપજે;
ક્રોધથી આવે મૂઢતા, મૂઢતા સ્મૃતિ હણે,
સ્મૃતિ લોપે નાશ 'બુદ્ધિનો' બુદ્ધિ નાશે વિનાશ છે.

વિનાશના આ પગથિયાં છે, અને તેનું આ એક ચિત્ર છે. તો ભાઇ ! તારી સ્મૃતિ ન હણાય એટલું ધ્યાન રાખજે. બાકી જો આદર્શ ઉંચો ન હોય તો ઉતરતા ઢાળ પર બેસતાં જ તે નીચે ગબડી જાય છે.

હે ભવ્યાત્મા ! સ્થુલ એવા આ સંસારમાં માનવી જેમ જેમ આસક્ત થતો જાય છે તેમ તેમ તે પરમાત્માથી દૂર થતો જાય છે. જીવને ક્યાંયે પણ તૃપ્તિ તેમજ સંતોષ નથી, ભલે ચૌદ ચોકડીનું (૬૦૪૮૦૦૦૦ વર્ષનું) રાજ્ય મળે યા ત્રણ લોકની સમૃદ્ધિ મળે તેમજ દુનિયાના સઘળાયે પદાર્થો મળે તો પણ જીવ સમજતો નથી કે આપણે જે જે જોઇએ છીએ અર્થાત્ અનુભવીએ છીએ તે નાશવંત છે. અથવા તો એ એક યા બીજે સમયે અદ્રશ્ય સૃષ્ટિમાં અદ્રશ્ય થવાનું છે એટલે સંકેલાતું જવાનું છે, અને નૂતન જગત નૂતન સ્વાંગમાં નૂતન લીલા વિસ્તારતું જ રહેવાનું છે. કદાચ સમય વહેતાં માનવીને માટે આકાશને તોડી પાડવાનું, વાયુને બાંધી લેવાનું કે સમુદ્રને મૂઠીમાં સમાવી દેવાનું પણ શક્ય બને પરંતુ

---

જેલમાં પૂર્યા પછી પિતાને આપઘાત દેખી ભારે પશ્ચાત્તાપ થયો. એ પણ એને જ આભારીને !

(૩) **માયાના આવેશમાં :-** આક્ષેપ કરવાથી ધર્મી એવી પણ ભોજાઈને પરભવે દુઃશીલતા, ચોરીના ભયંકર આળ આવ્યા ! છેવટે નહિ માનતી સીતાને પાછી સોંપવાના ઇરાદાવાળા બનેલાં રાવણને ખુમારીના આવેશે બીજા દિવસમાં કરેલાં યુધ્ધે ખતમ કરી નાખ્યો. એ પણ એને જ આભારીને !

(૪) **લોભના આવેશમાં :-** ચક્રવર્તી સુભૂમે લવણ સમુદ્રમાં વિમાન, પરિવાર અને પોતાના પ્રાણને પણ ભેટણું કર્યું. એ પણ એને જ આભારીને !

(૫) **કૌતુકના આવેશમાં :-** કુમકુમવાળા હાથે ઉપાડેલા ઇંડાનો વર્ણ પલટાઈ જવાથી મોરલી શોકાતુર બની. પરિણામે જે પાપ બંધાયું તેથી રૂક્મિણીને પુત્રરત્ન પ્રદ્યુમ્નનો સોળ વર્ષનો વિરહ સહન કરવો પડયો. એ પણ એને જ આભારીને !

(૬) **કામના આવેશમાં :-** ઈલાચીપુત્ર, ચિલાતીપુત્ર, રહનેમી, સિંહગુફાવાસી મુનિ વગેરે વગેરેના પસ્તાયાના અનેક દાખલા છે. તેમ બ્રહ્મદત્ત ચક્રી વિગેરેના પણ નરકાદિ દુઃખના પરિણામ પ્રસિદ્ધ છે.

(દિવ્યદર્શન) સં. **બાલમુનિ શ્રી મૃગેન્દ્રમુનિ મહારાજ**

આયુષ્યની સ્થિરતા રહેવા વિષેનો ભરોસો રાખી શકાય એ તો શક્ય જ નથી, એ તો અનિવાર્ય છે જ. એટલા માટે જ કે જેનાથી બીજો કશોય લાભ નથી, જે સુખથી મોટું બીજું કોઈ સુખ નથી અને જે જાણ્યા પછી બીજું કાંઇ જાણવાનું રહેતું નથી, એવા સર્વના આધારરૂપ પરમાત્મા એટલે સર્વાત્મા તથા સ્વ–આત્માને જાણવા અને પામવા માટે પરમમાર્ગના પ્રવાસી રહેવું એ જ ઉત્તમ પસંદગી છે. અને એ જ સર્વ અવસ્થાના અને સર્વ વ્યવહારોના આશ્રયભૂત દેહાદિઉપાધિરહિત અને ભ્રાંતિશૂન્ય છે કે એના જ અવલંબનથી જીવ શોક તથા મોહરહિત થાય છે, જેથી સર્વ વ્યવહારોમાં એ જ અવસ્થાનું અવલંબન શ્રેય સર્જનારૂં છે.

બંધુ ! આજે આ જન્મે અને આ દેહે આપણે જે વિકારી મનને નિર્મલ ન કરી શકીએ તો આવતી કાલે (આગામી ભવે) એવો સુયોગ મળશે તેની શી ખાત્રી ? સર્વે પ્રકારના ઝેરમાં વિકાર એ સૌથી વધુ હળાહળ ઝેર છે. કારણ કે એનાથી આ ભવ એક જ નહિં પણ ભવોભવનું બગડે છે. હાડ, માંસ, રૂધિર અને દુર્ગંધથી ભરેલા એવા એ નાશવંત દેહમાં જ રાચવું અને સાચી ફરજોને નેવે ચડાવવી એના જેવી આત્મઘાતક મૂર્ખાઈ અન્ય કોઇ પણ નથી. માટે જ જ્ઞાની એવા પરમપુરૂષો કહે છે કે, આ માનવદેહ કે જે ફરી મળવો દુર્લભ છે, એવો જે અમૂલ્યમાં અમૂલ્ય કહેવાય એ દેહનો ઉપયોગ શ્રેયના સાધન તરીકે જ કરવાનો હોય, અને એથી જ પરમ સત્યને પિછાણી શકાય છે. માટે જેમ ઉગેલો સૂર્ય આથમે અને આથમેલો સૂર્ય ઉગે એ સમય દરમ્યાન જે આયુષ્યનો સતત્ ક્ષય થઈ રહેલો છે, એ તું તારી સાધારણ બુદ્ધિથી પણ સમજી શકે એમ છે, એવી સ્થિતિમાં કેટલા જન્મો જીવે પસાર કર્યા છે ? છતાં પણ હંમેશનાં હજારો વ્યવસાયમાં જીવ ગૂંથાઈ રહેલો હોવાથી યાદ પણ કરી શકતો નથી, અને જન્મ–મરણની એ કષ્ટદાયી ઘટમાળ આસપાસ સતત ફરી રહેલી છે, છતાંય દિલને કશોય ત્રાસ થતો નથી. તેનું કારણ એ જ કે માનવી એ માયામદિરાની મસ્તીમાં હંમેશાં મસ્ત રહી અજ્ઞાનદશામાં વિચરી રહ્યો છે, અને એ અંધદશામાં સ્વ તેમજ પર કોઈનું પણ કશુંયે ભલું કરી શકતો નથી, એટલે પરમ સત્યના માર્ગને છોડી મનુષ્યો આડે રસ્તે ચાલવાનું પસંદ કરી રહ્યા છે.

કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણ માર્ગો જીવની આબાદી માટે શાસ્ત્રોમાં પ્રચલિત છે, જો કે આ ત્રણેય ભિન્ન છે, પણ તેનો સારાંશ એક જ છે, અને એ ત્રણેનો પરસ્પરનો સંબંધ પણ એવો છે કે, એકને સાધતાં બીજા બંન્નેની સાધના આપોઆપ જ થાય છે, એકને ભક્તિમાર્ગ રૂચે છે તો બીજાને કર્મમાર્ગે વિચરવું ગમે છે, જ્યારે ત્રીજો જ્ઞાનમાર્ગે વિચરે છે, તેમાં ભક્ત હોય છે તે ભગવાનમાં જ તલ્લીન થાય છે. અને એ તન્મયતામાં એની ઉપાસ્યમૂર્તિના સ્વરૂપનું જ્ઞાન તેને થતું રહે છે, અને એ સ્વરૂપજ્ઞાન જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ વિશુદ્ધિ વૃદ્ધિ પામે છે. પણ સકામ કર્મથી મુક્ત થવાય નહિં, સકામ કર્મનો જ્યારે ક્ષય થાય છે, ત્યારે ફરી જન્મ લેવો પડે છે. પરંતુ નિષ્કામ કર્મદ્વારા તો સાધક મૃત્યુના બંધને તોડીને ઇષ્ટસિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. માટે જ સઘળા શાસ્ત્રો એટલું જ કહે છે કે, સકામ કર્મથી કદાપિ પણ ઇષ્ટની પ્રાપ્તિ થતી નથી. બાકી આ સંસારમાં અનેક પ્રકારનું જ્ઞાન તથા સામર્થ્ય ધરાવનારા પ્રસિદ્ધ પુરૂષો ઘણીય

બાબતોને સફળ બનાવવા અનેક દિશામાં ભગીરથ પ્રયત્નો કરી રહેલાં છે, પણ એમના બધાય મનોરથો ફળીભૂત થતા નથી તેનું કારણ ?

અત્યારે જગતમાં જ્યાં જોઇશું ત્યાં મોહનીય કર્મના અંશોજ નજરે પડે છે, સંબંધોમાં સંકુચિતપણું અને ભાંડુ-ભાંડુઓમાં શ્વાનવૃત્તિ વ્યાપી રહેલી જોઈએ છીએ તેમજ દરેક લૌકિક સંબંધોમાં પણ સ્વાર્થી (કુરકુરીયા જેવી) વૃત્તિ જોવામાં આવે છે એ રીતે અનેક પ્રકારના સ્થુળ સંબંધોમાં કયાંયે એકતા રહી જણાતી નથી એ બધાય કારણોમાં મોહનું જ વર્ચસ્વ પ્રબળ રીતે જામેલું છે એમજ કહી શકાય. મનુષ્ય એ મોહનામના શત્રુનો પરાજય કરે! પરમપુરૂષોએ કહ્યું છે કે, જીવ જ્યારે મોહનીય કર્મથી મુકત બને છે અને ફરી તેને આધીન બનતો નથી ત્યારે જ તે આત્મા સંપૂર્ણ કર્મથી છુટીને અશરીરી બને છે અને પછી જ તે સિધ્ધ ભગવાન્ તરીકે ઓળખાય છે. એ વિષે વિદ્વાન પંડિતોએ કહ્યું છે કે,

यदि देहं पृथक् कृत्वा, चिति विश्राम्य तिष्ठति
अधुनैव सुखी शान्तो, बन्धमुक्तो भविष्यति

અર્થાત્ જો કેવળ દેહાભિમાન-દેહમાં આત્મબુદ્ધિને છોડી દેશો અર્થાત્ દેહથી તમે ભિન્ન છો એવો નિશ્ચય કરશો અને તમારા આત્મસ્વરૂપમાં જ વિશ્રાંતિ લેશો એટલે કે હું આત્મા છું એવો પાકો નિશ્ચય કરશો તો તેજ વખતે જીવનમુક્તિની નજીક પહોંચી જશો. આ પ્રમાણે આત્માને જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે જ તેને દિવ્યપ્રકાશ સાંપડે છે. અને એ પ્રકાશના તેજકિરણોના દિવ્યપ્રકાશે ચાલતાં સાચો માર્ગ સાંપડી રહે છે, જેથી એ સાધનાપંથનો પથિક પોતાના લક્ષ્યસ્થાને અવશ્ય પહોંચી શકે, બાકી તો એ માર્ગ ઘણો વિકટ છે. ઘણાંએક ઉપસર્ગો તથા અંતરાયો આવે એ તો અનિવાર્ય છે, પણ એકજ શ્રદ્ધાથી અડગ રહે તો તેનો બેડો પાર છે.


જૈનસમાજમાં વર્ષે ૮૫૦ પાનાનું વાંચન આપતું અને ૨૩૫૦ નકલનો ફેલાવો ધરાવતું કોઈ પણ માસિક હોય તો 'કલ્યાણ' છે.

**જાહેરખબરના દર આ મુજબ છે.**

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| ૧ પેજ | ૨૫ | ૬૦ | ૧૦૦ | ૧૫૦ |
| ૧/૨ ,, | ૧૫ | ૩૫ | ૬૦ | ૧૦૦ |
| ૧/૪ ,, | ૧૦ | ૨૫ | ૪૦ | ૬૫ |
| ૧/૮ ,, | ૭ | ૧૫ | ૨૫ | ૪૦ |

ટાઈટલ પેજ ૨ જું રૂા. ૩૫, ટાઈટલ પેજ ૩ જું રૂા. ૩૦
ટાઈટલ પેજ ૪ થું રૂા. ૪૦. એક જ વખતના

અશ્લીલ અને અશિષ્ટ જાહેરખબર લેવાતી નથી.

લખોઃ- કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા (સૌરાષ્ટ્ર)

# ઈર્ષ્યાનું પરિણામ

શ્રી હિંમતલાલ દોશી.

આપણા પૂર્વકાલની પરિસ્થિતિ જૂઓ ! જુના જમાનાના લોકો કેટલા સુખી અને સંતોષી હતા ! રાજાઓ પણ પોતાની પ્રજાને માટે કેટ-કેટલી દરકાર અને કાળજી રાખતા, પ્રજા પણ તે પ્રમાણે વર્તતી. તે જમાનામાં લોકો નિર્ભય રીતે રહેતા, લોકોમાં છળ, કપટ દગા વગેરેનું નામ-નિશાન ન હતું. ન્યાય અને સદાચારીપણે લોકો જીવતા.

લોકોના શરીર ખડતલ અને મજબુત હતા, વૃદ્ધ માણસ પણ, અત્યારના જુવાન માણસને શરમાવે તેટલી ઝડપથી કાર્ય કરતા.

શું અત્યારના આદર્શ કહેવાતા આપણને આ શરમરૂપ નથી ? એ આદર્શ ભૂતકાળ ! આજે થોડો શ્રમ કરતાં પણ પરસેવે રેબ-ઝેબ થઇ જનારા આપણને શું પડકાર રૂપ નથી ? આ માટે એક દૃષ્ટાંત બસ થઇ પડશે.

હેમન્તઋતુ ચાલી રહી હતી. સવારનો સમય હતો. પવન મંદ મંદ ફૂંકાઇ રહ્યો હતો, જાણે માનવીના કાનમાં ધીમી ધીમી વાતો ન કરી રહ્યો હોય ! વનરાજી જાણે સવારના આનંદમાં મસ્તપણે ડોલી રહી હતી નદીનો મીઠો કલ-રવ સવારના આનંદમાં વધારો કરતો હતો.

એ સમયે સૂર્ય પણ આનંદ માણી રહ્યો હોય તેમ પોતાનાં કિરણો આ આનંદભૂમિ પર પ્રસારી રહ્યો હતો. સૂર્યનાં કિરણો ભૂમી પર પડતાં જ, ઘાસ પર પડેલા ઝાકળના બિંદુઓ જાણે જમીન પર પારો પથરાયેલો હોય તેમ પ્રકાશી રહ્યા હતા.

આવા સુમધુર વાતાવરણમાં કેટલાક બાળકો એક શેરડીના ખેતરમાં આનંદથી નિર્દોષ-પણે રમત રમી રહ્યા હતા. સૂર્ય પણ આ બાળકોની રમતમાં ભાગ લેવા ઇચ્છતો હોય તેમ પોતાના કિરણો રૂપી કર બાળકોના ગુલાબી ગાલ ઉપર પ્રસારી રહ્યો હતો.

એક વૃધ્ધ સ્ત્રી, યુવાન સ્ત્રીને શરમાવે તેટલા ઉત્સાહથી અને જોમથી કાર્ય કરી રહી હતી. શું આજની આદર્શ કહેવાતી યુવતીમાં ઉત્સાહ તથા કાર્ય કરવાની શક્તિ મરી પરવારી છે ? આજની યુવતી જુઓ, તેનું શરીર કુમળું હોવા છતાં કંઇ જ કાર્ય કરી શકતું નથી.

કેવો ભવ્ય ભૂતકાળ !

એ આર્ય સ્ત્રી કેવા ઉત્સાહથી કાર્ય પાર પાડતી !

આજના આપણે થોડો શ્રમ લેવામાં થાકી જનારાઓને શું એ ભૂતકાળ પડકારરૂપ નથી ?

એવામાં કાર્ય કરી રહેલ એ વૃધ્ધ સ્ત્રીની દૃષ્ટિ દૂરદૂર પડે છે. કેવું હતું એ દૃશ્ય ?

દૂરદૂરથી કોઇ એક ઘોડેસ્વાર આવી રહ્યો હતો. ઘોડો વિજળી વેગે આવી રહ્યો હતો. તે મુસાફર જાણે શ્રમથી થાકેલો જણાતો હતો. કોણ હશે એ મુસાફર? શું હશે તેનું ધ્યેય ?

મુસાફર શેલડીના ખેતરમાં આવી પહોંચ્યો અને ઘોડા પરથી નીચે ઉતરી, વૃધ્ધા પાસે પાણી પીવા માંગ્યુ. વૃદ્ધ સ્ત્રીએ તેમનો સત્કાર કરી કહ્યું. " ભાઇ પાણીને બદલે શેલડીનો રસજ પીઓ ! "

આજના આપણે આતિથ્ય સત્કારમાં કેટલા કુશળ છીયે ? આપણે ભોજનનો આગ્રહ કરવો

તે તો એક તરફ રહ્યો, માત્ર પાણી પીવરાવવા માત્રમાં જ આતિથ્યસત્કારનો સંતોષ માની લઇએ છીયે.

વૃદ્ધ સ્ત્રી એક હાથમાં દાતરડું અને બીજા હાથમાં કાચનો પ્યાલો લઇ શેરડીના વાડ પાસે આવી ઉભી રહી. મુસાફર પણ ત્યાં આવી ઉભો રહ્યો. વૃદ્ધાએ શેરડીનાં સાંઠામાં દાતરડાવડે છેદ કર્યો. અને....અને....જોત-જોતામાં પ્યાલો રસથી ભરાઈ ગયો !

મુસાફર કંઇક વિચાર કરતો કરતો રસનો પ્યાલો પી ગયો, ફરી પ્યાલો ભરી આપવા કહ્યું.

વૃદ્ધાએ ફરી શેલડીમાં છેદ કર્યો, પણ....

અરે....! આ શું ? રસ બિલકુલ કેમ નીકળ્યો નહીં ? શું દેવો મારા પર કોપાયમાન થયા છે ? કે શું ભૂમિમાં રસકસ રહ્યો નથી ? કે શું રાજાની દાનત બગડી હશે ? વૃદ્ધા આ રીતે ચિંતાતુરપણે કહી રહી હતી.

એજ ક્ષણે મુસાફર વૃદ્ધાના ચરણમાં ઢળી પડયો.

“ મા ! મા ! હું એજ રાજા છું કે મેં તમારી આ સમૃદ્ધિ નિહાળી મારા મનમાં ઇર્ષ્યા કરી હતી, જરૂર આ લોકો ઘણાજ સમૃદ્ધ છે, માટે મારે ભારે કર નખી, સમૃદ્ધિથી મારા રાજ્યભંડાર ભરી દેવા જોઇએ. મા ! મને માફ કરો.

# દ્રવ્યાનુયોગની મહત્તા

પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર.

[ ઢાળ ૯ મી ગાથા ૮-૯-૧૦-૧૧ ]

[ ફેબ્રુઆરી ૧૯૫૬ અંક થી ચાલુ ]

વિશ્વના પદાર્થમાત્ર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ છે. એ સત્ય સમજવા માટે એકાંતમતના મંતવ્યોનો ત્યાગ કરીને અનેકાંતમતની માન્યતાઓ મનમાં ઉતારવી જોઇએ. જ્યાં સુધી એકાંતમતની વાસના ગઈ નથી ત્યાં સુધી સત્નું સત્ય સ્વરૂપ સમજવું શક્ય નથી. સીધી-સાદી વાત પણ વિપરીત વાસનાને બળે વિપરીત ભાસે છે. કાર્યકારણભાવના કુતર્કમાં ગુંચવાએલો આત્મા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના સ્વરૂપના સમુચિત વિચારમાં ગુંચવાઈ જાય છે, જ્યારે એ કુતર્ક છુટી જાય છે ત્યારે જે વિચારો તેને ગુંચવણ ઊભી કરતા હતા તેજ વિચારો તેને વ્યવસ્થિત કરે છે.

સોનાના ઘડાનો નાશ, સોનાના મુગટની ઉત્પત્તિ અને સોનાનું ધ્રૌવ્ય એ સ્થુલ દ્રષ્ટાંતથી અને તેથી ઉત્પન્ન થતા શોક, હર્ષ અને માધ્યસ્થ્યરૂપ ત્રણ કાર્યથી એક જ પદાર્થમાં ઉત્પાદાદિ ત્રણ જે સમજાવવામાં આવે છે તેમાં ન્યાયદર્શનની કાર્યકારણભાવની વિચારણા ગૂંચવણ ઊભી કરે છે. ન્યાયદર્શન એમ કહે છે કે, સુવર્ણઘટનાશ સુવર્ણમુકુટોત્પત્તિમાં કારણ છે. કારણ પૂર્વક્ષણમાં રહે અને કાર્ય ઉત્તરક્ષણમાં થાય. એટલે સુવર્ણઘટનાશ અને સુવર્ણમુકુટોત્પત્તિ એ બંન્ને એક ક્ષણમાં રહ્યા નહિં. જે નાશનો પ્રથમ ક્ષણ છે તેમાં નાશ છે, અને ઉત્પત્તિ નથી. એટલે એક જ પદાર્થમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે રહે છે એ યથાર્થ નથી. વળી સુવર્ણઘટનાશ અને સુવર્ણમુકુટોત્પત્તિ એ બંન્ને ભિન્ન છે, પ્રથમ સુવર્ણઘટ નાશ થાય છે, અને તદુત્તર સુવર્ણમુકુટોત્પત્તિ થાય છે. એટલે નાશ એ પૂર્વવર્તી છે, અને ઉત્પત્તિ ઉત્તરવર્તિની છે. એ પ્રમાણે સમકાલે એ બે રહેતાં નથી.

કાર્યકારણભાવના સંસ્કારો ઉપર ઉપરથી ઉપરની વાતને મનમાં વ્યાજબી છે એમ જચાવી દે એવા છે

પણ સૂક્ષ્મ વિચારણા કરીએ ત્યારે ઉપરના વિચારો ગેરવ્યાજબી લાગે અને ઉત્પાદાદિ ત્રણે એક કાળે એક પદાર્થમાં રહે છે તેમાં જરાપણ ગૂંચવણ રહે નહિં. સુવર્ણઘટનો નાશ અને સુવર્ણમુકુટની ઉત્પત્તિ એ બંન્નેમાં પરાપૂર્વભાવ નથી. બંન્ને એક કાળે થાય છે. એ બંન્નેમાં કાર્યકારણભાવનો સંબંધ પણ માનવાની જરૂર નથી.

સુવર્ણના અવયવો ઘટરૂપે ગોઠવાએલા હતા તે સમકાળે છૂટા થઇને મુકુટરૂપે ગોઠવાય છે એટલે મુકુટની ઉત્પત્તિ થાય છે, અને ઘટનો નાશ થાય છે. સુવર્ણઘટના નાશમાં અને સુવર્ણમુકુટની ઉત્પત્તિમાં સુવર્ણઘટાવયવ વિભાવિક કારણ છે, એ કારણ માનેલ જ છે, નવું માનવાનું નથી. એથી જ્યારે કાર્યસિદ્ધિમાં કોઇ પણ બાધ આવતો નથી તો શા માટે ઘટનાશને વ્યર્થ કારણરૂપે માનવો જોઇએ. ઘટનાશને કારણ માનીને તેને પૂર્વમાં રાખવા માટે પ્રયત્ન કરવો અને તેથી નાશ અને ઉત્પત્તિ એ બંન્ને એક સાથે રહેતાં નથી એ પ્રમાણે પ્રતિપાદન કરવું એ સર્વ વ્યર્થ મતિવ્યય છે.

હજાર તંતુનો બનેલ એક મહાપટ છે તેમાંથી ખંડપટ કરવામાં આવે તેમાં મહાપટનો નાશ થાય ને એ ખંડપટમાં કારણરૂપ બને એવું માનવું એ બીલકુલ જરૂરી નથી. એકાદિતંતુસંયોગોનું છૂટા પડવું, એને કારણ માનવું પડે છે, અને તેથી મહાપટનો નાશ અને ખંડપટની ઉત્પત્તિ એ બંન્ને કાર્યો એ સાથે પતી જાય છે. બીજો કોઇ વિરોધ એમ માનતાં આવતો નથી. તો શા માટે વ્યર્થ કલ્પના જાળમાં ફસાવું જોઇએ. ખંડપટની ઉત્પત્તિમાં મહાપટનાશને કારણભૂત માનવામાં મહાગૌરવ થાય છે એ નૈયાયિક પણ સમજી શકે છે, એકાંતભેદની વાસનાને પરવશ નૈયાયિક નાશ અને ઉત્પત્તિ એક સાથે એકમાં રહે છે એવો વિચાર પણ રહી શકતો નથી, અને તેથી મહાગૌરવને પણ ફલમુખ ગૌરવ માનીને નભાવી લે છે. બાકી વાતવાતમાં નૈયાયિકને બોલવાની આદત છે કે, જેમાં કલ્પનાગૌરવ હોય એવા પક્ષને અમે સહન કરી શકતા નથી, અને જેમાં કલ્પનાલાઘવ હોય એવા પક્ષને અમે સહન કરીએ છીએ.

**कल्पनागौरवं यत्र, तं पक्षं न सहामहे ॥**
**कल्पनालाघवं यत्र, तं पक्षं तु सहामहे ॥१॥**

આવી સ્વતંત્ર વિચારણા ધરાવતો નૈયાયિક પણ કાર્યકારણભાવની લાઘવસ્થિતિને દૂર કરીને મહાગૌરવભૂત વિચારણામાં કેમ દોરવાઇ ગયો છે એ પણ એક આશ્ચર્ય છે. એકાંતભેદની પકડ આવી ઊંધી વિચારણાઓ કરાવતી હોય છે.

સોનાનો ઘડો અને સોનાનો મુકટ એમાં કાર્યકારણભાવની ગૂંચવણ ઉભી કરીને કેટલાકને એક જ પદાર્થમાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એક સાથે રહે છે એ સમજવું મુશ્કેલ પડે તે માટે એક બીજું ઉદાહરણ ખાસ મનન કરવા જેવું છે.

દુધમાં મેળવણ નાખવાથી તે દહીંરૂપ થાય છે, તે દહીંમાં દુધનો નાશ અને દધિની ઉત્પત્તિ એ બંન્ને એક કાલે છે. જે વસ્તુ વર્તમાનમાં દધિસ્વરૂપે તે પૂર્વે દુધરૂપે હતી, દુધ અને દધિ એ બંન્ને ગોરસરૂપે કાયમ છે, એટલે દુધ જ ખાવું એવા નિયમવાળો દહીં ખાતો નથી, એ જ પ્રમાણે દહીં જ ખાવું એવા નિયમવાળો દુધ ખાતો નથી, ગોરસ ન ખાવું એવા નિયમવાળો દુધ અને દહીં એ બંન્ને ખાતો નથી. દુધ જ ખાવું એવા નિયમવાળો દહીં ખાય તો તેનો નિયમ ભાંગે; કારણ કે, દહીં એ દુધ નથી. દહીંમાં દુધનો નાશ છે, દહીં જ ખાવું એવા નિયમવાળો દુધ ખાય તો તેનો નિયમ ભાંગે; કારણ કે, દુધમાં દહીંની ઉત્પત્તિ થઇ નથી. ગોરસ ન ખાવું એવા નિયમવાળો દુધ કે દહીં એ બેમાંથી ગમે તે ખાય તો પણ તેનો નિયમ ભાંગે. કારણ કે, એ બંન્ને ગોરસ છે. એટલે દહીંમાં દુધનો નાશ, દહીંની ઉત્પત્તિ અને ગોરસની સ્થિતિ છે એટલે તે ત્રિલક્ષણ છે. આ દુધ–દહીંનું ઉદાહરણ જેઓ દુધ–દહીં એક જ છે. માત્ર પરિણામ ફરેલ છે, વસ્તુ ફરી નથી એમ જેઓ માને છે, અને એ પ્રમાણે માનીને પદાર્થ ત્રિલક્ષણ નથી એમ માનવા–મનાવવા પ્રયત્ન કરે છે તેઓને માટે ખાસ વિચારવા જેવું છે. જો દુધ અને દહીં જુદા નથી એમ માનવામાં આવે તો દુધ જ ખાવું એવા નિયમવાળાને દહીં અને દહીં જ ખાવું એવા નિયમવાળાને દુધ

ખાવામાં નિયમનો ભંગ થાય નહિં. પણ નિયમભંગ થાય છે એ સર્વમાન્ય છે.

**पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः ॥**
**अगोरसव्रतो नोभे, तस्माद्वस्तु त्रयात्मकम् ॥**

ઉપર પ્રમાણે પદાર્થમાત્રમાં વિચારી શકાય, દ્રવ્ય અને પર્યાયોની વ્યવસ્થા જે પ્રમાણે છે, તે પ્રમાણે તે યથાર્થ સમજીને પદાર્થનું સ્વરૂપ યથાવસ્થિત વિચારવામાં આવે તો કોઈપણ પદાર્થ કેવળ અન્વયી જ છે કે કોઇ પણ પદાર્થ કેવળ વ્યતિરેકી સ્વરૂપ જ છે, એવું જણાય નહિં. પદાર્થમાત્ર અન્વય-વ્યતિરેકી રૂપ છે. એ પ્રમાણે સ્પષ્ટ જણાય. અન્ય દર્શનીઓ જે કહે છે કે, કેટલાક ભાવો કેવળ અન્વયી છે, અને કેટલાક ભાવો કેવળ વ્યતિરેકી છે તે યથાર્થ નથી તે તે ભાવો પણ સ્યાદ્વાદદષ્ટિથી અન્વય-વ્યતિરેકી છે, એ સહજ સમજાય છે.

**उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ।५।२९।** (તત્ત્વાર્થસૂત્ર)

સત્‌નું આ સ્વરૂપ છે, આ સિવાય અન્ય કાંઈ-પણ સત્‌નું સ્વરૂપ છે નહિં, એટલે જ્યાં સત્તા છે ત્યાં આ ત્રણે લક્ષણો છે. જો સત્તા પ્રત્યક્ષ છે તો ત્રણે લક્ષણો પ્રત્યક્ષ છે. પદાર્થમાં ત્રણે લક્ષણો અનુમાનાદિ પ્રમાણોથી જે દર્શાવવામાં આવે છે તે તો સદ્‌વ્યવહારને વિશદ અને દ્રઢ કરવા માટે છે.

ઉપર કહ્યું એ પ્રમાણે પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે એ સમજાય પણ જે ઘટ-પટ વગેરે ઉત્પન્ન થઈ ગયા છે તેમાં પ્રથમક્ષણ સિવાયના ક્ષણોમાં ઉત્પાદાદિ કઇ રીતે સંભવે? જે માટે પ્રથમક્ષણ સમ્બન્ધરૂપ ઉત્તર પર્યાય ઉત્પત્તિ એજ પૂર્વપર્યાય નાશ એ નિશ્ચિત થયેલ છે, એટલે ઉત્પત્તિ અને નાશ પ્રથમક્ષણે થઈ ગયા હવે જ્યાં સુધી ઘટ વગેરે સ્થાયી છે ત્યાં સુધી ધ્રૌવ્ય ઘટે છે. પણ ઉત્પાદ-વ્યય કેમ સંભવે ?

સ્થૂલ વ્યવહાર દષ્ટિવાળાને ઉપર પ્રમાણે પ્રશ્ન થાય પણ સૂક્ષ્મવ્યવહારદષ્ટિ અને ઋજુસૂત્રદષ્ટિથી વિચારતાં ઉપરના પ્રશ્નનું સમાધાન સહજ રીતે થઇ જાય છે. તે આ પ્રમાણે:-

ઋજુસૂત્રનયની દ્રષ્ટિ સ્પષ્ટ સમજાવે છે કે, પદાર્થમાત્ર ક્ષણે ક્ષણે પરાવર્તન પામે છે. પ્રથમ સમયે જે પદાર્થ જે સ્વરૂપે હોય છે તે દ્વિતીય સમયે તે સ્વરૂપે રહેતો નથી. બીજે સમયે તે બીજા સ્વરૂપે થઇ જાય છે. એમ સમયે સમયે ફર્યા જ કરે છે. એટલે પ્રતિસમય પદાર્થમાત્રમાં ઉત્પાદ-વ્યય રહે છે. એ નયની દ્રષ્ટિથી ધ્રૌવ્ય સમજી કે સમજાવી શકાતું નથી તે માટે નૈગમાદિ દૃષ્ટિથી વિચારવું પડે છે. એ બંને દૃષ્ટિઓનો સમન્વય થાય ત્યારે ઉત્પાદાદિ ત્રણે લક્ષણો પદાર્થમાં સ્પષ્ટ સમજાય છે અને સ્થિર થાય છે.

સૂક્ષ્મ વ્યવહારદષ્ટિથી વિચારીએ ત્યારે જે ઘટ પ્રથમ ક્ષણે ઉત્પન્ન થયો છે તેમાં તે ક્ષણે ઉત્પત્તિ છે પણ તે ઉત્પત્તિ તે ક્ષણ પૂરતી છે. દ્વિતીયાદિ ક્ષણમાં તો તે ઉત્પત્તિ અને નાશ રહેતા નથી, પણ ધ્રૌવ્ય સ્વરૂપને પામી જાય છે. ઘડો ઉત્પન્ન થયો એમ સામાન્યપણે કહેવાય છે, અને ઘડો નાશ પામ્યો એમ પણ સામાન્યપણે કહેવાય છે. પણ જો વિશેષપણે પૂછવામાં આવે કે ઘડો કયારે ઉત્પન્ન થયો ? તો કહેવાય કે ઘડો કાલે ઉત્પન્ન થયો. એ જ પ્રમાણે પૂછવામાં આવે કે ઘડો કયારે નાશ પામ્યો ? તો કહેવાય કે ઘડો કાલે નાશ પામ્યો. એ રીતે સૂક્ષ્મ રીતે પૂછવામાં આવે ત્યારે કહેવાય કે અમુક ક્ષણે ઉત્પન્ન થયો છે, તે પછીના ક્ષણોમાં ઉત્પન્ન થયો નથી. એટલે ઘટની ઉત્પત્તિમાં અમુક ક્ષણની વિશિષ્ટતા છે, બીજા ક્ષણમાં તે ક્ષણની વિશિષ્ટતા નથી એ સમજી શકાય છે. ઉત્પન્ન થયેલા ઘટમાં પ્રથમ ક્ષણે દ્વિતીય ક્ષણ સંબંધ વિશિષ્ટતા નથી એ સ્પષ્ટ છે. એ તો જ્યારે ઘટ દ્વિતીય ક્ષણમાં આવે છે ત્યારે જ થાય છે, અને દ્વિતીય ક્ષણમાં ઘટ આવે છે ત્યારે તેમાં પ્રથમ ક્ષણ વિશિષ્ટતા રહેતી નથી તે વિલય પામી જાય છે. એ રીતે દ્વિતીય ક્ષણે ઘટમાં પ્રથમ ક્ષણ સંબંધ વિશિષ્ટતાનો નાશ અને દ્વિતીય ક્ષણ સંબંધ વિશિષ્ટતાની ઉત્પત્તિ રહે છે. ધ્રૌવ્ય તો પ્રગટ જણાય છે. એ પ્રમાણે ઉત્તરોત્તર ક્ષણોમાં વિચારવું. આ તો એક પ્રકારે વિચાર્યું. તે તે આત્માની જ્ઞાનવિષયિતા, ભિન્ન ભિન્ન આત્માને ભિન્ન ભિન્નપણે ઉપયોગમાં આવવાપણું વગેરે અનેક પ્રકારે પ્રતિક્ષણે ત્રિલક્ષણ

સ્વરૂપ વિચારાય.

કોઈપણ પદાર્થને ઉપર પ્રમાણે વિચારવામાં આવે તો તેમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય છે એ સમજણમાં ગુંચ ન આવે.

*

દરેક પદાર્થમાં પ્રતિસમય પર્યાયોનું પરાવર્તન થયા જ કરે છે. કોઈ પણ પદાર્થ એવો નથી કે જે એક સમયે જેવો હોય તેવો બીજે જ સમયે તે તેવો જ હોય કે તેમાં પરાવર્તન ન થયું હોય. પદાર્થનું પૂર્વસ્વરૂપ જે ફરે છે-દૂર થાય છે તે નાશ છે અને નવું સ્વરૂપ થાય છે તે ઉત્પત્તિ છે. નિશ્ચય-નય-ઋજુસૂત્રનય ઉપરની હકીકતને સ્પષ્ટ માને છે, અને એ રીતે સમજાવે છે. એ અનુસારે **क्रियमाणे कडे** ( કરાતું કર્યું ) ઇત્યાદિ આગમવચનો યથાર્થ છે. ઉત્પન્ન થવાનો અને ઉત્પન્ન થયાનો સમય એક જ છે.

વ્યવહારનયની માન્યતા પ્રમાણે '**उत्पद्यते, उत्पन्नम्, उत्पत्स्यते, नश्यति, नष्टम्, नङ्क्ष्यति**' (ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયું, ઉત્પન્ન થશે; નાશ પામે છે, નાશ પામ્યું છે, નાશ પામશે) એ પ્રમાણે જે વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ભિન્નભિન્ન ત્રણે કાલનો પ્રયોગ થાય છે તે પણ પ્રતિક્ષણ પર્યાયોત્પત્તિ નાશવાદી ઋજુસૂત્રનયના અનુગ્રહને લઈને છે. કારણ કે ઋજુસૂત્રનય સમયપ્રમાણ વસ્તુ માને છે. તેમાં જે સમયે ઉત્પત્તિ અને નાશ થાય છે તે વર્તમાન સમયને આશ્રયીને **उत्पद्यते नश्यति** કહેવાય છે. તે સમય જ્યારે અતીત થાય છે ત્યારે તેને આશ્રયીને **उत्पन्नः नष्टः**, કહેવાય છે, અને તે સમય જ્યારે અનાગત હોય છે ત્યારે તેને આશ્રયીને **उत्पत्स्यते, नङ्क्ष्यति** કહેવાય છે. આ વ્યવસ્થામાં બધે '**स्यात्**' શબ્દપ્રયોગ હોય છે, તેથી તે શુધ્ધ કહેવાય છે.

પર્યાયોની ઉત્પત્તિ કે નાશના સમયપ્રમાણ સૂક્ષ્મ-કાળને અથવા ઔપચારિક સ્થૂલકાળને ઋજુસૂત્રનયને આશ્રયીને સ્પષ્ટ કરવામાં ન આવે તો કેવળ વ્યવહાર નય ત્રણે કાળના શબ્દપ્રયોગોની વ્યવસ્થા કઈ રીતે કરી શકે? અર્થાત્ ન કરી શકે.

આ પ્રમાણે સમયે સમયે ઉત્પત્તિ અને વિનાશ સ્પષ્ટ સમજાય એટલે ધ્રૌવ્ય જે પ્રત્યક્ષ જણાય છે, અને દ્રવ્યાર્થિકનયથી તે શુધ્ધ છે તે પણ અંદર મળે અને પદાર્થ ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એ ત્રિલક્ષણ સ્વરૂપ છે, એ દૃઢ થાય.

[ ચાલુ ]

## * શુભેચ્છા પાઠવતો પત્ર *

'કલ્યાણ' માસિક તેરમા વર્ષમાં પ્રવેશ કરે છે, એ વાંચતાં મને અભિપ્રાય લખવાનું મન થયું. સારાયે જૈનસમાજમાં 'કલ્યાણ' માસિકે જે સ્થાન અને યશ પ્રાપ્ત કર્યો છે તે પ્રશંસાપાત્ર છે. મને લખતાં આનંદ થાય છે કે, જૈનસમાજમાં આવા માસિકોથી સારો એવો ફાયદો છે. કારણ કે કોઈ જાતના મતભેદો અને કદાગ્રહ વિના કાર્ય ચાલુ છે. આ કળિકાળમાં જ્યારે જૈનો ઉપર, તીર્થો ઉપર, કે ધર્મ ઉપર આક્ષેપો થતા હોય ત્યારે વિગતવાર તેની સામે લેખો લખી સામગ્રી પીરસવા મારી નમ્ર વિનંતિ છે. કોઈ પણ પ્રકારના પક્ષપાત વિના આ માસિક ચાલે છે તેવી જ રીતે ચાલતું રહે. એ જ વિનંતિ.... 'કલ્યાણ અમર રહો!'

પાલીતાણા. મા. શામજી સાઇચંદ શાહ.

# કુળવધૂ

લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી.

( 'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા )

**વહી ગયેલી વાર્તા :** પ્રાતનપુરનો શ્રેષ્ઠીપુત્ર દેવદિન્ન પોતાની પત્ની સરસ્વતીને પરણ્યાની પહેલી રાતે કાઢી મૂકે છે. પોતે કમાવાને માટે સુંદરપુરનગરમાં આવે છે. ત્યાં રાજાની માનીતી કુટપ્રભાની કપટજાળમાં ફસાય છે. પોતાનું સર્વસ્વ ગુમાવી તે કુટપ્રભાનો ગુલામ બને છે. દેવદિન્નના પિતા પ્રિયંગુને આ વર્તમાન મળે છે. સરસ્વતી પોતાના પતિને ગુલામીમાંથી મુક્ત કરાવવા પોતાના શ્વસૂરની સંમતિ મેળવીને નીકળે છે. સોમદત્ત નામ રાખીને તે અમરેનગરીમાં આવે છે. પોતાની કુશળતાથી તે કુટપ્રભાનો પરાભવ કરે છે. કુટપ્રભા સોમદત્તના દાસીભાવને સ્વીકારે છે. સોમદત્ત કુટપ્રભાના બધાયે દાસોને મુક્ત કરે છે, કુટપ્રભાને પણ રાજાના આગ્રહથી મુક્ત કરે છે. એક દેવદિન્નને પોતાની સાથે લઇને સોમદત્ત (સરસ્વતી) સ્વદેશ ભણી પ્રયાણ કરે છે. બીજે દિવસે સવારે દેવદિન્નને પોતાના સેવકદ્વારા સોમદત્ત શેઠ (સરસ્વતી) પોતાની પાસે બોલાવે છે. હવે વાંચો આગળ:—

## પ્રકરણ ૧૧ મું.

### મંથનનું વિષ :

દેવદિન્ન જ્યારે સોમદત્ત શેઠના કક્ષમાં પહોંચ્યો ત્યારે સરસ્વતી રૂવાબદાર પુરુષવેશમાં એક વિરામાસન પર બેઠી હતી.

દેવદિન્ન તેને નમસ્કાર કરીને ઉભો રહ્યો.

સરસ્વતીએ એના સામે જોઇને કહ્યું. "તમારું નામ શું છે ?"

"દેવદિન્ન...."

"નામ તો વિચિત્ર છે. તમને તમારી પરિસ્થિતિનો ખ્યાલ હોય તેમ જણાતું નથી." સરસ્વતીએ જરા કડકાઈથી કહ્યું.

દેવદિન્ન અવાક્ બનીને ઉભો રહ્યો.

સરસ્વતીએ કહ્યું "તમારે એ ન ભૂલવું જોઇએ કે તમે મારા દાસ છો. એક પ્રહર દિવસ પછી તમે જાગો તે બરાબર ન ગણાય. હવેથી કાળજી રાખજો અને આજથી મારો કક્ષ સ્વચ્છ રાખવાનું કામ તમે કરજો."

દેવદિન્ન કરુણસ્વરે બોલી ઉઠયો; "શેઠજી, મને ક્ષમા કરજો. આખી રાત સુધી મને વિચારો જ આવતા હતા. છેક પાછલી રાતે નિદ્રા આવી હતી એટલે મોડો જાગ્યો છું. હવે એવું નહિં બને."

સરસ્વતીના મનમાં એક કુતુહલ થયું. તેણે પ્રશ્ન કર્યો; "આખી રાત વિચારો આવતા હતા ?"

"હા, શેઠજી."

"મા-બાપ યાદ આવતા હતા ?" સરસ્વતીએ પ્રશ્ન કર્યો.

"હા, શેઠજી. મા-બાપ કોને યાદ ન આવે ?" દેવદિન્ને કરુણસ્વરે કહ્યું.

"આપ પરણેલા છો ?"

"હા...."

"ત્યારે તો પત્ની પણ યાદ આવતી હશે !" આછા હાસ્ય સહિત સોમદત્તરૂપી સરસ્વતીએ કહ્યું.

દેવદિન્ન નીચે નજર રાખીને જ બોલ્યો. "જી હા...."

"પત્નીનું નામ કહી શકશો ?" આ પ્રશ્ન

કરતી વખતે સરસ્વતીનું હૃદય ઝણઝણી ઉઠયું.

દેવદિન્ને કહ્યું. "મારી પત્નીનું નામ સરસ્વતી છે."

"નામ તો સુંદર છે. સ્વભાવ પણ સારો જ હશે?"

"શેઠજી, હું આપને શું કહું?" દેવદિન્નના હૃદય પર વેદનાની એક લહેર દોડી રહી હતી.

દેવદિન્નના ચહેરા સામે તીક્ષ્ણનજરે જોઇને સોમદત્તે કહ્યું "હું સમજી ગયો. પત્નીનો સ્વભાવ સારો હોય તો કોઈ જુવાન માણસ એને છોડીને આવો પ્રવાસ ન કરે....! તમારા દુઃખ પ્રત્યે હું સહાનુભૂતિ દર્શાવું છું...."

"શેઠજી...."

"કેમ?"

"મારી પત્નીના સ્વભાવની આવી કલ્પના કરીને એને આપ અન્યાય ન કરશો. એનો સ્વભાવ ઘણો ઉત્તમ છે. પરંતુ...."

"ઓહ! ત્યારે એ રૂપવતી નહિં હોય!"

"એમ પણ નથી....એના જેવી રૂપવતી સુંદરી જગતમાં ભાગ્યે જ હશે" દેવદિન્ને કંઇક સંકોચ સાથે જણાવ્યું.

સ્વામીના મુખેથી આ શબ્દો સાંભળીને સરસ્વતીના હૈયામાં ખળભળાટ મચવા માંડયો. છતાં તે ધૈર્ય રાખીને બોલી "ત્યારે તમે કહેતા કેમ અચકાયા?"

"શેઠજી મને ક્ષમા કરો મારા હાથે એક ભયંકર અન્યાય થઈ ગયો છે. કૃપા કરીને આપ મને આ બાબતનો પ્રશ્ન પૂછશો નહિ." દેવદિન્ને જણાવ્યું.

"વેદનાથી વ્યથિત થયેલું તમારૂં વદન જોઇને જ હું આ પ્રશ્ન પૂછી રહ્યો છું. પરંતુ તમારા જીવનની કોઈપણ વાત તાજી કરાવીને તમને દુઃખ દેવા નથી ઈચ્છતો. તમે જાઓ અને કામ કરો." સરસ્વતીએ પરાણે આ આજ્ઞા આપી. તેનું ચિત્ત તો અત્યારે જ સઘળો ભેદ ખોલવા તૈયાર થઈ ગયું હતું.

દેવદિન્ન એમ ને એમ મૌનભાવે ઉભો રહ્યો.

સરસ્વતીએ કહ્યું. "હવે તમે જઈ શકો છો."

દેવદિન્ને બે હાથ જોડી કહ્યું. "આપ ઘણા ઉદાર હૃદયના છો. મારા પર એક કૃપા કરો તો...."

"કહો....!"

"મને દાસત્વનાં બંધનમાંથી મુક્ત કરો."

"તમારી મનોવેદનાની મને વહેલી ખબર પડી હોત તો હું અન્ય કોઇને રાખીને તમને મુક્ત કરત, હવે તો એ બનવું અસંભવિત છે. કારણ કે તમારા ચહેરા પર મેં પ્રમાણિકતાનો ગુણ જોયો હતો અને એથી જ તમને છોડયા ન હોતા...."

"ઓહ!"

"કેમ?"

"કંઇ નહિં શેઠજી, મારા હાથે થયેલા એક અન્યાયનું પ્રાયશ્ચિત્ત હું બીજી રીતે કરી લઇશ." દેવદિન્ન આટલું કહીને બહાર જવા અગ્રસર થયો.

સરસ્વતીએ કહ્યું. "દેવદિન્ન! ઉભા રહો હું તમને એક સગવડ આપીશ. તમને મારા દાસ તરીકે નહિં પણ મિત્ર તરીકે રાખીશ, તમને કોઇ પણ પ્રકારની તકલીફ નહિં પડવા દઉં...."

" આપની કૃપા....." કહીને દેવદિન્ન નમસ્કાર કરી કક્ષ બહાર નીકળી ગયો.

બીજા બે ત્રણ દિવસ ચાલ્યા ગયા. સરસ્વતીએ દેવદિન્નના ખોરાક વગેરેની ખાસ વ્યવસ્થા કરાવી અને તેને કોઇપણ કામ ન કરાવતાં શાંતિથી બેસી રહેવાનું જ જણાવ્યું.

એક દિવસ મધ્યાહ્‌ન સમયે દેવદિન્ન અનંત સાગર તરફ સ્થિર નજરે જોતાં વહાણના તુતક પર ઉભો હતો. તેના હૈયામાં એમજ થતું કે, મેં વગર વિચાર્યે પત્ની ઉપર અન્યાય કર્યો છે ! સ્ત્રી કદાચ કોઇ પણ પ્રસંગે આવેશમાં કશું બોલી ગઈ હોય, અને પુરૂષ જો એને પચાવી પણ ન શકે તો પુરૂષના પૌરુષની કિંમત ક્યાં રહી ?

પુરૂષને દરિયાવદિલ કહ્યો છે, પુરૂષને ઉદાર અને આફતો સહન કરનારો જણાવ્યો છે, પણ જે પુરૂષ એક કન્યાના સ્વાભાવિક નીકળેલા શબ્દોયે સહી શકે નહિં અને કાળજામાં વિષના અગ્નિ–સ્ફુલિંગ માફક જાળવી રાખે, તે પુરૂષને જગતમાં એક પુરૂષ તરીકે ઓળખાવાનો શો અધિકાર છે ? આ બધા વિચારો દેવદિન્નના હૈયાને વલોવી રહ્યા હતા. તેના મનઃચક્ષુ સામે નવપરિણીત પત્નીનો કોમળ મધુર ચહેરો યાદ આવ્યો. પરણીને ઘેર આવી, માતા–પિતાને નમસ્કાર કરી પોતે પત્નીને લઇને તરત પાછો ફર્યો હતો. પત્નીને ખબર પણ નહોતી કે, મારા પર એક આફત ઉતરવાની છે ! ઓહ ! સરસ્વતી કેટલી સ્વસ્થ રહી હતી. એક પણ શબ્દ બોલ્યા વગર ચાલી ગઈ હતી. પણ એના હૈયામાં કેટલાં આંસુ ઉછળતાં હતાં ? ના....ના મેં ભયંકર અન્યાય કર્યો છે. આ અન્યાયનું મારે પ્રાયશ્ચિત કરવું જ જોઇએ.'

મન પોકારી ઉઠયું ' પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત !'

દેવદિન્ને ચારે દિશાએ નજર કરી અનંત અસીમ અને અગાધ સાગર કોઇ જોગંદર સમો સમાધિસ્થ બનેલો જણાતો હતો.

દેવદિન્નના દિલમાં એક વિચાર આવ્યો. સાગરના અગાધ જળમાં કુદી પડું, પ્રાયશ્ચિત પણ થશે અને દુઃખનો અંત પણ આવી જશે.

માનવીનું મન જ્યારે વિકળ બને છે ત્યારે તેની વિવેકબુદ્ધિ ડહોળાઈ જાય છે અને જ્ઞાનશક્તિ કુંઠિત બની જાય છે. દેવદિન્ન જૈન હતો; જૈનતત્ત્વદર્શન અંગે તેણે અભ્યાસ કાળમાં ખૂબ વિચાર્યું પણ હતું. તે સમજતો હતો કે આત્મહત્યા એ કોઇપણ કાળે પ્રાયશ્ચિત નથી, પાપ જ છે, ઘોર પાપ છે. દુષ્કર્મનો ઉદય આવે ત્યારે જ આપઘાત કરવાના વિચારો ઉભા થાય છે. આત્મહત્યાના વિચાર પાછળ કાંતો રાગ હોય છે, કાં અતૃપ્તિ હોય છે, કાં નિષ્ફળતા હોય છે, કાં ક્રોધ હોય છે, કાં દ્વેષ હોય છે અને અજ્ઞાન તો હોય જ છે !

પરંતુ આ બધા વિચારો અત્યારે દેવદિન્નનાં હૈયામાંથી અળગા થઇ ગયા હતા. અત્યારે તો તેનું મન એકજ વાત ઝંખતું હતું કે મારા હાથે થયેલા અન્યાયનો બદલો મારે જ ચૂકવવો જોઇએ.

જ્યારે એક ધૂન માનવીનાં હૃદયને અને જ્ઞાનતંતુને ઝકડી લે છે ત્યારે માનવી પોતાની ધૂન સિવાયનું બીજું સઘળું અસત્ય જ માનતો હોય છે.

દેવદિન્નને પણ એમ જ થયું. તેણે આગળ પાછળનાં કશા વિચારને મનમાં સ્થાન આપવા દીધું નહિં. તેણે વહાણ તરફ નજર કરી આસ-

પાસ જોયું. ખલાસીઓ પોત-પોતાનાં કામમાં મસ્ત હતા. કોઇની આ તરફ દૃષ્ટિ ન હોતી.

પણ તેણે મધ્યસ્થંભ તરફ નજર કરી હોત તો તે જોઈ શકત કે સોમદત્ત શેઠ એ સ્થંભ પાસે જ ઉભા છે અને પોતા તરફ સ્થિર નજરે જોઈ રહ્યા છે.

આત્મહત્યાનો વિચાર લાંબો સમય સ્થિર રહી શકતો નથી. એ જ્યારે આવે છે ત્યારે ઉતાવળથી આવે છે, અને એનું પરિણામ પણ ઝડપી જ હોય છે.

દેવદિન્નને થયું કે, અત્યારે જ તક સારી છે. સહુ પોતપોતાનાં કામમાં છે. હું આ તકનો લાભ લઇ લઉં, અને....

અને દેવદિન્ને સાગરના અગાધ જળરાશિમાં ઝંપલાવવાનો નિશ્ચય કરી નાંખ્યો.

મૃત્યુ કોઇને ગમતું નથી, પરંતુ અજ્ઞાનતાથી ઉભરાતી લાગણી જ્યારે પૂર્ણપણે ઉછળતી હોય છે ત્યારે આવું અપમૃત્યુ પણ આનંદદાયક જણાય છે!

દેવદિન્ને એ જ સમયે તુતકના કઠોડા પર પગ મૂકયો.

દૂરથી જોઈ રહેલી સરસ્વતી આ જોઇને ચમકી ઉઠી. તે લગભગ એક ઘટિકાથી ત્યાં ઉભી હતી અને સ્વામીને જોઇ રહી હતી. તેના હૃદયમંથનને માપવાનો પ્રયત્ન કરી રહી હતી.

પરંતુ હૃદયમંથનમાંથી આવું વિષ નીકળશે એવી તેણેય કલ્પના કરી નહોતી. તે બૂમ મારે તે પહેલાં જ દેવદિન્ને સાગરમાં ઝંપલાવ્યું, અને એ જ વખતે સોમદત્તરૂપી સરસ્વતીએ બૂમ મારી.

શેઠના અવાજથી બધા ચમકી ઉઠ્યા. સરસ્વતી દોડતી તુતક તરફ ગઇ; તેની પાછળ વહાણના ખલાસીઓ પણ ગયા.

સરસ્વતી જોઇ શકી કે, દેવદિન્ન સાગરના મોજાં સાથે અથડાઈ રહ્યો છે. વિચારનો સમય નહોતો. તેણે ચાલકને કહ્યું: "દેવદિન્નને ગમે તે ઉપાયે બચાવો! મોં માગ્યું ઈનામ આપીશ."

એકી સાથે સાત સાગરના ખેલાડીઓ કૂદી પડયા.

અને બીજાઓએ રાંઢવા નાંખવા માંડ્યા. મુનિમજી પણ આવી પહોંચ્યા. સરસ્વતીએ મુનિમજી સામે જોઇને કહ્યું: "કાકા, તમારા શેઠે સાગરમાં ઝંપલાવ્યું છે."

મુનિમજી કશું બોલી શકયા નહિં, ફાટી આંખે સાગર તરફ જોઈ રહ્યા.

અને થોડી જ વારમાં બે ખલાસીઓએ દેવદિન્નને પકડી લીધો. એ વખતે દેવદિન્ન મૂર્છિત બની ગયો હતો.

સરસ્વતીના હૈયામાં કંઇક આનંદ થયો.

અને તેના જ પુણ્યપ્રભાવે દેવદિન્નને વહાણમાં લાવી શકાયો.

સરસ્વતીએ પોતાના સ્વામીના કપાળ પર, છાતી પર હાથ મૂકયો. પ્રાણ ગયો નહોતો, છાતીનો થડકો બરાબર હતો. સરસ્વતીએ દેવદિન્નને પોતાના ખંડમાં લઈ જવાની આજ્ઞા કરી.

અને ચાલાક ખલાસીઓએ ઉદરમાં ભરાયેલા પાણીને બહાર કાઢવાની પ્રાથમિક ક્રિયા કરીને દેવદિન્નને શેઠના કક્ષમાં એક શય્યા પર સૂવાડયો.

સરસ્વતી એના એ પુરૂષવેશમાં સ્વામીની સેવામાં તત્પર બની.

દેવદિન્ન મૂર્છિત હતો.

—ક્રમશઃ

# પરકાજે પ્રાણાર્પણ

શ્રી બલવંતરાય પી. મહેતા

'દાદા, મને સંતાડી દો, નહિંતર લુંટારાઓ મારી કાયાને પીંખી નાંખશે.'

ઉનાળાની એ બપોર હતી, પૃથ્વીના પેટાળમાંથી ગરમીનો જ્વાળામુખી ફાટતો હતો. અવનીની આખી કાયા સૂર્યના પ્રચંડ તાપથી ધગધગતી હતી. પક્ષીજગતના ગગનસમ્રાટો પાંખ ફફડાવવાનું છોડી દઈને માળામાં ભરાઈ ગયા હતાં. સોરઠનો એ વિશાળ રસ્તો દિવસે પણ બિહામણો લાગતો હતો, એ વખતે કોઈ ભરવાડ યુવતી પરબના રખેવાળ પાસે યાચના કરતી હતી.

સોરઠના એ વિશાળ પંથ વચ્ચે આ એક જ પરબ હતી. પીપળાની મીઠી છાયા નીચે બંધાયેલું એ પરબ કોઈ વૃધ્ધ ડોશીની વાંકી વળી ગયેલ કાયાનો ભાસ કરાવતું હતું. ગિરનારની યાત્રાએ જતાં યાત્રિકોનું એ વિશ્રામસ્થાન હતું. પંથ કાપતાં કંઈક મહાનુભાવો એ પરબના મીઠા પાણીનો ઉપભોગ કરતા, અંતરના આશિષ આપી ફરી પોતાના રાહે સોપાન ભરતા, તરસના ભોગ બનેલાંઓ માટે એ કચ્છના વિરાટ રણમાં કલકલ વહેતાં ઝરણાં જેવું હતું. કોઈ કોઈ વાર ભૂખ્યાં પથિકોને પરબનો રખેવાળ રોટલાં ઘડી ખવરાવતો. ખરૂં કહીએ તો એ રૂડી અને રૂપાળી ઝુંપડીમાં પરોપકારનાં ઝરણાં વહેતાં.

જીવો ડોસો એ પરબનો રખેવાળ હતો. વીશ વીશ ઉનાળાથી એ લોકોને પાણી પાતો હતો. ગરીબ અને અમીર હોવાનો દાવો કરતાં લોકો એના હાથમાં રમી ગયા હતા. પાણી પીવરાવતા એના હાથ થરથર ધરૂજતા. બે ડગલાં ચાલવું એને મન હિમાલય ઓળંગવા જેવું હતું, તોયે એ અદમ્ય ઉત્સાહથી એક યુવાનને પણ શરમાવે એવી અનોખી અદાથી એની ફરજ બજાવતો. એના મેલાંદાક વસ્ત્રો જ ગરીબ હોવાનો દાવો કરતાં. એ મેલાંદાટ વસ્ત્રો પહેરીને જ ફાટલ-તૂટલ ગોદડાં પર સૂતો. છતાં એના અંતરમાં પવિત્રતાનો પ્રકાશ પૂર્ણ રીતે ઝળહળતો.

તપ કરતા સાધુની જેવી દાઢી, પાણકોરાંની ચોરણી, અને માથા પર ફાળીયું, આ એનો કાયાપોશાક હતો. એનું નિખાલસ દિલ ખરેખર પ્રશંસનીય હતું. કાવા-દાવા અને એની વચ્ચે એક તોતિંગ દિવાલ ખડી હતી. આ તો ભલો અને ભોળો જીવો ડોસો પરબમાં પરમાર્થની ગંગા વહેવડાવતો.

'દીકરી, મૂંઝા નહીં, આ ભોંયરાદ્વારા ગામમાં ચાલી જા.' આશ્વાસનનાં અમી પાતો જીવો ડોસો બોલ્યો.

જીવો ડોસો ભૂતકાલમાં કાઠીયાવાડના એક રાજાનો અંગરક્ષક હતો. તેથી સૌરાષ્ટ્રની રજેરજનો એ બરાબર વાકેફ હતો. એના પરબની પાછળ એક ભોંયરૂં હતું, જે ગામના પાદર સુધી જતું હતું. વાસનાના વરૂઓ સમા કઈક સત્તાખોરોના હવસમાંથી કઇક રૂપવતી નારીઓને એણે બચાવી હતી. આજ પણ એક નવયૌવના એના આશ્રયે આવી હતી. ક્ષણભરનો વિલંબ કર્યા વિના એણે ભોંયરા ભણી કદમ ભર્યાં. કાળી મજુરીના કરતલને શોભે એવી અજબ રીતે એણે ભોંયરા પરથી પત્થર ઉપાડી લીધો, અને ભોંયરૂં ખુલ્લું થયું. જીવા ડોસાના પગની

શરણુરજ લઈ એ યુવતી ભોંયરાદ્વારા ગામમાં ચાલી ગઈ.

યુવતી બાજુના ગામના પ્રતિષ્ઠિત ભરવાડની પુત્રી હતી. રૂપા એનું નામ હતું. ખરેખર રૂપામાં નામ પ્રમાણે રૂપ હતું. એના નાનકડાં વદન પર રૂપનો વિરાટ સાગર હિલોળા લેતો હતો. એ હસતી અને એના વદન ગગન પર રૂપની વિજળી ચમકયાંનો સૌને ભાસ થતો. લક્ષ્મીના જોરે નાચતાં કંઇક અમીરો આ રૂપનો ઉપભોગ કરવાનાં ગુલાબી સ્વપ્નો સેવતા, પણ રૂપા એના સ્વપ્નાની રાખ પણ હાથ લાગવા દે તેવી ન હતી. ખૂબ જ સંયમી અને તેજસ્વી હતી. ગુલાબી ચણીયો અને ભાતીગલ સાડલામાં સજ્જ થયેલી રૂપા. એના નિત્યના કાર્યક્રમ મુજબ બાજુના શહેરમાં દૂધ દેવા જેવી હતી. જંગલમાં દાદાગીરીનું સામ્રાજ્ય જમાવી ચૂકેલા લૂંટારાઓની વિકારી નજર રૂપાનાં સૌંદર્ય પર પડી, અને પોતાની રૂપ-લાલસા તૃપ્ત કરવા એણે રૂપાની પાછળ દોટ મૂકી. પણ હરણીની માફક કૂચ કરતી રૂપાને લૂંટારાઓ ન જ આંબી શકયા. ઓછામાં પૂરો એને ભોંયરાનો આશ્રય મળ્યો, પછી લૂંટારાઓની ઘોડાવેગી ઇચ્છાઓ ક્યાં કામ આવે ?

( ૨ )

'પ્રભુ પ્રભુ' જાણે કશું બન્યું જ નથી. એવું સ્વરૂપ ધારણ કરતો જીવો ડોસો પ્રભુના નામની ધૂન બોલવા લાગ્યો. સાથે સાથે એણે પાણી ગાળવાનું શરૂ કર્યું. દૂર-દૂર ધૂળની ડમરીઓ ઉડતી હતી, અને જીવા ડોસાનાં મનમાંય વિચારની ડમરી ત્વરિત ગતિએ ઉડતી હતી. નજદીકમાં કોઈનો પગરવ સંભળાતો હતો. દીકરીને મદદ કર્યાનો આનંદ એનાં મુખ પર તરવરતો હતો.

'એય, ડોસા ! છોકરીને ક્યાં સંતાડી છે ?' ડાકુનો સત્તાવાહી અવાજ સંભળાયો. એમાં ગર્વની છાયા હતી.

'હવે બકી મરને જલ્દી.' ટોળીનો સરદાર બોલ્યો.

'મને ખબર નથી.' જીવા ડોસાનો જવાબ સંભળાયો. જીવો ડોસો આજે જીંદગીમાં પહેલી વાર જ જૂઠું બોલતો હતો. જીવનના મહાસાગરમાં સંજોગોનાં પૂર ઉતરી આવે છે, અને એમાં માનવીની આદર્શનૌકા સત્ય અને અસત્ય વચ્ચે ઝોલાં ખાય છે. જીવા ડોસાની આદર્શનૌકા ખરેખર આજે મધદરીયે મૃત્યુ સાથે દાવ ખેલતી હતી.

'ડોસા, તને તારો જીવ વહાલો હોય તો તો છોકરીને બહાર (ઝુંપડીમાંથી) કાઢ.' ટુકડીનો નાયક ભયનું સામ્રાજ્ય ફેલાવતો હતો.

'અહિં કોઈ છોકરી આવી નથી, અને કદાચ આવી હોય તો ય તમારે શું ? ભૂતકાલના લૂંટારાઓ કદી સ્ત્રી પર હાથ ઉઠાવતા ન હતા. કદી સ્ત્રી તરફ ખરાબ નજરે નિહાળતા ન હતા. પણ આજના લૂંટારાઓમાંથી માનવતા મરી પરવારી છે. નહિંતર આમ ન બને.' જીવો ડોસો એક વક્તાને છાજે તેવી રીતે બોલતો હતો.

'ડોસા, અમારે તારૂં નીતિ-અનીતિનું શાસ્ત્ર નથી સાંભળવું. છોકરી કાઢે છે કે નહિં ? નહિંતર આ બંધુક સગી નહિં થાય.' ભયની ચિનગારી ચાંપતો ડાકુ બોલ્યો.

'તમારી એવી હજારો બંધુક મને નહિં ડરાવી શકે.' જીવો ડોસો ભયને એક છેડે મૂકી બોલતો હતો.

'સ ન ન ન .... .... ....'

# એ ધન્ય યુવાન !

શ્રી પ્રવીણ એમ. શાહ

"નવસા નવી હવેલી વાલા...." બૈરાઓ ગીત જમાવી રહ્યા હતાં. થોડેક દૂર શરણાઈ વાગી રહી હતી. બાળકો લગ્ન–અવસરમાં કિલકલાટ કરતાં આમથી તેમ દોડતાં હતાં. વૃદ્ધ તેમ જ મોટી વ્યકિતઓ માંડવામાં ગપાટા હાંકી રહી હતી. આમ હું સઘળે ઘૂમી લગ્નનું નિરીક્ષણ કરતો હતો.

સઘળે ઘૂમ્યા પછી મને વરરાજાને મળવાની ઇચ્છા થઇ. અને જ્યારે આટલું બધુ ઘૂમ્યો ત્યારે વરરાજા ન દેખાયા એટલે તો મારી તીવ્રતા ખૂબ વધી. વરરાજા અને એનો કહેવાતો આ સુંદર પ્રસંગ ! અરે ! એમનું હૈયું તો આજે જીવન–વસંતની બહારની માફક ખીલી ઊઠયું હશે. હા, એ તો ત્રણ કલાક પછી ઘોડે બેસી જવાના હતાંને....! એમને તો સઘળે માન, સઘળે કીંમત એટલે જ તો થયું લાવ વરરાજાનો આનંદ તો જોવા દે !

આમ વિશાળ ઘરની ઓરડીઓમાં ઘુમવા લાગ્યો. એક દાદરો, બીજો દાદરો અને ત્રીજો વટાવ્યો છતાં એ મોંઘેરા રાજા ન જ દેખાયા. હું પણ પગને વધુ સતેજ બનાવી ચારે બાજુ અને ખૂણે–ખૂણે તપાસવા લાગ્યો.

ચારે બાજુ ફર્યા પછી અચાનક નાનકડી ઓરડીનાં એક ખૂણે જઈ ચઢયો અને ત્યાંજ વરરાજાને આંખે અને હૃદયે ગાઢ આશ્ચર્ય સાથે જોયા, ઓહ ! એ દ્રશ્ય ? વરરાજા સામાયિકમાં મગ્ન હતા. એ કેમ ભૂલાય ! ત્રણ કલાક પછી તો એમનો વરઘોડો હતો, ગૃહ–સંસારની કેડીએ જવા વહુને ઘરે લાવવા જવાના હતા.

"આજના જમાનામાં વરરાજા બનનાર યુવક પ્રિયતમાને લેવા જવાનાં હોય છે ત્યારે દિવસ અગાઊ નહિ મહિના અગાઊ તૈયારી કરતા હોય છે. એનો આનંદ પણ એટલો જ હોય છે." આવો ભાઇ ! મારો ભાઇ ! આવા માનાર્થે બોલાતા શબ્દોથી એ ફુલાઇ જાય છે. કયાં એવા એ વરરાજા ! અને કયાં એક આદર્શ–ઘેલો ધર્મ–ધ્વજને લહેરાવતો અરિહંતમાં મગ્ન બનનાર આ વરરાજા કહેવાતો યુવાન ! કેવી સુંદર એની ભાવના ? એના વિચારો કેવા હશે ? આ દ્રશ્ય ખરેખર નાનકડા ત્યાગની ભાવનામાં ઝગમગતું હતું ! વરરાજા બનવું એટલે શું ભગવાનને ભૂલી જવા ? ના....ના....ના....સામાયિકમાં ધ્યાનમગ્ન આ યુવાનલોહીનો અવાજ હતો.

યાદ રાખો આ એક મારી કલ્પના નથી. સત્ય ચિત્ર છે, પ્રસંગ છે. ત્રણ કલાક પછી પરણવા જનાર ખંભાતનાં એક જૈન યુવાનનું ચિત્ર છે. જે ભૂમી પર વિપુલ પ્રમાણમાં આવેલા મંદીરો, ઉપાશ્રય છે. ચોરાશી વાવટાઓમાં કલ્લોલ કરતી એ ત્રંબાવટી, સ્થંભનતીર્થ અને આજનું સંબોધાતું ખંભાત-બંદર જે ધરતીના મંદીરો, ઉપાશ્રયો યુવાનનાં જીવનને

---

અને ડાકુની ગોળી જીવા ડોસાની છાતીને વિંધીને ચાલી ગઈ. પરમાર્થની પાવનકારી જ્યોત પ્રગટાવી એ માનવતાનો પૂજારી ભરનિદ્રામાં પોઢી ગયો. ડાકુઓ શબને પરબમાં જ મૂકી ચાલ્યા ગયા. પાછળથી ગ્રામ્યજનોએ એના દેહને અગ્નિદાહ દીધો.

આજે પણ એ શહીદની ખાંભી એના પરબાજે પ્રાણાર્પણની ગાથા ગાતી ઊભી છે.

# સાનમાં શિખામણ

શ્રી કલ્યાણ મિત્ર.

વિશ્વમાં બારીકાઈથી જોતા ઘણાઓના જીવનમાં જોવા મળે છે કે પોતાની પ્રવૃત્તિને સારી માની ઘણીવાર તેઓ ખોટી રીતે ફૂલાતા હોય છે. અને પોતાને મહાન ગણવા સાથે ધર્માત્મા તરીકેનો સંતોષ અનુભવે છે. સારી માનેલી પોતાની એ પ્રવૃત્તિ કેટલે અંશે સારી છે, સ્વ–પરનો વિકાસ કરનારી છે કે વિનાશ, એ દીર્ઘદૃષ્ટિએ જોવાની પુરસદ કે ઉંડાણથી વિચારવાની બુદ્ધિ એવાઓમાં ઓછા પ્રમાણમાં હોય છે. એમની એવી પ્રવૃત્તિઓ ઘણીવાર ઘણાઓના વિકાસને બદલે વિનાશને સર્જે છે. પરંતુ એ વસ્તુ વિરલ આત્માઓ જ સમજી શકે છે. માનથી અક્કડ બનેલા તેમને સાચી વસ્તુનો ખ્યાલ આપવાનું કાર્ય પણ દુઃશકય બની જાય છે.

સત્યની વાતો કરનારાઓ અને જોર–શોરથી સત્યનો સિધ્ધાન્ત સ્થાપનારાઓ પણ અસત્યને છોડી સત્યને સ્વીકારવાના પ્રસંગે જ ઘણીવાર મૂંઝાઇ જાય છે. છતાં ભારતની ભોમ હજી સૌભાગ્યવંતી છે. નિડરપણે અસત્યનો ત્યાગ કરી સત્યનો સ્વીકાર કરનારા નરરત્નોએ એના સૌભાગ્યને અખંડ રાખવામાં પોતાનો ફાળો નોંધાવ્યો છે.

એ એક નરરત્નની બોધક જીવન–ઘટના એવી બની હતી કે કોઇ સમૃધ્ધિ શહેરમાં તવંગર શેઠ રહેતા હતા એમને ત્યાં પુણ્યયોગે લક્ષ્મીની છોળો ઉછળતી હતી. પ્રેમાળ સ્ત્રી સુવિનીત પુત્રો અને સ્નેહાળ બંધુવર્ગના પરિવારમાં દિવસો પાણીના રેલાની માફક સુખ–ભોગમાં પસાર થાય છે. સુખ–સગવડો અને સાહ્યબી ભરપૂર છે, તેમ છતાં તે શેઠમાં પરલોકને પણ ભૂલી જવાની મોહાન્ધતા ન્હોતી.

'આ સાહ્યબી, આ સત્તા અને આ અમન–ચમન કયાં સુધી? પુણ્ય જાગતું છે ત્યાં સુધી. પુણ્યના આધારે મળનારી અને ટકી રહેનારી વસ્તુ પુણ્યનાશ પામે ચાલી જવાના સ્વભાવવાળી હોય છે. આત્મા અમર છે, પણ કાયા તો અમર નથી. આ કાયા મૂકીને બીજી કાયામાં અવશ્ય જવાનું છે, તો ત્યાં મારી કઇ સ્થિતિ?' આ વિચાર શેઠના મનમાં રમવા લાગ્યો.

પોતાનું ભાવિ ઉજ્જવલ સર્જાય, પુણ્યમાં વધારો થાય અને પરલોક સુખમય બને એ આશયથી શેઠે એક દાનશાલા ખોલી અને

---

ઘડતરરૂપ બન્યા હતાં. આની નોંધ પણ કેમ ન લઉં?

યુવાનનાં શબ્દો આજે પણ મારા અંતરમાં ગૂંજે છે. "સંસાર એ તો માયાનો મહેલ, કાચના ટુકડાની માફક જીવન કયારે તૂટી જશે એની ખબર કોને છે? તો પછી અંધ શા માટે બની જઇએ. ભલે સંસારી બનો પણ ધર્મને ન ભૂલો."

આજે પણ સંસારી કહેવાતા આ મુમુક્ષુ–ભાઇ પ્રભુની નજીક રહ્યા છે. ગૃહ–સંસારની બાબતો કરતાં ધર્મની બાબતમાં ખૂબ રચ્યા–પચ્યા રહે છે. જીવન પણ એટલી જ ભાવનાઓથી ઝુલાવે છે. અને જ્યારે જ્યારે આ ભાઇ નજરે ચડે છે. ત્યારે હૃદય બોલી ઉઠે છે. "ધન્ય છે, એ યુવાન!"

સેવકોને છુટે હાથે દાન દેવાનો આદેશ કર્યો, પણ લક્ષ્મીની મૂર્ચ્છા એટલી પ્રબળ હતી કે, એ દાનમાં અપાતી હતી સડેલી જુવાર !

શેઠ આ દાનશાળાથી ભારે ગૌરવ લઇ રહ્યા છે, સુકૃતનો ભંડાર ભરી રહ્યા છે, એવો ભાસ તેમને થવા લાગ્યો. પુણ્યવૃદ્ધિ પામી રહ્યું છે તેવી માન્યતા દઢ થઇ. અને ભદ્રિક જનતા પાસેથી ટુંક સમયમાં 'દાનવીર' નું બિરૂદ પણ પ્રાપ્ત થયું.

આ વાત નવી પરણીને આવેલી પુત્રવધૂને ખટકવા લાગી, એ હતી ખાનદાન કૂળમાંથી આવેલી પોતાના પિતાને ત્યાં ધાર્મિક અને વ્યવહારિક સુશિક્ષણને પામેલી. એને થાય છે કે, સસરાજી આ દાનધર્મ નથી કરતા પણ એક પ્રકારનો આ મોહનો જ નાચ છે. આમાં મારા સસરાજીને પાપ સિવાય શાની કમાણી થવાની ? સડેલી જુવારમાં કેટલા જીવોનો સંહાર ? આમાં સાચી નીતિમત્તા અને વ્યવહારશુધ્ધિ પણ ક્યાં રહી ? અને કુલમર્યાદાના હિસાબે આ વસ્તુમાં સુધારો લાવવા સસરા સાથે વાત કરવાની હિંમત નથી, અને સડેલી જુવાર આપવી બંધ કરાવવી છે, આ કોયડાના ઉકેલ માટે પુત્રવધૂએ એક કીમીયો રચ્યો.

દાનશાળામાં દીન-અનાથોને જે સડેલી જુવાર અપાય છે એના રોટલા આવતી કાલે બનાવજે અને શેઠના ભાણામાં પીરસજે, પુત્રવધૂએ રસોઇઆને કહી દીધું.

રસોઇઓ ગભરાયો, 'શેઠના ભાણામાં ખાંડવાળા ઘઉંની સુંવાળી ઘીથી તરબોળ રોટલીને બદલે આવો રોટલો ? શેઠ ગુસ્સે થાય, નોકરીમાંથી ઉતારી દે, એ કામ મારૂં નહિં." રસોઈઆએ ના પાડી, પણ અચકાતાં-અચકાતાં.

'શેઠ પૂછે તો મારૂં નામ દેજે.' પુત્રવધૂએ કહ્યું.

ઘરની રાણી પુત્રવધૂ હતી, એની આજ્ઞા પ્રમાણે તો વર્તવું જ રહ્યું. રસોઈઆએ બીજે દિવસે સડેલી જુવારનો રોટલો બનાવ્યો. અને શેઠ જમવા બેઠા. થાળીમાં ધીમે રહીને લુખ્ખો રોટલો પીરસ્યો. પોતાના ભાણામાં રોટલો જોઇને શેઠની ભ્રમર ઉંચે ચઢી ગઇ. રસોઇઆ સામે જોઇને શેઠ કહે છે: 'કેમ આમ ! આજે રોટલો ? શું ઘઉં ખૂટી ગયા છે ? કોણે કહ્યું તને રોટલા બનાવવાનું ?'

શેઠનો પ્રકોપ જોઇને થરથર કંપતા રસોઇઆએ જવાબ આપ્યો: 'આજે નવા શેઠાણીએ રોટલા બનાવવાનું કહ્યું હતું.'

સાંભળીને શેઠ સહેજ ઠંડા પડયા, પુત્રવધૂ ખાનદાન કુળની વિનય-વિવેકસંપન્ન, ઘરકાર્યમાં કુશળ, કારણ સિવાય આમ કહે નહિં, તેવી શેઠને ખાત્રી હતી.

પુત્રવધૂને બોલાવીને પૂછયું કે 'આજે શા કારણથી રોટલા બનાવવાનું કહ્યું.'

જવાબ આપતાં પુત્રવધૂએ ધીમા સ્વરે મૃદુ વાણીમાં વિનયથી કહ્યું:

'આપના માટે કર્યો છે, આપ થોડો થોડો ખાઓ, આખર આપને એજ મળનાર છે.'

શેઠ વિચારમાં પડયા; શાણી, વિવેકી વહુ આજે આ શું બોલે છે ?

એટલામાં ખૂલાસો કરતાં પુત્રવધૂએ કહ્યું: 'પિતાજી ! આપના તરફથી દાનશાળા ચાલે છે, એમાં દીન-અનાથોને સડેલી જુવારનું દાન અપાય છે, પરલોક માટે આ સુકૃત આપ કરી રહ્યા છો, આપ અહિં સડેલી જુવારનું દાન

# વિશ્વનાં વહેતાં વહેણો

શ્રી 'પ્રવાસી'

સમસ્ત ભારતની શાંતિને જોખમાવનાર રાજ્ય-પુનર્રચના પંચનો નિર્ણય એવા ચોઘડિયે પ્રસિદ્ધ થયો છે કે, એની પ્રસિદ્ધિ પછી નવા-નવા વિઘ્નો આવ્યા જ કરે છે. નવાં રાજ્યનિર્માણમાં હજુ કશું જ ચોક્કસ થતું નથી. મુંબઇને અંગે તેનું ભાવિ ક્યાં જોડવું ? તે માટે તો રોજ-બરોજ પરસ્પર વિરૂદ્ધ નિર્ણયો પ્રસિદ્ધ થતાં રહે છે. શંકરરાવ દેવ, વિનોબા ભાવે તથા જયપ્રકાશ નારાયણ જેવા સર્વદેશીય આગેવાનો પણ મહારાષ્ટ્ર પક્ષે ફેરવી તોલે છે, એ પણ એક આશ્ચર્ય જ ને ? મુંબઇ વિધાનસભામાં મધ્યસ્થ સરકારના આ બીલને અંગે સતત દિવસોના દિવસો સુધી ચર્ચા ચાલી, અને ભલ-ભલા કોંગ્રેસી મહારાષ્ટ્રીયનોએ પણ પ્રાંતવાદના ઝનૂનથી ઉશ્કેરાઈને દેશનું હિત ભૂલી પ્રદેશવાદમાં અંધ બનીને પોતાનાં ભાષણો કર્યાં જે દેશને માટે શરમરૂપ છે. તા. ૩-૪-૫૬ની મુંબઈ વિધાન પરિષદની બેઠકમાં વડા-પ્રધાન શ્રી મોરારજીભાઇએ સ્પષ્ટ રીતે જાહેર કર્યું છે કે, મુંબઇને મધ્યસ્થવહિવટ હેઠળ મૂકવાનો નિર્ણય એ ભારતસરકારનો અંતિમ અને અફર નિર્ણય છે, એમાં બે મત નથી. છતાં હજુ શ્રી દેવ મુંબઇનો મહારાષ્ટ્રમાં સમાવેશ થઇ જશે તેવી આશામાં છે, ખરેખર આશા અમર છે.

❋

તાજેતરમાં બ્રિટીશ પાર્લામેન્ટે બહુમતિથી ફાંસીની સજા રદ કરી છે. બીનસરકારી સભ્યોએ આ બીલ પાર્લામેન્ટમાં મૂક્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'ફાંસીની સજા એ સભ્યતા વિરૂદ્ધ માનવતાવિહોણું કાર્ય છે. જે રાજ્યસત્તા કોઇને જીવન આપી શકે નહિ, તે કોઇનાં જીવનને ખૂંચવી લે તે ગેરકાયદે કાર્ય છે. ઘણી વખત ગુન્હેગારને ફાંસીની સજા થયા પછી, પાછળથી પૂરાવાના આધારે તે નિર્દોષ હોવાનું સાબીત થાય છે. ત્યારે તેને શિક્ષા કરનાર ખરેખર મહાન ગુન્હેગાર બને છે. ને જેને ફાંસી અપાઈ ગઈ છે, તેને માટે રાજ્યનું ન્યાયતંત્ર કશું જ કરી શકવાને લાચાર હોય છે. પણ ન્યાયી રાજ્યતંત્રની એ ફરજ છે કે, 'કોઇ ગુન્હેગાર કદાચ છૂટી જાય તેની હરકત નહિ, પણ નિર્દોષ ન દંડાવો જોઈએ' એ દૃષ્ટિયે ફાંસીની સજા અન્યાયી તથા ઘાતકી છે. ફાંસી આપ-વાથી ગુન્હો કરનારને જીવનમાં કદિ પણ પશ્ચાત્તાપ કરીને પોતાનાં જીવનમાં પરિવર્તન કરવાનો અવસર રહેતો નથી. ગુન્હેગારના આત્માને પણ હૃદય છે, તેના હૃદયને ઢંઢોળવા માટે તક આપવી જોઇએ. આ બીલ પસાર થતી વખતે બ્રીટીશ સરકારે દરેક સભ્યોને મત સ્વાતંત્ર્ય આપ્યું હતું, અને સરકાર

---

આપો છો તો પરલોકમાં આપને પણ એના જ ભોજન મળવાનાં. કારણ કે શાસ્ત્રોક્તિ તથા લોકોક્તિ એવી છે કે, 'દાનાનુસારિણી પ્રાપ્તિઃ' 'વાવે તેવું લણે' તેથી એમ થયું કે, આવું ખાવામાં ત્યાં આપને મુશ્કેલ પડશે, જો થોડી થોડી ટેવ અત્યારથી જ પડી જાય તો ત્યાં સુખેથી ખાઇ શકાય, માટે આજે રોટલો બના-વવાનું કહ્યું હતું.

શેઠ પણ ચકોર હતા, વહુની ગંભીર રહસ્યથી ભરેલી ટકોર સાંભળી એમની સાન ઠેકાણે આવી, દાનશાળામાં સડેલી જુવાર બંધ કરાવી, સુંદર ધાન્ય વગેરે આપવા લાગ્યા.

સદ્બોધ આપવાની કેવી સુંદર કલા !

સુસંસ્કાર અને સુશિક્ષણ પામેલી કેવી એ આર્યબાલા !

અને સત્ય ગ્રહણ કરવા માટે કેવી એ શેઠની નમ્રતા !

પોતે સભ્યોના મંતવ્યને સ્વીકારી, આને અંગે યોગ્ય કરવા તૈયાર છે, તેમ સ્પષ્ટ કર્યું હતું. એટલે બહુમતિથી આ બીલ પસાર થઇ ગયું હતું. તે મુજબ આમની સભામાં પણ આ બીલ પસાર થઇ ગયું છે. એટલે હવેથી બ્રીટનમાં કોઈપણ ગુન્હેગારને ફાંસીની સજા નહિ થઈ શકે. ભારતમાં પણ મધ્યસ્થ વિધાન સભામાં એક સભ્યે ફાંસીની સજા રદ કરવા માટે ખરડો રજૂ કર્યો છે. આપણે ઇચ્છીએ છીએ કે, ગાંધીજી જેવા મહાન રાજદ્વારીના પગલે પગલે ચાલવા ઇચ્છતા આપણા ભારતીય રાજ્ય પુરૂષો હિંદમાંથી ફાંસીની સજાને રદ-બાતલ કરશે. તો મોડે મોડે પણ હિંદની પ્રતિષ્ઠાને અનુરૂપ કાર્ય માટે આપણે ગૌરવ લઇ શકીશું.

ભારતદેશ જેમ જેમ સ્વતંત્ર તથા શિક્ષિત બની વિકાસ કરતો જાય છે, તેમ દેશમાં લોકમાનસમાં અસહિષ્ણુતા વધતી જાય છે. નહિ ધારેલું અનિષ્ટ બને એટલે મગજ ઉપરનો કાબૂ ગુમાવી દેનારા માનવોની સંખ્યા આ કારણે વધતી રહી છે. મુંબઇ રાજ્યમાં જે સ્થળોએ ગાંડાઓની હોસ્પીટાલો છે. તેમાં સંખ્યા વધતી જ જાય છે. પુના-યરવડામાં ૧૨૫૦ ગાંડાઓ વધીને થતા. ત્યાં આજે ૧૮૦૦ છે. ધારવાડમાં ૨૨૦ રહેતા, ત્યાં ૩૨૫. થાણામાં ૪૦૦ થી કદિ આંકડો વધતો ન હતો, ત્યાં ૧૧૦૦. અને અમદાવાદમાં ૨૭૫ રહેતા. ત્યાં આજે ૪૨૫ છે. આમ કેવલ મુંબઈરાજ્યમાં ગાંડાઓની સંખ્યા કુદકે ને ભૂસકે વધતી રહે છે. આજે દેશમાં હમણાં-હમણાં જે તોફાનો, અને પ્રાંતવાદને ઉત્તેજનારા આંદોલનો થઈ રહ્યા છે. તે પરથી શું નથી લાગતું કે, ગાંડપણ હવે સામુદાયિક રીતે વધતું જ જાય છે!'

❀

જૈનસમાજમાં છેલ્લા ત્રીશ વર્ષમાં છ'રી પાળતા ચતુર્વિધ સંઘ સાથેના અનેક સંઘો નીકળેલા છે. હમણાં હમણાં વળી રેલ્વેના સંઘો પણ સંખ્યાબંધ નીકળી રહ્યા છે, પણ તાજેતરમાં વિજાપુર (કર્ણાટક) થી કુલ્પાકજીનો છ'રી પાળતો સંઘ એ એક વિશિષ્ટ કોટિનો સંઘ ગણાય. કર્ણાટકના તદ્દન અજાણ્યા પ્રદેશમાં ૩૦૦ માઈલનો વિકટ પાદપ્રવાસ કરીને આ સંઘ લગભગ ૨૮ દિવસમાં કુલ્પાકજી પહોંચેલ હતો. સેંકડો માઇલના વિસ્તારના પાદપ્રવાસ કરનાર આ સંઘને જોવા અનેક કર્ણાટકીલોકોના ટોળે-ટોળા આવતા. પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ આદિ સાધુઓ, પૂ૦ સાધ્વીજી આદિ સાથે યાત્રાએ નીકળેલો આ સંઘ, તે પ્રદેશમાં સર્વ પ્રથમ જ હતો. જૈનધર્મનો પ્રચાર કે પ્રભાવ વિસ્તારવા માટે આવા સંઘો એ ખરેખર પ્રબલ આલંબન છે. જો કે છેલ્લા લગભગ ૧૦ વર્ષથી સ્પેશ્યલ ટ્રેઇનોના સંઘો ઘણા વધી રહ્યા છે, પણ તેમાં યાત્રિકોને અનુકુળતા તથા સમયનો બચાવ કદાચ રહેતો હોય, એ બને! તેમાં કેટલીક સ્પેશ્યલો તો યાત્રા કરતાંયે આગ્રા, દીલ્હી, કાનપુર કે કલકત્તાનાં મ્યુઝીયમ, તાજમહાલ કે ઔદ્યોગિક પ્રદર્શનોનાં દર્શન માટે જ જાણે યોજાઇ હોય તેવું તેમાં જનાર યાત્રિકોના સમૂહનું વર્તન હોય છે. છતાં પૂર્વપ્રદેશના તીર્થોની એ રીતે જીવનમાં એક વખત સગવડ સચવાય તે રીતે ઉડતી સ્પર્શના થઈ જાય છે, એમ કહી શકાય. પણ છ'રી પાળતાં પાદવિહારદ્વારા જે યાત્રા સામુદાયિકપણે થાય છે, તેનો રસ, આનંદ તથા લાભ કોઇ ઓર જ હોય છે.

છેલ્લા પાંચ વર્ષમાં એવા નાના-નાના સંઘો શ્રી સિધ્ધગિરિજીની યાત્રાએ નીકળેલા જાણવામાં આવ્યા છે. જેમાં વઢવાણકેમ્પ, રાધનપુર, આંબાઘ (વાગડ) વગેરેના યાત્રિકસંઘો, શ્રી સિધ્ધગિરિજીની યાત્રાએ નીકળેલ હતા. તેમજ અઢવાડીયા પહેલાં ભાવનગરથી નીકળેલો સંઘ પણ ગણી શકાય હમણાં દોઢ મહિનાના ગાળામાં ઇડર-વડાલીથી અને મારવાડ-વિજાપુરથી રેલ્વેરસ્તે સિધ્ધગિરિજીની યાત્રા કરવા સંઘ નીકળ્યો હતો. એકંદરે જૈનસમાજમાં હમણાં-હમણાં સામુદાયિક યાત્રાનું મહત્ત્વ વધી રહ્યું છે, એમ કહી શકાય.

❀

ભારત સરકાર નિયુક્ત યોજના પંચની ગણત્રી મુજબ આગામી પંચવર્ષીય યોજનામાં બેકારી નિવારણ

માટે ૪૮ અબજનું ખર્ચ અંદાજ્યું છે, છતાં બેકારી નિવારણ થઇ શકશે નહિ, તેમ પંચની માન્યતા છે. આજે હિંદમાં નોંધાયેલા બેકારોની સંખ્યા ૫૩ લાખ છે. દર વર્ષે બે લાખ વધે છે, એટલે પાંચ વર્ષે ૭૩ લાખ થશે. જ્યારે જે ખર્ચ અંદાજ્યું છે તે ફક્ત ૨૫ લાખ બેકારોને ઉદ્યોગ આપી શકશે, એટલે પાંચ વર્ષે ૪૬ લાખ બેકારો રહેવાના. આ સ્થિતિમાં બેકારી નિવારણની યોજનાનું પરિણામ આશાસ્પદ તો ન જ કહી શકાય. આજના યાંત્રિક સાધનોની પાછળ ભારતદેશના ઔદ્યોગિકક્ષેત્રના આગેવાનો જ્યાં સુધી આંધળી દોટ મૂકી રહ્યા છે, ત્યાં સુધી બેકારી વધવાની જ છે. યૂરોપમાં માણસોની સંખ્યા ઓછી છે, માટે ત્યાં યાંત્રિક શક્તિનો વિકાસ અનિવાર્ય છે. અહિં માનવ અમાપ છે. એટલે યંત્રીકરણ કોઇ રીતે પાલવે તેમ નથી. એક યંત્ર વધે ત્યાં હજારો હાથ-પગ બેકાર બને, આ વસ્તુ સ્પષ્ટ હોવા છતાં ભારતના તંત્રવાહકો કેમ નથી સમજી શકતાં તે એક કોયડો છે.

❀

સૌરાષ્ટ્ર આપઘાત સમિતિએ તાજેતરમાં જાહેર કર્યું છે કે, '૧૯૫૨ થી ૧૯૫૫ સુધીના ત્રણ વર્ષમાં ૧૨૦૦ આપઘાતો સરકારી દફતરે નોંધાયા છે ! આનો અર્થ એક જ કે, ભારતના બધા પ્રદેશો કરતાં સૌરાષ્ટ્રમાં વસનારી પ્રજા કાયર, દુઃખને સહન કરવાની શક્તિથી પરવારી ગયેલી તેમજ માનસિક કાબુ નહિ ધરાવનારી હોવાનું અનુમાન થાય છે. માનવજન્મને પામ્યા પછી કોઇ પણ વ્યક્તિએ આવેશ, અકળામણ કે માનસિક દુર્બલતાને વશ બની દુઃખોથી પોતાની જાતને ઉગારી દેવાની વધારે પડતી કલ્પનામાં કદિયે આપઘાતનો માર્ગ નહિ લેવો જોઇએ. સાથે સમાજ કે દેશના શક્તિશાળી કાર્યકરોએ પ્રજાના એકે એક વર્ગને નિર્ભય બનાવવા તેનો સંપર્ક સાધી તેનાં દુઃખ-દર્દો મમતાભાવે ઓછા કરવા સજાગ બનવું જોઇશે. બાકી આપઘાત તપાસ સમિતિઓ નીમવામાં આવે કે સભાઓ ગજાવવામાં આવે એથી આ આપઘાતોની પરંપરા નહિ અટકે ! આપઘાત તપાસ સમિતિ સૌરાષ્ટ્રમાં સ્થપાઇ ચૂકે આજે મહિનાઓ થયા છતાં હજુયે સૌરાષ્ટ્રમાં દરરોજ બે-ત્રણ આપઘાતના બનાવો છાપાના પાને ચમકી જાય છે, એ કોનાથી અજાણ્યું છે ? આ માટે તો ખુરશીનો મોહ કે સભાઓ ગજાવવાનો યા છાપાઓમાં ભાષણો ભરવાનો લોભ જતો કરી સક્રિયપણે મન મૂકીને કાર્ય કરવું પડશે, તો જ પરિણામ સંતોષકારક આવવાનો સંભવ ખરો !

❀

ભારતસરકારે ૧૯૪૭થી દેશનું તંત્ર સ્વતંત્ર રીતે હાથમાં લીધા પછી સેંકડો કાયદાઓ, સંખ્યાબંધ ટેક્સો પ્રજા પર નાંખ્યા છે, જેની ગણત્રી કરવી મુશ્કેલ છે. જેથી કારભારને બદલે કરભાર અને રાજ્યવહિવટને બદલે કાયદાવહિવટ ભારતમાં ચાલી રહ્યો છે, તેમ કહેવાય. પણ આ કાયદાઓ કે કરો ધારાસભા પાસ કરે, એ જાણે અધૂરૂં હોય અને તંત્રચાલન અશક્ય બન્યું હોય ત્યારે ખાસ ઓર્ડીનન્સ દ્વારા હુકમ બહાર પાડવો પડે, જેને રાષ્ટ્રપ્રમુખનો વટહુકમ કહેવાય; આવા વટહુકમો છેલ્લા છ વર્ષમાં ૭૭ બહાર પાડવામાં આવ્યા છે, એમ એક સમાચાર પ્રસિધ્ધ થયા છે, ખરી વાત એ છે કે, જેમ કાયદાઓ ઓછા, તેમ રાજ્યતંત્રની શોભા. આ સત્ય આજે ભૂલાઇ ગયું છે. દિન-પ્રતિદિન કાયદાઓ કરવાની હરિફાઇ દરેક પ્રદેશની ધારાસભાઓમાં ચાલી રહી છે. જેનું પરિણામ કેવલ પ્રજારાજ્યને બદલે કાયદારાજ્યમાં આવવાનો સંભવ છે.

❀

મંદસોર ( મધ્ય ભારત ) ની કોર્ટમાં હરિજન મંદિર પ્રવેશનો એક કેસ ચાલી ગયો. જે જૈનસમાજના સર્વ કોઇ વર્ગને કાયદાની બારીકાઇ વિષે યોગ્ય માહિતી પૂરી પાડે છે. હકીકત એમ બની છે કે, મંદસોરના દિગંબર જૈનમંદિરમાં એક જૈનેતર હરિજન પ્રવેશ કરવા જતો હતો. તેને ત્યાંના દિગંબર જૈન શ્રી રતનલાલ ગંગવાલે જતા અટકાવ્યો. આથી ત્યાંની પોલીસે રતનલાલ ઉપર કેસ કર્યો; કેસ મહિનાઓ સુધી ચાલ્યો, ત્યાંના વિદ્વાન ડી૦ મેજીસ્ટ્રેટ જોશીએ તાજેતરમાં કેસનો ચૂકાદો આપતાં જણાવ્યું છે કે, 'જૈનેતર હરિજનને જૈનમંદિરમાં પ્રવેશ કરવાનો

પૂજા કરવાનો કે પ્રાર્થના કરવાનો હક્ક નથી. હરિજન એટલે વૈષ્ણવ ગણાય છે, તેથી જૈનો માટેના મંદિરમાં તેનો પ્રવેશ થઇ શકે નહિ, અધિકારની દૃષ્ટિયે તેનાથી પ્રવેશ કરી શકાય નહિ, માટે રતનલાલ જૈનને હું નિર્દોષ જાહેર કરી છોડી મૂકું છું.' મેજીસ્ટ્રેટે ફરિયાદ કરનાર પોલીસના વર્તનની સખ્ત શબ્દોમાં ટીકા કરી હતી. ભારતસરકારે પસાર કરેલું મંદિર પ્રવેશ બીલ પણ એક જ વસ્તુ સૂચિત કરે છે કે, 'જે સમાજ માટે મંદિર હોય, તે સમાજની કોઇપણ વ્યક્તિને તે મંદિરમાં અસ્પૃશ્યતાના કારણે રોકી શકાશે નહિ જૈનોને હિંદુ સમાજના શીખ, બૌધ્ધ ઇત્યાદિની જેમ સ્વતંત્ર ગણ્યા છે. એટલે હરિજન મંદિર પ્રવેશ બીલથી કોઇપણ જૈનેતરનો જૈનમંદિરમાં પ્રવેશ કરવાનો અધિકાર સિધ્ધ થતો નથી, એ હકીકત જૈનસમાજના સર્વ કોઇએ ખાસ સમજી લેવી ઘટે છે.

✽

મધ્યસ્થ સરકારે પસાર કરેલા કંપની બીલનો અમલ ચાલુ માસની પહેલી તારીખથી સમસ્ત ભારતમાં શરૂ થઇ ગયો, જે બીલ મેનેજીંગ એજન્ટો માટે મૃત્યુઘંટ જેવો છે. અત્યાર સુધી મોટી કે મોટી મોટી કંપનીઓના મેનેજીંગ એજન્ટો એહા-એહા જે ધૂમ નફો કરતા હતા, તેના પર આ બીલના આવવાથી સખ્ત ફટકો પડ્યો છે. પોતાની પુણ્યાઇના કારણે મીલએજન્ટો લાખ્ખો રૂપીઆ કમાતા હતા, છતાં ઉદારતા, ગરીબો કે દુઃખી દીનો પ્રત્યેની હમદર્દી, દયાભાવ ઈત્યાદિ તત્ત્વો તેમની સંપત્તિમાં દેખાતાં ન હતાં. કેવલ મોજ-મજાહ, અમન-ચમન, અને પોતાના પરિવારને એશ-આરામ આપવા સિવાય નજીકના પણ દુઃખી વર્ગ તરફ તેઓની દૃષ્ટિ દોડતી ન હતી. આના કારણે પુણ્યાઇ પરવારતી ગઈ. અને સરકારે કાયદાઓદ્વારા તેમની આવક પર અંકુશો મૂકયા. તાજેતરમાં અમલી બનેલા કાયદાથી મીલમાલિકોની આવક કેટલી બધી ટુંકી થઇ ગઈ, તે સમજવા માટે એક અમદાવાદની જ જો વાત કરીએ તોયે સમજી શકાશે કે, આ કાયદાએ મીલમાલિકોના ખીસ્સાનો ભાર કેટલો બધો ઓછો કર્યો છે. અત્યારસુધી અમદાવાદના મીલમાલિકો દર વર્ષે લગભગ ૨। સવા-બે ક્રોડની અંગત કમાણી કરતા હતા, તે હવેથી ફક્ત ૪૦ લાખ રૂપીઆનીજ કમાણી કરી શકશે. ખરેખર સંપત્તિ ચંચલ છે, એમ જે જ્ઞાનીપુરૂષો ફરમાવે છે, તે તદ્દન સાચું છે. હજુ પણ ભાગ્યશાલીઓ! ચેતો, અને જે મલે છે, તેમાંથી પણ સુકૃતના માર્ગે ખરચતા રહેજો! નહિંતર આવતી કાલ કેવી હશે? તે માટે સર્વજ્ઞ સિવાય કોણ નિશ્ચયાત્મક કહી શકે!

તા. ૫-૪-૫૬

---

'કલ્યાણ' માસિક ૧૩ મા વર્ષમાં પ્રવેશ કરે છે તે જાણી મારી અંતરને ઘણો આનંદ થયો છે. 'કલ્યાણ' હરહંમેશ આગળ બધે અને સમાજમાં નામના કાઢે એવી મારી મહેચ્છા દર્શાવું છું.

**ઓઆદુરમાન** **શ્રી રમણલાલ આર. શાહ**

✽

'કલ્યાણ'માં બાળકોથી માંડી પૂ૦ મુનિ-મહારાજો પણ લેખો લખી આપી સહકાર આપે છે, લેખો જ્ઞાન સાથે ગમ્મત આપે છે, અને નવરાશના સમયનો સદુપયોગ થાય છે, ગામેગામ આ માસિક જોવા મળે છે.

**પાલીતાણા** **શ્રી વ્રજલાલ રામનાથ મીસ્ત્રી**

## શાશ્વત સુખ — એન. એમ. શાહ

શાશ્વત સુખ વિષે ધર્મશાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે, એ આત્મામાં રહેલું છે. અલબત્ત એ વિષે મનુષ્યયોનિમાં જન્મ પામેલ પ્રત્યેક આત્માની ઈચ્છા પણ થાય એ સ્વાભાવિક છે. પરંતુ સુખની ઈચ્છા તો જગતમાં રહ્યા સર્વ જીવને પણ થાય છે. અહિં શાશ્વત શબ્દ વિચારવો જરૂરી છે. કારણ કે, દુનિયામાં પ્રાપ્ત થતાં અને કલ્પનામાં આવતાં સુખો ક્ષણવારમાં નષ્ટ થઈ, નવાં સુખને માટે ફરી કોશિષ કરવામાં આવતી જોવામાં આવે છે. આ શાશ્વત સુખ એટલે કે જે સુખ પછી અન્ય સુખની આશા ન રહે, જે પરિપૂર્ણ હોય, તે વ્યાખ્યા તો બાંધી, પણ એવું સુખ તે કયું ?

જ્ઞાનીઓએ આવું સર્વ પ્રકારનું સુખ મોક્ષમાં કહ્યું છે. પણ જે મોક્ષ વિષે સર્વ શાસ્ત્રોમાં ઘોષણા કરવામાં આવી છે, તે અત્યંત કઠિન છે, એમ સૂક્ષ્મ વિચાર કરતાં સહેજે જણાઈ આવશે. શરીરથી આત્મા જુદો છે, આત્મામાં સંપૂર્ણ જ્ઞાન ઇત્યાદિ ગુણો રહેલા છે, એ યથાર્થ હોવા છતાં એટલું જાણવું એ બસ નથી. કારણ કે, માનવને જે આ અલ્પ સમય મળે છે, એમાં એનું જીવન એના અનેક આ કાળનાં અને આ પહેલાં વ્યતીત થએલા કાળના સંસ્કારો એની પાસે હોય છે, તે સંસ્કારોની પકડમાંથી છુટવું એ વિકટ કામ છે. અલબત્ત જ્ઞાનીઓએ સંસારની દશા એવી દર્શાવી છે કે જે સમજમાં આવે તો સંસાર પર વૈરાગ્યના ભાવો સામાન્ય માનવહૃદયમાં પણ ઉપજ્યા વિના રહે નહિ. પણ જીવનમાં એ વૈરાગ્યને જમાવવો સહેલો નથી, એ પણ એટલું જ સત્ય છે.

એક બાજુ વૈરાગ્ય, શાસ્ત્રાભ્યાસ, તપ, જપ, પૂજા, ધ્યાન, સ્મરણ, ચિંતન વગેરે આત્મશુદ્ધિની સામગ્રીઓ અને બીજી બાજુ વ્યવહારના અનેક પ્રશ્નો, લગ્ન, મૃત્યુ, જન્મ, પ્રભુતા, ગાડી, ઘોડા, મોટર, દેશપ્રેમ, કુટુંબપ્રેમ ઈત્યાદિ પણ રહેલાં છે. એટલે સામાન્ય જનને શું કરવું એની સહજ પણ સૂઝ ન હોવાથી, વિવેકપૂર્ણ વિચારનો કેવળ અભાવ હોવાથી તેમજ અનાદિકાળથી અનભ્યાસ હોવાથી અજ્ઞાનને વશ બીજા માર્ગે જ અટવાઇ પડે છે, આમ શાશ્વત સુખને ઇચ્છતો હોવા છતાં એની સમ્યક્ સમજ નહિ હોવાથી, પોતાની પાસેમાં પાસે રહેલ એ સુખમય સ્વભાવથી એ હજારો યોજનો દૂર છે, એમ કહી શકાય.

વર્તમાનયુગમાં જ્ઞાનપ્રસારના સાધનો પાર વિનાના છે. રેડિયો, સાહિત્ય, વર્તમાનપત્ર, અને બીજી પણ અનેક પ્રકારની જ્ઞાનની શાખા—પ્રશાખાઓદ્વારા જ્ઞાનપ્રસાર, વિવિધ વિષયોનો વિવિધ રીતિએ થઇ રહ્યો છે, એમ છતાં બાહ્ય પ્રકારના જ્ઞાનમાં આ બધું જ ખપતું હોવાથી અને આંતર સમજ ઉકેલમાં મદદરૂપ નહિ થતું હોવાથી, માનવી સુખી થવાને બદલે દુઃખી બન્યો છે, એ કેટલી દુઃખદ બીના છે !

શાશ્વત સુખ એ સહજમાં નથી મળતું. એટલા માટે આ બાહ્ય અવલંબનો પણ નકારવાં જેવાં તો નથી જ, પણ એમાંથી ચેત ! ચેત ! ના જે ચેતવણી સૂરો નીકળે છે એનું પણ મનુષ્યે ચિંતવન કરવું જરૂરી છે. કેવળજ્ઞાન મેળવવું, સ્વરૂપમાં સમાવું, સ્વભાવમાં સ્થિર થવું, આજના પ્રલોભનકાળે નિષ્ક્રિયતા સેવી થવું અસંભવિત છે. બાહ્ય બનાવો જીવનને હલાવ્યા વિના ન જ રહે, ત્યારે સમતા ગુણનો અનુરાગી સહજ પણ કંપ નહિ પામે. વસ્તુતઃ વસ્તુ—આત્માને જુદી જુદી અપેક્ષાથી નિરખી, નિત્ય એવા સ્વગુણો પ્રત્યેની જાગૃતિ સેવવી, તથા અનાદિઅજ્ઞાનને ઠોકર લગાવવી, એ જ આ જન્મમાં કરવાનું એક કામ છે, જે સાચે જ ક્ષણે ક્ષણે શાશ્વતસુખ પ્રત્યે આત્માને લઈ જશે.

# ભગવાન મહાવીરની પરંપરા

— શ્રી અમરચંદ માવજી શાહ —

વીર સંવત ૨૪૮૨ વર્ષથી ભગવાન મહાવીરનાં શાસનની પરંપરા અવિચ્છિન્નપણે ચાલુ છે, તે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. પ્રભુ મહાવીરે જે શાસનની વ્યવસ્થિત સ્થાપના અને બંધારણ કરેલ છે, તે એટલું બધું પ્રમાણોપેત અને સુદ્રઢ છે કે, તેમાં કોઈપણ ફેરફાર ઇચ્છવો તે આપણી મતિમંદતાનું પ્રતિક છે.

ભગવાન મહાવીરે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, તેમાં સાધુ–સાધ્વીનો એક ભાગ અને શ્રાવક–શ્રાવિકાનો બીજો ભાગ. બન્ને વિભાગો માટેના ધર્મક્રિયાના આચારો સુંદર રીતે દર્શાવી સૌ–સૌના ક્ષેત્રની મર્યાદામાં રહી, પોતાનો આત્મવિકાસ સાધી શકે તેવું સુંદર માર્ગદર્શન આપ્યું છે.

ભગવાન મહાવીરની વાણી પ્રવાહબદ્ધપણે પરંપરાગત અસ્ખલિતપણે અદ્યાપિ પર્યંત વહેતી રહી અનેક ભવ્ય જીવોને ઉપકાર કરી રહી છે. આપણા સમાજ ઉપરનો આ પ્રવાહબદ્ધ ઉપકાર ખરેખર પરંપરાગત શ્રમણસમુદાયને આભારી છે. આજે પંચમકાળમાં આપણને ભલે બકુસ કુશલ મુનિરાજો જ લાભે છે, છતાં ભગવાન મહાવીરનાં શાસનને ટકાવવા માટેનો એ મુનિપુંગવોનો ભગીરથ પ્રયાસ જરૂર વંદનીય છે.

આપણે એક વખત અંતરમાં એક કલ્પનાનું ચિત્ર ખડું કરીને જોઇએ, સાધુસંસ્થારહિત આપણા સમાજનું દર્શન કરીએ તો ખરેખર આપણને જણાશે કે, આપણે અનાર્ય કરતાં પણ વધુ અધોગતિમાં હોત.

ભગવાન મહાવીરની વાણી જેમાં અબ્યાબાધ સચવાયેલી છે, એવાં આગમશાસ્ત્રો આપણા એ મહાન ઉપકારી આચાર્યવર્યોએ સાચવી રાખી આપણને અમૂલ્ય વારસો આપ્યો છે. આપણી પાસે જો એ આગમરૂપી દીવાદાંડી ન હોત, જો એ શાસનના સંચાલક મુનિવર્યોરૂપ કપ્તાનો ન હોત તો આપણી જીવનનૌકા ક્યાં અફળાતી હોત એ કલ્પવું મુશ્કેલ છે.

આપણે એ વાણીનો અને એના પ્રવર્તાવનારનો જેટલો અનાદર કરીએ છીએ, અને સ્વચ્છંદી બનીએ છીએ, તેટલો જ આપણા જીવનમાં અંધકાર વ્યાપે છે, અને આપણે અભિમાનથી અંધ બની અનેક જાતનાં સંસારના વમળમાં સપડાઇએ છીએ. ભગવાન મહાવીરના શાસનમાં માત્ર શ્રદ્ધાભાવથી, ઓઘદૃષ્ટિથી પણ પ્રવેશ કરનારનું જીવન અન્ય જીવન કરતાં ઘણું જ ઉચ્ચ કક્ષાનું હોય છે.

આપણા ધન્ય ભાગ્ય છે કે, હજારો રૂપીયાનો પગાર આપતા પણ ન સાંપડે તેવા ત્યાગી ધુરંધરો આપણને નિઃસ્વાર્થભાવે આપણા આત્માના ઉપકાર માટે સાંપડયા છે. તેઓનાં ગુણોમાં રાગી બની, આપણે ભક્તિ–ભાવનાનાં પ્રકર્ષથી આકર્ષાઇ ભલે બીજો ગમે તેટલો ખર્ચ કરીએ, એ તો આપણા આત્માની ઉન્નતિ માટે તથા શાસનની શોભા માટે છે. પરંતુ મુનિવર્યો તો એકાંત ઉપકારી દૃષ્ટિએ માત્ર જીવન જીવવા પુરતા જ ઘેર ઘેરથી ભિક્ષા લઇને, ટુકડે ટુકડો ભેગો કરીને, આહાર કરી પોતાનું સંયમ જીવન નિભાવે છે, અને માત્ર દેહને ઢાંકવા સફેત કપડાનાં ટુકડાઓ સીવ્યા વગરનાં દેહ ઉપર ઢાંકી, ટાઢ–તાપાદિથી સંયમદેહનું

રક્ષણ કરે છે. કાષ્ટનાં પાત્ર આદિ મામુલી વસ્તુઓથી પોતાનું ઉપજીવન ચલાવે છે. ગામેગામ પગે ચાલીને વિહાર કરે છે, અને ભગવાન મહાવીરનો સંદેશો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, નિષ્પરિગ્રહ આદિ મહાન આચારો અને ધર્મકર્તવ્યોનો ઉપદેશ સર્વત્ર વિસ્તારે છે. દુર્વ્યસનથી બચાવે છે, પાપકર્મથી છોડાવે છે, અને તત્ત્વજ્ઞાન જે આ જીવે અનાદિકાળથી સાંભળ્યું નથી તેનો નિષ્કામ ઉપદેશ કરે છે, અને સમાજનું શ્રેયઃ થાય, સમાજની ઉન્નતિ થાય, સુખ–શાંતિ પ્રાપ્ત થાય તેવાં પુણ્યકાર્યો, દયા–દાન આદિ શુભ કર્તવ્યો કરવા પ્રેરી, સમસ્ત જીવોનું કલ્યાણ થાય તેવી વાણી નિઃસ્વાર્થભાવે પીરસી આપણા ઉપર અમોઘ ઉપકાર કરે છે.

પોતે ચારિત્રનું યથાશક્તિ પાલન કરે છે, અને તેની છાયા સમાજ ઉપર પાથરે છે. હું બીડી–ચા પીતો હોઉં તો બીજાને બીડી ન પીવાનો ચા ન પીવાનો ઉપદેશ આપવાનો અધિકારી નથી, તેમજ ચારિત્ર વગરનાઓ ગમે તેટલો ઉપદેશ આપે તો તેની અસર કદાપિ સમાજજીવન ઉપર થવાની નથી.

જ્યાં સુધી આપણે વીતરાગ ન થઇએ, ત્યાં સુધી આપણે સૌ છદ્મસ્થ અવસ્થામાં જ છીએ, અને છદ્મસ્થ અવસ્થા પ્રમત્તભાવવાળી છે; ભૂલવાળી છે. તેમાં જો આપણે માત્ર ક્ષુદ્ર ભૂલો તરફ જ દૃષ્ટિ આપ્યા કરીએ તો જે મહાન ગુણોનો લાભ આપણે મેળવવો છે, તે ગુમાવી બેસીશું. હંમેશા જીવનવિકાસમાં ગુણગ્રાહી દૃષ્ટિ હોય, અનાગ્રહપણું હોય, સરળ પરિણામ હોય, પોતાના દોષ તરફ દૃષ્ટિ હોય, તો જ બીજાના ગુણો પ્રત્યે આકર્ષણ થઇ શકે છે, અને તે ગુણો પ્રાપ્ત કરી શકાય છે.

સાધુ સંસ્થામાં કાળદોષથી કાંઇક ઉણપ પણ હોય, કયાંક શિથીલતા પણ જણાય, તો તે વખતે આપણે વિચારવું જોઇએ કે, આપણામાં કેટલી ઉણપ છે? આપણામાં શ્રાવકના ૨૧ ગુણોમાંથી કેટલા ગુણો છે? આપણું વર્તન કેવું છે? આપણા આચાર કેવા છે? સાધુભક્તિ સંબંધમાં આપણે કેટલી ફરજ બજાવીએ છીએ? આપણી કયાં ઉણપ છે? આમાં આપણે કેટલા જવાબદાર છીએ? એ વગેરે જો તપાસીએ તો આપણને ખ્યાલ આવશે કે, સાધુસંસ્થામાં ઉણપ કે શીથિલતા આણવામાં આપણો પણ સામાન્ય હિસ્સો નથી.

આપણા સમાજમાંથી જ સાધુઓ થાય છે. ઘરબાર કુટુંબ પરિવાર પરિગ્રહ આદિ સર્વસ્વનો ત્યાગ કરીને ઉપાશ્રયોમાં વસે છે. કોઇને ઉપઘાત ન થાય તે રીતે પોતાનું જીવન ચલાવે છે અને પૂર્વના મહાન પુરુષોની અપૂર્વવાણી પોતે ભણીને, પચાવીને, તેનો રસ કરી આપણને મુક્તમનથી આપે છે. કોલેજનો એક પ્રોફેસર એક કલાક માત્ર ભાષણ આપે છે, તેનો કેટલો પગાર હોય છે! ત્યારે આ તો માત્ર નિઃસ્વાર્થભાવે જ આપણને વ્યાખ્યાનો સંભળાવે છે, આપણા આબાલવૃદ્ધ સૌને સત્ય દોરવણી આપે છે, આવા ઉપકારી ગુરુવર્યો પ્રત્યેની આપણી ઉપેક્ષા ખરી રીતે ઓછી જવાબદાર તો નથી જ. આપણા અનેક તીર્થો અને અનેક ખાતાઓને પોષણ જો મળતું હોય તો તે પણ તેઓશ્રીનાં ઉપદેશને જ આભારી છે.

આપણે હિસાબ ગણીએ તો આપણી વીસ

લાખની વસ્તીમાં માત્ર બે હજાર જ સાધુ–સાધ્વીઓ હશે એટલે દસ હજારે એક સાધુની શું આપણે છુટથી ભક્તિ ન કરી શકીએ ? શું આપણે એટલા બધા નિર્માલ્ય બની ગયા છીએ ? આમાં આપણી નબળી મનોવૃત્તિ જ જવાબદાર છે. આપણે જો લગ્નાદિ પ્રસંગોમાં હજારો રૂપીયા વાપરવામાં પાછી પાની કરતા નથી. ગર્વમાં માતા નથી, એવા શક્તિવંત છીએ, તો સાધુસંસ્થાના ઉત્કર્ષમાં કદાચ આપણો સમાજ ઉત્સાહથી જોડાઇને, ત્યાગભાવનાથી પોતાની લક્ષ્મીનો છુટથી સદુપયોગ કરે તો કેવું સુંદર ફળ આવે ! આવો સદ્વ્યય કરનારા સંખ્યાબંધ સદ્ગૃહસ્થો નીકળે તેમાં વાંધો લેનારા નીકળે તો તેમને વાંધો લેવાનો અધિકાર જ શો છે ? આપણી એ સાચી મુડીને સંભાળવામાં આપણી જે મુડી ખર્ચાય છે તે સાર્થક જ છે. કદાચ સોમાં દસ ગેરલાભ લેતા હોય તો પણ તેની ઉપેક્ષાવૃત્તિ જ રાખવી ઘટે. કારણ કે, શાસનના હીરા એ ખાણમાંથી જ પ્રકાશિત થવાના છે અને થાય છે, તે આપણે ભૂલવાનું નથી.

જ્યારે આપણે આપણી ફરજ સમજતાં થઈશું, આપણા સાધુસમાજને તેમના સંયમજીવનની જરૂરીયાતો વિવેકપૂર્વક આપવાની ભાવનાવાળા થઈશું, તેમના સંયમજીવનને વિકસાવવા માટે આપણે લાગણીથી સેવા બજાવીશું, તેમની ભૂલોને જાહેરમાં ખોટી રીતે હો–હા કર્યા સિવાય, પ્રેમપૂર્વક સમજાવવાની અને સંયમમાં દૃઢ રહેવા માટે બંધુભાવે પ્રેરણા કરીશું, તો જરૂર આ સંસ્થા એક આદર્શસંસ્થા બનવા પામશે, સુંદર બગીચો બનશે, અને તે સમાજને પણ શીતળતા અર્પશે. સાધુ કે સાધ્વીઓ આપણી પાસેથી માંગી માંગીને શું માંગશે ? પાનસોનો અંબર કે આલપાકનાં કોટ નહિં માંગે, આપણે ત્યાં રોટલી હશે તો માલપુવા નહિ માંગે, માંગશે માત્ર ટુકડો રોટલી, કટકો કાપડ, કે પુસ્તક–પેન, અને આ વિદ્યાર્થીઅવસ્થામાં પ્રાથમિક પ્રેમ ઉત્પન્ન કરવા માટે કદાચ આથી વિશેષ સારી ઇન્ડીપેનો કે ઘડીયાળો માંગે તો આપણે પણ આપણા બાળકો જે કોલેજમાં જાય છે તેને નહિ કમાતો હોવા છતાં આથી વિશેષ શું નથી આપતા ? જ્યારે તેનો ત્યાગ અભ્યાસ પછી સાચી સમજણવાળો થશે એટલે આપોઆપ એનો ત્યાગ કરશે. બાળકોને રમકડાં બાલ્યવયમાં આપવા પડે છે, તો સંસારી સર્વ વસ્તુઓનો ત્યાગ કરી, સંયમીજીવનની બાલ્યઅવસ્થામાં કદાચ સમાજ આટલો ભોગ આપે તો જેમ કોલેજમાંથી નીકળેલો વિદ્યાર્થી કુટુંબનો નાયક બને છે, તેમ આ સાધુઓમાંથી પણ એવા તરણતારણ મહાનપુરૂષો પ્રગટવાનો દરેક સંભવ છે. આપણે આપણી સાધુસંસ્થાની આશાતના કરતાં હવે અટકવું જોઇએ, અને તેનો કેમ વિકાસ થાય, તેમાં આપણે કઇ રીતે સહાયક બની શકીયે તે જ લક્ષ રાખવું કલ્યાણપ્રદ છે. ટીકા એવી ન હોવી જોઇએ કે, આપણી સાધુસંસ્થાની કીંમત ઘટી જાય. આપણા વીરશાસનના એ રક્ષકો છે. પૂર્વના મહાપુરૂષોના જે વચનામૃતો આપણને મળે છે, તે આ સંસ્થાને જ આભારી છે. જડવાદના ઘેરામાં સપડાઇ ઘેનમાં ને ઘેનમાં આપણે આપણી જાતને જ, આપણાં સમાજને આ વિઘાતક પદ્ધતિથી નબળો પાડી રહ્યા છીએ. આપણે સાધુસંસ્થાને કહેવાને હક્કદાર છીએ, પણ આપણી યોગ્યતા તેવા પ્રકારની હોવી જોઇએ. જૈનસાધુપણું એ આ જમાનામાં સામાન્ય

નથી, બહુ દુષ્કર છે. અને અત્યારે પણ એવું આકરૂં સંયમ પણ જે પળાય છે, તેવી જાતનું સંયમજીવન અન્યત્ર દુર્લભ જ છે. એ હકીકત સૌ–કોઇ સમજી શકશે. ભગવાન મહાવીરની પરંપરા સાધુસંસ્થા જેવી જીવતી–જાગતી, હરતી–ફરતી શાળાઓ આપણા સમાજને સાંપડી છે, તે પરમભાગ્ય છે. આપણે આપણા સાધુને સામેથી વસ્તુઓ માંગતા, ઓશીયાળા બનતા જોઇએ ત્યારે આપણે આપણી ફરજ ચૂકયા બદલ શરમથી મસ્તક નમાવવું જોઇએ. ભગવાન મહાવીરના સાધુ હાથ લાંબો કરે એવી સ્થિતિ ઉત્પન્ન કરનાર આપણા સમાજની શું શરમ નથી ?

આપણા સાધુસમુદાયની નિંદા કે ઉપેક્ષા કર્યા સિવાય તેનાં પરિણામ વર્ધમાન કરવા, આપણે યોગ્ય વિવેકપૂર્વક સહાયક બની, આપણી આ પરંપરાને ટકાવીએ. આપણી ભાવીપ્રજા માટે પણ આ વહેતું ઝરણું આશીર્વાદરૂપ છે. જેમણે સંયમ પાળવું છે, તેઓ તો આપણા આક્રોશ સહન કરશે, કષ્ટ સહન કરશે, પરંતુ તેથી આપણને જે થવો જોઇતો લાભ તો નહિં જ થાય, એ સ્પષ્ટ છે.

સાધુસંસ્થા નિર્નાયક છે, એમ કહેવાય.છે. તો આપણામાં પણ શું નિર્નાયક જેવી દશા નથી પ્રવર્તતી ? સાધુઓ પણ ગૃહસ્થને આંગણેથી જ આવે છે. ગૃહસ્થોના બાળકોથી જ સાધુસંસ્થાની પરંપરા ચાલે છે. એ ગૃહસ્થોનાં બાળકોને ધાર્મિક કેળવણી આપવામાં આપણે કેટલો રસ ધરાવીએ છીએ ? પાઠશાળામાં બત્તી બાળવાનાય પૈસા નથી મળતા. માસ્તરને પગાર આપવાના વાંધા છે, આવી સ્થિતિમાં આપણા તત્ત્વજ્ઞાનનો ધાર્મિક અભ્યાસ કયાંથી થઈ શકે ? આપણે કોલેજોની ફી કે ટ્યુશનોમાં મોઢે માંગ્યો ખર્ચ આપવા તૈયાર છીએ, પણ આપણા આત્મિકહિતના અભ્યાસમાં કયા માતા–પિતા રસ ધરાવે છે ? આમાંથી પૂર્વના સંસ્કારી આત્માઓ સાધુસંસ્થાને ખોળે આવે છે. અને તેમને એકડે એકથી શીખવવું પડે છે. એટલે ક્ષતિઓ દેખાય તેની ઉપેક્ષા કરવી જ કર્તવ્યરૂપ છે. આ સંસ્થાને જો આપણે પ્રહારો કરી ગુંગળાવી નાંખીશું, તો આપણો સમાજ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થશે. અને સાધુ શોધ્યા જડવા મુશ્કેલ બનશે.

ભગવાન મહાવીરના શાસનના ચાર પાયા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, એ ચારે પાયા મજબૂત સંગઠીત અને સહાયક બનશે, તો કોઇની તાકાત નથી કે, આપણા સમાજને કોઈ આંગળી ચીંધી શકે. પણ આપણે અંદર–અંદર ઇર્ષ્યાની આગો સળગાવીશું, તો જગતમાં આપણું મસ્તક ઉંચું રહેશે નહિં. આપણે આપણા ગજે સાધુસંસ્થાનું માપ કાઢવામાં જરૂર ભૂલ ખાઈશું.

આપણે સુધારાને નામે કુધારા ન કરી બેસીએ અને આપણી મુડીને ખોઇ ન બેસીએ તેનો ખ્યાલ રાખવો જરૂરી છે. આપણા ચરમ-તીર્થપતિ ભગવાન મહાવીરસ્વામીના જન્મ કલ્યાણક પ્રસંગે આપણે આ બાબતમાં ગંભીરતાથી વિચાર કરવાનો છે. આપણી અણસમજણથી થયેલી ભૂલો બદલ પશ્ચાત્તાપ કરવાનો છે. સિંહને વનની ઓથ અને વનને સિંહની ઓથની જેમ સાધુ તથા શ્રાવકોએ એક બીજાની ઓથે રહી, સમાજનો ઉત્કર્ષ સાધવાનો છે.

આપણા સમાજની કથળતી જતી હાલત કંગાળીયતનું કારણ આપણી સ્વામીભક્તિમાં આવેલી ઓટ છે. આપણે અંદરોઅંદર એક

બીજાની નિંદા કરવામાં જ મશગુલ બની ગયા છીએ. આપણે સમગ્ર દૃષ્ટિયે વિચાર કરીને, આપણી જે જે વિચારસરણીઓ જુદી જુદી દિશામાં મેળ વગરની વરતે છે, અને શક્તિ સમય અને ધનનો ખોટો વ્યય થાય છે, તેમાં યોગ્ય સુધારો કરી, આપણા આ ચારે પાયાને મજબુત કરવા માટે કટિબધ્ધ થવાનો સમય આવી પહોંચ્યો છે.

આપણા સમાજના ઉત્કર્ષમાં પણ સાધુ-સંસ્થાની અત્યંત આવશ્યકતા છે. આપણું એક અંગ જો નિર્બળ હશે તો આપણી ઈમારતને પડવાનો ભય છે. આપણને જૈનદર્શન જેવું સર્વોત્કૃષ્ટ દર્શન મહાભાગ્યે પ્રાપ્ત થયું છે, આ દર્શનને અનુસરવાવાળો દુઃખી હોય જ કેમ? પણ તેમાં આપણા પુન્યની કયાંક ખામી છે. આપણે જૈનદર્શનને જગતમાં પ્રસરાવવા ઇરાદો રાખીએ છીએ પણ આપણે જૈનદર્શનને પચાવવા માટે, અનુસરવા માટે કેટલા તૈયાર છીએ? દીવા નીચે અંધારૂં!

એક વખત સ્વ. શ્રી મોતીચંદભાઈ ગી. કાપડીયા તથા શ્રીમદ્ રાજચંદ્ર મુંબઈમાં પાલવા તરફ ફરવા જતા હતા, કોઈએ પૂછયું કે, એક જૈનનું પ્રમાણીકપણું કેવું હોવું જોઇએ? શ્રી રાયચંદભાઇએ હળવેકથી હાઇકોર્ટ તરફ આંગળી ચીંધીને જણાવ્યું કે, "હાઇકોર્ટનાં ન્યાયાધીશનાં પ્રમાણીકપણાથી એક જૈનનું પ્રમાણીકપણું ઓછું ન હોવું જોઇએ." અત્યારે એ આપણી છાપ કેટલી ભૂંસાઇ ગઇ છે, તે સમજવાની જરૂર છે.

ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘની પરંપરા અવ્યાબાધ ચાલુ રહે તેવી ભાવના-પૂર્વક મારા અંતરનો ઉભરો મહાવીરજયંતિ પ્રસંગે ઠાલવી વીરમું છું.

❀

# યોગબિન્દુ

— શ્રી વિદુર

[ લેખાંક ૮ મો ]

વ્યવહાર બે પ્રકારના છે, ૧ મુખ્ય અને ૨ ઉપચરિત.

મુખ્ય વ્યવહાર ઘટપટાદિ મુખ્ય અર્થના યોગે જ થાય છે. પણ ઉપચરિત વ્યવહાર પણ પ્રાયઃ મુખ્ય વસ્તુના વ્યવહારને અપેક્ષીને જ થાય છે. લોકમાં આ વાત જાહેર છે.

સાપરૂપ મુખ્ય અર્થ સિધ્ધ છે તો તેનો દોરડામાં ઉપચાર થાય છે. અગ્નિ-સિંહાદિ પદાર્થો તત્ત્વતઃ પ્રસિધ્ધ છે તેથી તેવી તેવી વ્યક્તિમાં તેનો ઉપચાર કોઇપણ સ્થળે કરાતો નથી. કારણ તે વસ્તુ જ નથી તેથી તેવો વાસ્તવ સ્થળે ઉપચાર થાય જ નહીં.

એટલે માનવું જ પડશે કે, જ્યારે જ્યારે ઉપચાર કરેલો હોય ત્યારે મુખ્ય વસ્તુ તો હોવી જ જોઇએ તે સિવાય ઉપચાર થાય જ નહિં.

હા! જે માત્ર કપોલકલ્પિત જ ઉપચારો હોય, જેમકે, "દેવોએ મેરુને રવૈયો બનાવી સાગરને મથ્યો" તે તો સર્વથા યુક્તિશૂન્ય છે, અવાસ્તવિક છે, માત્ર કપોલકલ્પિત છે તેમાં મુખ્ય વસ્તુનો વ્યવહાર આવશ્યક નથી તે તો અનાદિકાલીન મહા અવિદ્યાજનિત વાસનાના પ્રકોપથી જ ઉદ્ભવ્યા છે.

પણ જે વાસ્તવ ઉપચાર હોય, તે તો મુખ્ય વસ્તુના વ્યવહારથી જ જન્મે છે જેની મુખ્ય વસ્તુ હયાત ન જ હોય તેનો ઉપચાર થઈ શકતો જ નથી.

એટલે ઉપચારથી માની લેવામાં આવે, તો પણ મુખ્યવસ્તુ તો માનવી જ પડશે એ મુખ્યતત્ત્વ પોતાની સ્વાભાવિક યોગ્યતા જ છે તેના યોગે જ કર્મબંધાદિ

છે અને એથી જ સંસારાદિ છે.

આ રીતે માનવાથી જ વ્યવસ્થા ઘટી શકશે.

આ અધ્યાત્મ તત્ત્વમાત્ર આપાત-દર્શનથી નહિ કળી શકાય પણ તાત્પર્ય સમજવાથી કળી શકાશે. આ વાત ગ્રંથકાર મહર્ષિ સમજાવે છે કે-

**ऐदम्पर्यं तु विज्ञेयं, सर्वस्यैवास्य भावतः।**
**एवं व्यवस्थिते तत्त्वे, योगमार्गस्य सम्भवः ॥१६॥**

આ રીતે સકલ ગ્રંથનું પારમાર્થિક દૃષ્ટિથી ઐદમ્પર્ય સમજવું જોઇએ અને આત્માદિ તત્ત્વોની વ્યવસ્થા થાય, ત્યારે જ યોગમાર્ગ ઘટી શકે.

અર્થાત્ કોઇપણ ગ્રંથને માત્ર ઉપલક દૃષ્ટિથી નહિ વિચારતાં તે તે ગ્રંથનું પરમાર્થ દૃષ્ટિએ તાત્પર્ય સમજવું જોઇએ. એના હાર્દને પીછાનવું જોઈએ તો જ તત્ત્વનો વાસ્તવ નિર્ધાર થાય. પુસ્તકમાં યોગદર્શનનું તાત્પર્ય આ પ્રકારે છે:-

આત્મા, કર્મસંયોગ અને વિયોગાદિ તત્ત્વોને ઉપર્યુક્ત દૃષ્ટિથી યુક્તિપુરસ્સર માનવામાં આવે, તો જ યોગમાર્ગનો સંભવ છે. પણ આત્માની સ્વતોયોગ્યતા નહિ માનતાં મહેશાદિના અનુગ્રહાદિદ્વારા તેની વ્યવસ્થા માનવામાં આવે તો યોગમાર્ગનો સંભવ ઘટી શકશે નહિ.

અગર યુક્તિથી વસ્તુની સિદ્ધિ થતી હોય તો માત્ર નામભેદ બાધક બની શકતો નથી જેને માટે ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે:-

**पुरुषः क्षेत्रविज्ज्ञान-मिति नाम यदात्मनः।**
**अविद्या प्रकृतिः कर्म, तदन्यस्य तु भेदतः ॥१७॥**

આત્માનાં પુરુષ, ક્ષેત્રવિત્ યા જ્ઞાન એ પ્રકારે નામો અને આત્માથી અન્ય જડરૂપ કર્મના અવિદ્યા, પ્રકૃતિ, કર્મ આદિ નામો ભિન્ન ભિન્ન છતાં બાધક નથી.

**જૈન** અને **વેદાન્તિઓ** આત્માને **પુરુષ** માને છે, **સાંખ્યો ક્ષેત્રવિત્** માને છે, અને **બૌદ્ધો-જ્ઞાન રૂપ** માને છે, આ રીતે આત્માના નામભેદ છે અને આત્માથી અન્ય જે તત્ત્વ, તેના **બૌદ્ધ-વેદાન્તિક** મતે **અવિદ્યા, સાંખ્ય** મતે-**પ્રકૃતિ** અને **જૈન**મતે **કર્મ** આ રીતે નામભેદ છે..

કર્મસંયોગ તથા તથા અનુગ્રાહક ઇશ્વરના નામભેદ ગ્રંથકાર મહર્ષિ જણાવે છે.

**भ्रान्तिप्रवृत्तिबन्धास्तु, संयोगस्येति कीर्तितम्।**
**शास्ता वन्द्योऽविकारी च, तथाऽनुग्राहकस्य तु. ॥१८॥**

કર્મસંયોગના ભ્રાન્તિ, પ્રવૃત્તિ અને બંધરૂપ નામભેદ છે તથા અનુગ્રાહક ઇશ્વરના શાસ્તા, વન્દ્ય અને અવિકારીરૂપ નામભેદ છે.

**વેદાન્તિ** અને **સૌગતો** કર્મસંયોગને **ભ્રાન્તિ** નામે, **સાંખ્યો-પ્રવૃત્તિ** નામે અને **જૈનો-બંધ** નામે સ્વીકારે છે.

અનુગ્રાહકને **જૈનો-શાસ્તા** નામે, **સૌગતો-વન્દ્ય** નામે અને **શૈવ** તથા **ભાગવતો-અવિકારી** નામે સ્વીકારે છે.

તાત્પર્ય એ છે કે આત્મા, કર્મસંયોગ વિયોગાદિ તત્ત્વો યોગમાર્ગમાં ઉપયોગી છે, તે તત્ત્વોનું જૈનદર્શનમાં જેમ વિસ્તૃત વર્ણન છે તેમ ઇતરદર્શનમાં ય છે, માત્ર તેમાં નામભેદ છે.

પરમાર્થતઃ તત્ત્વ અબાધિત હોય, તો નામભેદ બાધક થઈ શકતો નથી. એક જ વસ્તુનાં અનેક નામો હોઇ શકે છે, તે બાધક નથી, માત્ર તે તે વસ્તુ યુક્તિથી સિદ્ધ થતી હોવી જોઈએ.

યુક્તિ એ છે કે, નામથી ગમે તે હો પણ આત્મામાં સંસાર-મોક્ષાદિની વાસ્તવ વ્યવસ્થા ત્યારે જ ઘટી શકે, જ્યારે આત્માને એકાન્તતઃ ક્ષણિક યા નિત્ય ન મનાય પણ પરિણામી નિત્ય મનાય. એટલે કે દ્રવ્યરૂપે અવિચ્યુત છતાં પર્યાયરૂપે અનિત્ય પણ હોય. એ આત્મા કર્મસંયોગી અને વિયોગી બને છે, તેમાં સ્વયોગ્યતા જ મુખ્ય કારણ છે. એ યોગ્યતા સ્વભાવભૂત છે, તેથી અનાદિકાલીન છે, અને એથી જ તેનાથી ઉદ્દભવેલ બંધ-કર્મસંયોગ પણ અનાદિકાલીન છે. પુનઃ એ યોગ્યતાના પ્રતાપે કર્મનો વિયોગ પણ થાય છે, અને તેથી મુક્તિ પણ સંભવે છે.

આ રીતે યુક્તિથી આત્માદિ તત્ત્વોને સ્વીકારવામાં આવે તો જ સર્વદર્શનકથિત યોગ ઘટી શકે. માટે યોગદર્શનકારોએ આત્માને આ રીતે જ માનવો જોઇએ.

યદ્યપિ આ રીતે આત્માની યોગ્યતા જ મુખ્ય કારણ સિધ્ધ થાય છે. તથાપિ કદાપિ માત્ર એક કારણથી કાર્યસિદ્ધિ થતી નથી, કિન્તુ કારણસામગ્રીથી કાર્યસિદ્ધિ થાય છે.

અંકુરની ઉત્પત્તિમાં બીજ મુખ્ય કારણ છતાં, માત્ર બીજથી અંકુરોદ્ભવ થતો નથી. કિન્તુ પૃથ્વી આદિ ઇતર કારણોની અપેક્ષા રહે છે, તેમજ સંયોગાદિમાં આત્માની યોગ્યતા મુખ્ય કારણ છતાં ઇતર કારણોના સમવધાનની અપેક્ષા રહે છે જ.

વાસ્તવ યોગસિદ્ધિ માટે ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કેઃ—

**साकल्यस्यास्य विज्ञेया, परिपाकादिभावतः।**
**औचित्याबाधया सम्य-ग्योगसिद्धिस्तथा तथा ॥१९॥**

ઉપર્યુક્ત આત્મા કર્મસંયોગ આદિના પરિપાકાદિના યોગે ઔચિત્યનો બાધ ન આવે તે રીતે તે તે અધિકાર મુજબ વાસ્તવ યોગ સિધ્ધ થાય છે.

અર્થાત્ કાળ બે પ્રકારના છેઃ ૧ ચરમાવર્ત્ત અને ૨ અચરમાવર્ત્ત જેમાં ગાઢ મિથ્યાત્વનો ઉદય હોય, સંસારનું જ અનુમોદન હોય, અને મુક્તિ પ્રતિ નિષ્પ્રયોજન પ્રબળ દ્વેષ હોય તે કાળ અચરમાવર્ત છે તેમાં આત્મામાં મિથ્યાત્વ અને અજ્ઞાનાદિનો અભ્યુદય હોય છે જ્યારે આત્મા અતિ નિર્બળ હોય છે. એ સમયે જીવમાં સ્વરૂપયોગ્યતા છતાં યોગપ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત થતો નથી, કારણ એનામાં ગુણપ્રાપ્તિ અંગે જે યોગ્યતા યા ભૂમિશુદ્ધિ હોવી જોઇએ તે હોતી જ નથી. તેથી જ ભાવિમાં તે જ આત્મા ગુણપ્રાપ્તિ કરનાર હોવા છતાં આ કાળમાં સર્વથા અયોગ્ય હોઈ, તેનામાં ગુણપ્રાપ્તિની લાયકી જ હોતી નથી. તેમાં કારણ કાળ છે. એ કાળ જ એવો છે, જેમાં ગુણાભાસ જ હોય પણ વાસ્તવ ગુણ ન જ હોય.

આથીજ એનામાં રુચિભાવ જ ન હોય. એનું ચિત્ત શુદ્ધ હોય જ નહિ એના પરિણામ શુદ્ધ નહિ હોવાના કારણે જ એને આગમ-વચન સમ્યક્તયા પરિણમે નહિ.

આ સબબેજ એનું અધઃપતન થયા કરે છે. નિર્બળ પર સબળ વિજય મેળવે છે. અને એને હંફાવે એ અનુભૂત છે. એ કાળમાં જીવ બીલકુલ નિર્બળ હોય છે. અજ્ઞાનના અંધારામાં રવડનાર હોય છે.

આમ છતાં કાળક્રમે એ મોહ મિથ્યાત્વાદિનું બળ ક્ષીણ થતું જાય છે. જેમ વસ્ત્ર પડયું પડયું જીર્ણપ્રાય થઈ જાય તેમ. આથી એની નિર્બળતા કમી થાય છે, એનામાં કંઇક આછો પ્રકાશ પથરાય છે એથી જ વાસ્તવ રવિ પ્રગટ થવાની યોગ્યતા પ્રગટ થાય છે. એ સમયે પરમાત્માની પણ એના પર મહેર થાય છે.

જો કે પરમાત્મા નિરંજન-નિરાકાર છે. તેઓને કોઈનાય પ્રતિ રાગ-દ્વેષ નથી બલ્કે સમભાવ જ છે. તેથી એઓની મહેર કે ખફગી હોઇ શકે નહિ, પણ પૂજક યા નિંદક પોત-પોતાના ભાવ મુજબ જ તે તે ફળને પામી શકે છે.

આમ છતાં શુદ્ધ ચિત્તે ઉપાસના કરનાર યોગ્ય જીવ જે ગુણાદિ પ્રાપ્ત કરે, તેમાં નિમિત્તભૂત તે પરમાત્મા છે, તેથી એ ગુણાદિની પ્રાપ્તિ એમના દ્વારા માનવી તેમાં કૃતજ્ઞતા છે. સુજનો કદાપિ ઉપકારને વીસરે નહિ, તેથીજ પોતે તેને ગુણાદિની પ્રાપ્તિમાં મુખ્યતયા પરમાત્માના જ અનુગ્રહને માને.

બાકી પરમાત્મા તો રાગદ્વેષથી સર્વથા રહિત છે.

પોતાના પ્રકાશથી નિર્મળ નયનવાળા પ્રકાશ પામી કાર્ય સાધે અને ઘુવડો છતી આંખે અંધા બને, એમાં સૂર્ય તો ઉદાસીન જ છે, છતાં કૃતજ્ઞ સજ્જનો હરગીજ સૂર્યના ઉપકારને વિસરે જ નહિ.

આ રીતે આત્મામાં ગુણપ્રાપ્તિની યોગ્યભૂમિકા મોહ-અવિદ્યાદિના બળનો હ્રાસ અને પરમેશ્વરનો અનુગ્રહ ઇત્યાદિના યોગે જીવમાં યોગપ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે.

એમાં કારણ એના તથાભવ્યત્વનો પરિપાક છે. પરિપાક એટલે તે તે કારણોની તે તે આલંબનોદ્વારા ફલજનન યોગ્યતા, ફલજનાર્થે અભિમુખતા.

જ્યારે જીવના તથાભવ્યત્વનો પરિપાક થાય છે ત્યારે જ યોગપ્રાપ્તિની ભૂમિકા પ્રાપ્ત થાય છે.

જીવનો ભવ્યત્વ એ પારિણામિક ગુણ છે. તે તે દ્રવ્ય-ક્ષેત્ર કાળાદિની અપેક્ષાએ તેનામાં પરિવર્તન થયા કરે છે, એ ભવ્યત્વના યોગે જીવમાં સિધ્ધસ્વરૂપ થવાની યોગ્યતા છે. એ ભવ્યત્વ જે જીવમાં ન હોય તેઓ અભવ્ય ગણાય છે. તેઓમાં મુક્તિની યોગ્યતા જ ન હોય તેમાં એ નાલાયકી સ્વભાવતઃ હોય છે. યોગ્ય સામગ્રીનો સમાયોગ થવા છતાં એ જીવો હરગીજ મુક્તિમાં જઇ શકવાના જ નહિ. કારણકે તેઓનું ફલ જ છેક અયોગ્ય છે. પણ તે તે સામગ્રીના સાંનિધ્યમાં જેઓ મલિનતા દૂર કરી શકે તેમ હોય તેઓ **ભવ્ય** ગણાય છે, એ ભવ્યતા તેને કાલાદિના યોગે ફલાભિમુખી બને છે, તેમાં કાળાદિ સહકારિ કારણો છે. મુખ્ય તો જીવની યોગ્યતાજ કારણ છે.

એ ભવ્યતા ભવ્યાત્માની એક રૂપ જ છતાં તેનાં સહકારિકારણભૂત કાળાદિ એક રૂપ હોતા નથી. એથી જ સમકાળે સહુની મુક્તિ નથી. આથીજ એ યોગ્યતા પણ વસ્તુતઃ ભિન્નભિન્ન માનવી રહી. અન્યથા સહકારિ કારણો પણ એક કાળે જ કેમ પ્રાપ્ત ન થાય ?

જે જે કાર્યના ઉત્પાદનમાં સમર્થ હોય છે, તે કાળક્ષેપ કરી શકતું જ નથી, બાકી કાર્યની ઉત્પત્તિમાંજ પરાપેક્ષિ હોય, તેને સમર્થ માની શકાતું નથી, કારણ માની શકાતું નથી.

આ રીતે તે તે સહકારિ કારણભૂત કાળાદિ સાપેક્ષ ભવ્યત્વ વિચિત્રફળપ્રદ બની શકે છે. આવું ભવ્યત્વ એજ તથાભવ્યત્વ અર્થાત્ તે તે કાળાદિ સામગ્રીના સહકારથી તે તે ફળપ્રદ ભવ્યત્વ એજ **તથા-ભવ્યત્વ.**

આ ભવ્યત્વ મુક્તિરૂપ કાર્યની સિધ્ધિનું કારણ છે, તેનો મુક્તિરૂપ કાર્યના ઉત્પાદથી વિનાશ થાય છે જેમ ઘટરૂપ કાર્યના ઉત્પાદથી ઘટપ્રાગ્ભાવનો ધ્વંસ થાય છે તેમ.

જેમ જેમ આ ભવ્યત્વ ખીલતું જાય છે અને ક્રમશઃ મોહ-અવિદ્યાદિનો હ્રાસ થતો જાય છે તેમ તેમ ક્રમશઃ નિર્મળતા પ્રગટ થતી જાય છે.

જેમ ઘટની ઉત્પત્તિ તે તે ક્રમશઃ સ્થાસ, શિવક, કુશૂલ આદિ અવસ્થા પ્રાપ્ત થયા બાદ થાય છે, તેમ જીવની મુક્તિ પણ તે તે ગુણની પ્રાપ્તિ થયા બાદ થાય છે. અર્થાત્ જીવની સર્વથા શુદ્ધિ ક્રમિક વિશુદ્ધિને આભારી છે. [ ચાલુ ]


| | |
|---|---|
| [ તપાવલિ ૧૬૨ તપોની વિધિ ] | ૧-૮-૦ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહિત | ૧-૧૦-૦ |
| બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૦-૧૨-૦ |
| જિનેંદ્ર સ્તવનાવલિ | ૧-૨-૦ |
| પ્રાચીન સ્તવનાદિ | ૧-૦-૦ |

**સોમચંદ ડી. શાહ - પાલીતાણા**

**✻ નૂતન સ્તવનાવલી ✻**

**[ સં. ૨૦૧૨ ની નવી આવૃત્તિ ]**

જેમાં આવારા, નાસ્તિક, નાગીન, શ્રી ૪૨૦, અનારકલી, આઝાદ વગેરે સીનેમા તર્જનાં ભાવવાહિ સ્તવનોનો સુંદર સંગ્રહ છે.

મૂલ્ય : પોસ્ટેજ સહિત પાંચ આના

લખો :- **સોમચંદ ડી. શાહ - પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

## નવા સભ્યોની શુભ નામાવલિ

૩૦) શ્રી રાયચંદ હરખચંદ એડનકમ્પ
૨૫) શ્રી રમણીકલાલ ઉજમશી મુંબઈ-૨
૨૫) શ્રી અમૃતલાલ નાનચંદ મલાડ
૨૫) એક સદ્‌ગૃહસ્થ તરફથી મુંબઇ શ્રી દેવચંદ જેઠાભાઇની શુભપ્રેરણાથી
૧૧) શ્રી જયસુખલાલ કપુરચંદ શેગાંવ
૧૧) શ્રી આદીશ્વરજી જૈન ટેમ્પલ પુના

પૂ૦ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી

૧૧) શ્રી રતિલાલ તારાચંદ અમદાવાદ
૧૧) શ્રી મંગળચંદ મોહનલાલ મુંબઇ-૨૭
૧૧) શ્રી દીપચંદભાઈ લલ્લુભાઇ મુંબઇ-૨
૧૧) શ્રી જેચંદભાઇ મંગુભાઈ મલાડ
૧૧) શ્રી બાલુભાઇ પોપટલાલ મુંબઇ-૩
૧૧) શ્રી ઝવેરચંદ પ્રેમચંદ બોરીવલી
૧૧) શ્રી સુગનલાલ આશકરણ કોચર ફલોદી

પૂ૦ મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી નીચેના પાંચ સભ્યો થયા છે.

૧૧) શ્રી શીવલાલ કીશનલાલ રહીમતપુર
૧૧) શ્રી શશિકાન્ત એન્ડ કું. રહીમતપુર
૧૧) શ્રી શીવલાલ હીરાચંદ સંઘવી સતારા
૧૧) શ્રી મહાવીર કલોથ સ્ટોર્સ સતારા-સીટી
૧૧) શ્રી દેવજીભાઇ કેશવજી કોરેગાંવ
૧૧) શ્રી કેશવલાલ તારાચંદ બોટાદ
૧૧) શ્રી વીરચંદ હજારીમલજી શીવગંજ
૧૧) શ્રી સુમનલાલ ભાઇચંદ અમદાવાદ
૧૧) શ્રી શાંતિલાલ રવચંદ કુન્થુગેર
૧૧) શ્રી વિજયકુમાર રતનચંદ કોલ્હાપુર

શ્રી ચીમનલાલ રતનચંદની શુભ પ્રેરણાથી

૧૧) શ્રી નેમીદાસ અભેચંદ મુંબઈ-૧
૧૧) શ્રી પાનાચંદ મોતીચંદ કોલ્હાપુર
૧૩) શ્રી ખેતશી મેપા હારીયા નૈરોબી

શ્રી તારાચંદ ડી. શાહની શુભપ્રેરણાથી

૧૩) શ્રી મેઘજી વીરપાળ હારીયા નૈરોબી

ઉપર મુજબની શુભ પ્રેરણાથી

૧૩) શ્રી પ્રેમચંદ ધરમચંદ એન્ડ કું. દારેસલામ

શ્રી દામોદર આશકરણની શુભ પ્રેરણાથી

❀

ડીસા, રાજપુર અને કોલ્હાપુરના સભ્યો અને ગ્રાહક બંધુઓ નીચેના સીરનામે લવાજમ ભરીને અમને જણાવશે તો પોસ્ટેજ ખર્ચ બચી જશે.

૧ શ્રી નાનાલાલ ચીમનલાલ શાહ
શાહપુરી—કોલ્હાપુર

૨ શ્રી ચીમનલાલ રતનચંદ
ડીસા--રાજપુર [ઉ. ગુજરાત]

❀


## પ્રાચીન તીર્થ ગાંધારની યાત્રાએ પધારો !

મૂળનાયક શ્રી અમીઝરા પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીના દર્શન કરી પાવન બનો ભરૂચથી એસ. ટી. ઉપડે છે. સમય બપોરના ૨-૩૦ વાગે ભરૂચ થી ગાંધાર અને સવારના ૯-૩૦ વાગે ગાંધાર થી ભરૂચ.

વિશેષ માટે લખો,
શ્રી ચુનીલાલ રાયચંદ
શ્રીમાલી પોળ - ભરૂચ

❀

## ટેક્ષેશન માસિક

ઈન્કમટેક્ષ, સેલટેક્ષ વગેરે કાયદાના રેટસ (દર) જાણવા સ્પષ્ટ અને વિગતવાર કોષ્ટકો તેમજ ઈતર જાણવા જેવી હકીકતો માટે વાર્ષિક લવાજમ રૂા. બે ભરી ગ્રાહક બનો.

લખો,
**વકીલ મણીલાલ વી. શાહ**
ઠે, દલા પટેલની ખડકી **વડોદરા.**

REGD. NO B 4925 KALYAN



## :: નવાં ★★★ ઉપયોગી ★★★ પ્રકાશનો ::

### : નૂતન સ્તવનાવલી :

સંવત ૨૦૧૨ ની નવી આવૃત્તિ. જેમાં આવારા, નાગીન, શ્રી ૪૨૦, આઝાદ, નાસ્તિક વગેરે અનેક સીનેમા તર્જનાં સ્તવનો છે. પોસ્ટેજ સહિત **પાંચ આના.**

### : પંચ પ્રતિક્રમણ વિધિ સહિત :

નવી આવૃત્તિ બહાર પડી ચૂકી છે. અંદર જોઇને પ્રતિક્રમણ કરી શકાશે.
મૂલ્ય ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ.

### : ગુરુભક્તિ-ગહુંલી-સંગ્રહ :

પૂજ્ય મહારાજ શ્રી જમ્બૂવિજયજીએ રચેલ નવા રાગોમાં ગહુંલીઓનો સુંદર સંગ્રહ: ૧૧૨ પેજ કિંમત **બાર આના** પોસ્ટેજ અલગ.

### : મૌન એકાદશીનું ગણણું અને દેવવંદન :

મૌન એકાદશીના ગણણા સાથે મૌન એકાદશીના વિધિ સહિત દેવવંદન.
પોસ્ટેજ સહિત **પાંચ આના.**

### પંચ પ્રતિક્રમણ મૂળ. [પોકેટ]

પોકેટ સાઇઝ પંચ પ્રતિક્રમણસૂત્રની નવી આવૃત્તિ બહાર પડી ચૂકી છે. ૪૦૨ પેજ પાકું હોલક્લોથ બાઇન્ડીંગ કિંમત ૧-૬-૦.

### : ચોસઠપ્રકારી પૂજા અર્થ સહિત :

પૂજ્ય પંડિત શ્રી વીરવિજયજી કૃત ચોસઠપ્રકારી પૂજાઓ અર્થ સહિત છે.
અને સાથે ૨૫ કથાઓનો સંગ્રહ છે. મૂલ્ય રૂા. **ત્રણ**

-: મેળવવાનું સ્થળ :-

**સોમચંદ ડી. શાહ.**

ઠે, જીવનનિવાસ સામે પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]